વર્ષ 2, અંક 01
01-15 જુલાઇ, 2021
નિઃશુલ્ક વિતરણ

# ન્યૂ ઈન્ડિયા સમાચાર



## વૈદ્યો નારાયણો હરિઃ

કોવિડ સંકટના સમયમાં ધરતી પર દેવદૂતની જેમ લોકોના જીવનને બચાવનારા ડોક્ટરોને રાષ્ટ્રીય ડોક્ટર દિવસ નિમિત્તે કૃતજ્ઞ રાષ્ટ્ર તરફથી નમન...



# એક રાષ્ટ્ર, એક બંધારણ-
# એક પ્રતીકના પ્રણેતા

ડૉ. શ્યામાપ્રસાદ મુખરજીએ સંયુક્ત ભારતનાં સ્વપ્નને સાકાર કરવા એક 'રાષ્ટ્ર, એક બંધારણ અને એક પ્રતીક'નું સૂત્ર આપ્યું હતું. ડૉ. મુખરજી 33 વર્ષની યુવા વયે કલકત્તા યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર નિયુક્ત થયા હતા. તેઓ સ્વતંત્ર ભારતના પ્રથમ મંત્રીમંડળમાં પણ હતા. 1953માં જ્યારે કાશ્મીર ખીણની મુલાકાત લેવા મંજૂરી લેવી પડતી હતી ત્યારે તેમણે ત્યાં જઈને 370મી કલમનો વિરોધ કર્યો હતો, જ્યાં રહસ્યમય સંજોગોમાં તેમનું અવસાન થયું. આ ઘટનાના 66 વર્ષ પછી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે 2019માં જમ્મુ કાશ્મીરનો વિશેષ દરજ્જો નાબૂદ કર્યો અને ડૉ. મુખરજીનું સ્વપ્ન સાકાર કર્યું. 6 જૂલાઈએ શ્યામાપ્રસાદ મુખરજીની 121મી જન્મતિથીએ ભાવપૂર્ણ શ્રધ્ધાંજલિ....

> ડૉ. શ્યામાપ્રસાદ મુખરજી માટે ભારતની એકતા અને અખંડિતતા સૌથી મહત્વની બાબત હતી. તેનાં માટે માત્ર 52 વર્ષની વયે તેમને પોતાનો જીવ ગુમાવવો પડ્યો. આપણે ડૉ. મુખરજીના એકતાના સંદેશને યાદ રાખવો જોઈએ. સદભાવ અને ભાઈચારાની ભાવના સાથે ભારતની પ્રગતિ માટે આપણે સાથે મળીને કામ કરીએ.
>
> - નરેન્દ્ર મોદી, વડાપ્રધાન

ન્યૂ ઈન્ડિયા
# સમાચાર

વર્ષ 2, અંક 01 01-15 જુલાઇ, 2021

**સંપાદક**
જયદીપ ભટનાગર,
મુખ્ય મહાનિદેશક,
પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો,
નવી દિલ્હી

**પરામર્શ સંપાદક**
સંતોષ કુમાર

**ડિઝાઈનર**
રવિન્દ્ર કુમાર શર્મા

**પ્રકાશક અને મુદ્રક**
સત્યેન્દ્ર પ્રકાશ,
મુખ્ય મહાનિદેશક, બીઓસી
(બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ
કમ્યુનિકેશન વતી)

**મુદ્રણઃ**
વિબા પ્રેસ (પ્રા.) લિમિટેડ
સી-66/3, ઓખલા ઈન્ડસ્ટ્રિયલ
એરિયા, ફેઝ-2,
નવી દિલ્હી-110020

**સંદેશાવ્યવહાર સરનામું અને ઈમેલ:**
રૂમ નંબર-278, બ્યૂરો ઓફ
આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન,
સૂચના ભવન, બીજો માળ,
નવી દિલ્હી-110003

response-nis@pib.gov.in

RNI No. : DELGUJ/2020/78810

# અંદરના પાને...



**કવર પેજ**
**પૃથ્વી પરના દેવતા**
રાષ્ટ્રીય ડોક્ટર દિવસઃ કોરોના મહામારી દરમિયાન દિવસ રાત સેવા કરીને લાખો લોકોના તારણહાર બન્યા ડોક્ટરો પેજ 10-17



**ડો. બી સી રોયઃ સામાન્ય માણસોના નેતા, જેઓ પોતાને મુખ્યમંત્રીને બદલે ડોક્ટર કહેવડાવવાનું પસંદ કરતા હતા** પેજ 09

વાચકો માટે **ક્વિઝ કોર્નર** પેજ 40

**વન નેશન-વન ટેક્સ**
**દેશનું આર્થિક એકીકરણ**




જીએસટીના અમલને ચાર વર્ષ પૂરાં થયાઃ વેપારીઓ, ગ્રાહકો માટે ફાયદાકારક

પેજ 26-31

**સમાચાર સાર** પેજ 04-05

**કોરોના સામેની લડાઈ**
ઝડપી રસીકરણ અને ટેસ્ટિંગ, ટ્રેસિંગ, ટ્રીટમેન્ટને કારણે કેસોમાં તીવ્ર ઘટાડો પેજ 18-19

**ફ્લેગશિપ સ્કીમ**
ડિજિટલ ઈન્ડિયાથી નવી ક્રાંતિ પેજ 20-23

**કેબિનેટના નિર્ણયો**
એમએસપીમા વધારો, રેલવેમાં પ્રવાસીઓની સલામતી માટે અત્યાધુનિક સિસ્ટમ પેજ 24-25

**આઝાદી કા અમૃત મહોત્સવ**
હંસા મહેતા અને દુર્ગાબાઇ દેશમુખઃ સ્વતંત્રતા સંઘર્ષમાં અમૂલ્ય યોગદાન પેજ 32-33

**G7, સીએસઆઈઆર, પર્યાવરણ દિવસ**
'એક પૃથ્વી એક સ્વાસ્થ્ય'નો મંત્ર પેજ 34-35

**ટોકિયો ઓલિમ્પિક્સ**
વિશ્વની સૌથી મોટી રમતગમત સ્પર્ધા માટે ભારતીય રમતવીરો સજ્જ પેજ 36-37

**અબ્દુલ હમીદઃ અસાલ ઉત્તાડના યુદ્ધનો હીરો**
પાકિસ્તાનની સાત ટેન્કોનો ખાત્મો બોલાવી દેનારા વીર જવાનની કહાની પેજ 38

**સકારાત્મક અભિગમ**
ઉમદા પહેલ કરનારી ઉદ્યોગસાહસિક મહિલાઓ પેજ 39



**વિદ્યાર્થીઓ સાથે વડાપ્રધાનનો સંવાદ**
શિક્ષણ મંત્રાલયના વર્ચ્યુઅલ કાર્યક્રમમાં અચાનક પહોંચીને વડાપ્રધાને વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો પેજ 6-8

# સંપાદકની કલમે

સાદર નમસ્કાર,

કોવિડ મહામારીની બીજી લહેર સામે ભારતે મક્કમતાથી લડત આપી. એપ્રિલ-મે દરમિયાન કેસોની સંખ્યામાં તીવ્ર ઉછાળો આવ્યા બાદ હવે ઝડપથી ઘટાડો નોંધાઈ રહ્યો છે. કેન્દ્ર સરકારના નિરંતર પ્રયાસોને કારણે તાત્કાલિક પગલાં લેવાતાં સકારાત્મક પરિણામો દેખાઈ રહ્યા છે. કેન્દ્ર સરકારે બીજી લહેર શરૂ થવાની સાથે જ રાજ્ય સરકારોને ચેતવણી આપી હતી, પણ કેસો વધવાનું શરૂ થતાં તેણે દેશ- વિદેશમાંથી વ્યવસ્થા કરીને રાજ્યોને ઓક્સિજન, દવાઓ વગેરેનો પૂરવઠો તાત્કાલિક પૂરો પાડવામાં કોઈ કચાશ ન રાખી. વિક્રમ સમયમાં આરોગ્યનું માળખું ઊભું કરવામાં આવ્યું.

અત્યંત જીવલેણ સ્વરૂપમાં મહામારીના પુનરાગમનનો અંદેશો આવતા કેન્દ્ર સરકારે રસીકરણની નીતિ બદલી અને રસીકરણ ઝૂંબેશ સરળતાથી ચાલે તે માટે રસીના ઉત્પાદનથી માંડીને પુરવઠા સુધીની સિસ્ટમ પર અંકુશ મેળવી લીધો. સરકારે 18 વર્ષથી ઉપરની દરેક વ્યક્તિને મફતમાં રસીકરણની જાહેરાત કરી અને સાથે સાથે ટેસ્ટીંગની ઝડપ પણ વધારી દીધી. દેશનાં 80 કરોડ નાગરિકોને મફતમાં અનાજ આપવા પ્રધાનમંત્રી અન્ન યોજનાને દિવાળી સુધી લંબાવવામાં આવી.

રાષ્ટ્રની સામૂહિક શક્તિ અને ફ્રન્ટલાઇન વર્કર્સની સેવા ભાવનાને કારણે આપણે ગંભીર કટોકટીમાંથી બહાર નીકળ્યાં. વિજ્ઞાનીઓ, ડોક્ટરો, નર્સ, ફ્રન્ટલાઇન વર્કર્સ કોરોનાની બીજી લહેર સામેની લડાઇમાં મહત્વની ભૂમિકા ભજવી રહ્યાં છે. કોરોનાના દર્દીઓને જીવતદાન આપનારા ડોક્ટરો દેવદૂતોથી ઓછાં નથી, જેમનાં પ્રત્યે દેશ હંમેશા કૃતજ્ઞ રહેશે. 1 જૂલાઇએ આપણે રાષ્ટ્રીય ડોક્ટર દિવસ ઉજવવા જઈ રહ્યા છીએ ત્યારે ડોક્ટરો અને કોરોના યોધ્ધાઓ પર આ અંકની કવર સ્ટોરી બનાવવામાં આવી છે, જેઓ આ મહામારીથી રાષ્ટ્રને બચાવવા પોતાનો જીવ જોખમમાં મૂકી રહ્યા છે.

1 જૂલાઇનું બીજું મહત્વ એ છે કે 2017માં આ દિવસે જીએસટીના સફળ પ્રારંભ સાથે દેશનું આર્થિક એકીકરણ કરવામાં આવ્યું હતું. જીએસટીના ચાર વર્ષ અને ડિજિટલ ઇન્ડિયા મિશનના છ વર્ષની સમાપ્તિ પ્રસંગે વિશેષ વાંચન સામગ્રી પણ આ અંકમા રજૂ કરીએ છીએ.

આ ઉપરાંત, પોતાને ડોક્ટર કહેવાડવવાનું પસંદ કરનારા મુખ્યમંત્રી અને ભારતરત્ન વિજેતા ડો. બિધાનચંદ્ર રોય અને પરમવીર ચક્ર વિજેતા અબ્દુલ હામીદની કહાની પણ વાચકોને રાષ્ટ્ર માટે નિઃસ્વાર્થ સેવા માટે પ્રેરણા આપશે.

અમૃત મહોત્સવ શ્રેણી અંતર્ગત આ વખતે ભારતની સ્વતંત્રતા લડાઈમાં યોગદાન આપનાર અને સફળ પ્રજાસત્તાકમાં મહત્વની ભૂમિકા ભજવનાર હંસા મહેતા અને દુર્ગાબાઇ દેશમુખના કાર્યો પર ઊડતી નજર કરીશું

કોવિડ પ્રોટોકોલનું પાલન કરીને સ્વસ્થ રહો, સુરક્ષિત રહો અને તમારા સૂચનો મોકલતાં રહો


સરનામું : રૂમ નંબર-278, બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન,
બીજો માળ, સૂચના ભવન, નવી દિલ્હી-110003

ઈમેલ : response-nis@pib.gov.in

(જયદીપ ભટનાગર)




# પ્રતિભાવ

એ જાણીને ગર્વ થયો કે કાર્બન પ્રદૂષણ ઘટાડવાના ભારતના પ્રયાસની વિશ્વભમાં પ્રશંસા થઈ છે અને આ અભિયાનમાં ભારત આગળ છે. આગામી દિવસોમાં આ મેગેઝીન વધુ લોકપ્રિય બને એવી આશા.

**તાપસ કુમાર સુર**
tapas.sur@gmail.com

સરકાર દ્વારા કરવામાં આવતા વિકાસ કામો અંગે વાચકોને અપડેટ અને માહિતગાર કરવામાં એનઆઈએસ મહત્વની ભૂમિકા ભજવી રહ્યું છે. સામાન્ય રીતે અભ્યાસક્રમનો હિસ્સો ન હોય તેવા વિષયો અંગે યુવાનોને શિક્ષીત કરવાનું કામ પણ પ્રશંસનીય છે. અનેક લોકો ઈન્ટરનેટની સુવિધા ધરાવતા નથી. આવા લોકો માટે ઓફલાઇન મોડમાં પણ જોઇ શકાય તેવી ડાઉનલોડ લિન્ક પૂરી પાડવા મારું સૂચન છે.

**અંકેશ કુમાર શર્મા**
ankesh.sharma@gov.in

આ એક વિશિષ્ટ મેગેઝીન છે, જે મોદી સરકારની નીતિઓ અને કાર્યક્રમોની માહિતી પૂરી પાડે છે. કેરળમાં અનેક લોકો આ નીતિઓથી માહિતગાર નથી. તેમને આ મેગેઝીનના માધ્યમથી કેન્દ્ર સરકારની યોજનાઓની માહિતી મળે છે. આ માહિતી આપવાનુ ચાલુ રાખો. અમે તમારા આ પ્રયાસમાં સફળતાની કામના વ્યક્ત કરીએ છીએ.

prkutty33@gmail.com

પર્યાવરણ અને તેની જાળવણીના મુદ્દાઓ પર ભાર મૂકવા બદલ સલામ છે. કોવિડ-19ના ભયમાંથી મુક્તિ, એમએસએમઇ સેક્ટરને વેગ આપવાના પ્રયાસ અને બાળ મજૂરીને નાબૂદ કરવાના પગલાં અંગેના લેખ ખૂબ ગમ્યાં.

**ચન્દ્રકાંત પ્રધાન**
chandrakantapradhan2014@gmail.com

હું તામિલનાડુમાં રહું છું. અમે બધાં મિત્રો સરકારી નોકરી માટેની પરીક્ષાઓની તૈયારી કરી રહ્યા છીએ, તેથી ન્યૂ ઈન્ડિયા સમાચાર નિયમિત વાંચીએ છીએ. ખરેખર આ બહુ સારું મેગેઝીન છે. એડિટોરિયલ ટીમે ખૂબ સારો પ્રયાસ કર્યો છે. અમારા વિસ્તારના વિદ્યાર્થીઓમાં આ મેગેઝીન ખૂબ લોકપ્રિય છે. સમસ્યા એ છે કે પીડીએફ ફોર્મેટ કમ્ફર્ટેબલ નથી, તો હાર્ડ કોપી મોકલજો.

**આનંદ**
avinashianands@gmail.com

## તમારાં સૂચનો મોકલો

**સંદેશાવ્યવહારનું સરનામું અને ઈમેલ**

રૂમ નંબર- 278, બ્યૂરો ઓફ આઉટરીચ એન્ડ કમ્યુનિકેશન, સૂચના ભવન, બીજો માળ, નવી દિલ્હી-110003

response-nis@pib.gov.in


# કોરોના સમયગાળામાં 20,000 સ્ટાર્ટઅપ સ્થપાયા

સ્વામી વિવેકાનંદે કહ્યું હતું, "યુવા અને આધુનિક પેઢીમાં મારો વિશ્વાસ છે. તેઓ સિંહની જેમ તમામ સમસ્યાઓનો ઉકેલ લાવી દેશે." તેમનાં આ શબ્દો નવા ભારતમાં, ખાસ કરીને કોરોના મહામારીમાં સાકાર થયા હોય તેમ લાગે છે. દેશનું અર્થતંત્ર ફરીથી પાટા પર ચડી રહ્યું છે. યુવાનોએ કોવિડ મહામારીમાં પણ ઈતિહાસ સર્જ્યો. 1 એપ્રિલ, 2020થી અત્યાર સુધી 20,000 સ્ટાર્ટ-અપને ડિપાર્ટમેન્ટ ઓફ પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ (DPIIT) દ્વારા માન્યતા આપવામાં આવી છે. આમાંથી 10,000 સ્ટાર્ટઅપ તો માત્ર છેલ્લાં 180 દિવસમાં સ્થપાયા છે. અત્યાર સુધી દેશમાં 50,000 સ્ટાર્ટઅપ માન્યતા આપવામાં આવી છે. ગયા નાણાંકીય વર્ષમાં માન્ય સ્ટાર્ટઅપ્સે દેશમાં 1.7 લાખ નોકરીનું સર્જન કર્યું છે.

ભારતને ઈનોવેટીવ લીડર તરીકે સ્થાપવામાં સ્ટાર્ટઅપ્સ મહત્વની ભૂમિકા ભજવી રહ્યાં છે. દેશનાં 623 જિલ્લાઓમાં માન્ય સ્ટાર્ટઅપ્સ ફેલાયેલા છે. દરેક રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશમાં ઓછામાં ઓછું એક સ્ટાર્ટઅપ છે. ગુજરાત, ઉત્તરપ્રદેશ, કર્ણાટક, દિલ્હી, મહારાષ્ટ્રમાં સૌથી વધુ સંખ્યામાં સ્ટાર્ટઅપ્સ છે. સૌથી વધુ સંખ્યામાં સ્ટાર્ટઅપ્સ ફુડ પ્રોસેસિંગ, એપ્લિકેશન ડેવલપમેન્ટ, આઈટી કન્સલ્ટિંગ અને બિઝનેસ સપોર્ટ સર્વિસિસ સેક્ટર્સમાં નોંધાયેલા છે. કુલ સ્ટાર્ટઅપ્સના 45 ટકાની માલિકી મહિલાઓ પાસે છે. રૂ. 10,000 કરોડનાં રોકાણની ફન્ડ ઓફ ફન્ડ્સ (FoF)સ્કીમ અને રૂ. 945 કરોડનાં ખર્ચે તાજેતરમાં શરૂ કરવામાં આવેલી સ્ટાર્ટઅપ ઈન્ડિયા સીડ ફન્ડ સ્કીમ (SISFS)નો હેતુ દેશમાં સ્ટાર્ટઅપ તંત્રને વેગ આપવાનો છે.

## 30 વર્ષથી ઓછી ઉંમરના લેખકો માટે 'યુવા' સ્કીમ શરૂ કરાયી

ભારતીય વારસો, સંસ્કૃતિ અને જ્ઞાનને પ્રોત્સાહન આપવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ યુવા લેખકોને માર્ગદર્શન આપવા માટે 'યંગ, અપકમિંગ એન્ડ વર્સેટાઈલ ઓથર્સ' (YUVA) સ્કીમ લોંચ કરી છે. આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણીના ભાગ રૂપે આ યોજના શરૂ કરવામાં આવી છે. શિક્ષણ મંત્રાલય હેઠળનું નેશનલ બુક ટ્રસ્ટ તબક્કાવાર રીતે આ યોજનાના અમલ પર દેખરેખ રાખશે. 'એક ભારત શ્રેષ્ઠ ભારત' હેઠળ સંસ્કૃતિ અને સાહિત્યનું આદાનપ્રદાન થઈ શકે તે માટે આ પુસ્તકોનું અન્ય ભારતીય ભાષાઓમાં આદાનપ્રદાન કરવામાં આવશે. 31 જુલાઈ સુધી યોજાનારી સ્પર્ધા દ્વારા કુલ 75 યુવા ભાવિ લેખકોની પસંદગી કરવામાં આવશે. સ્વતંત્રતા દિવસનાં રોજ વિજેતાઓની જાહેરાત કરવામાં આવશે. આ યુવા લેખકોને પ્રતિષ્ટીત લેખકો અને માર્ગદર્શકો દ્વારા તાલીમ આપવામાં આવશે. પ્રકાશિત થનારા પુસ્તકોનું 12 જાન્યુઆરી, 2022નાં રોજ યુવા દિવસનાં રોજ વિમોચન થવાની સંભાવના છે. લેખકોને છ મહિના સુધી પ્રતિ માસ રૂ. 50,000ની છાત્રવૃત્તિ આપવામાં આવશે.




## પ્રદૂષણ ઘટાડવા સરકાર 'પ્લાસ્ટિક હેકેથોન 2021' લોંચ કરશે

કેન્દ્રીય પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલય ભારતને સિંગલ યુઝ પ્લાસ્ટિકમાંથી મુક્ત બનાવવા કેટલાક પગલાં ભરી રહ્યું છે. વિદેશમાંથી આવતા પ્લાસ્ટિકના કચરા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ ઉપરાંત, સિંગલ યુઝ પ્લાસ્ટિક પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે, જેનાં માટે તમામ રાજ્યોને પ્લાસ્ટિકની ચીજોનો ઉપયોગ ન કરવા માટે જરૂરી માર્ગદર્શિકા આપવામાં આવી છે. સરકારે પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટના નિયમો નોટિફાય કર્યા છે, જે અંતર્ગત 40 માઈક્રોન્સથી ઓછી જાડાઈ ધરાવતા પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરી શકાય. ઝૂંબેશના ભાગ રૂપે જન જાગૃતિના નવા કાર્યક્રમો લોંચ કરવામાં આવી રહ્યા છે. કોલેજના વિદ્યાર્થીઓમાં ઈનોવેશનને પ્રોત્સાહન આપવા માટે પ્લાસ્ટિક હેકેથોન 2021નું આયોજન કરવામાં આવશે. તેનો હેતુ લોકોને પ્લાસ્ટિક કચરો ફેંકતા અટકાવવાનો અને તેને એકત્ર કરવાના નવા માર્ગ માટે પ્રોત્સાહન આપવાનો છે. પ્લાસ્ટિકના કચરામાંથી નવું શું બનાવી શકાય તે માટેના સંશોધનને પણ પ્રોત્સાહન આપવામાં આવશે. હેકેથોન સિંગલ યુઝ પ્લાસ્ટિકના વિકલ્પ પર પણ વિચારણા કરશે.



## રવી મોસમમાં નવો વિક્રમઃ લઘુતમ ટેકાના ભાવે ઘઉંની ખરીદી સર્વોચ્ચ સપાટીએઃ કૃષિ નિકાસ 17 ટકા વધીને 41 અબજ ડોલર

કોવિડ મહામારીની વિપરીત અસર છતાં કૃષિ ક્ષેત્રમાં તેજી છે. એક બાજુ, ભારતની કૃષિ નિકાસે નવો વિક્રમ સર્જ્યો છે, તો બીજી બાજુ, લઘુતમ ટેકાના ભાવે ઘઉં અને ડાંગરની ખરીદીમાં નવો વિક્રમ સર્જાયો છે. એપ્રિલમાં શરૂ થયેલી વર્તમાન માર્કેટિંગ સીઝનમાં અત્યાર સુધી 418 લાખ ટન ઘઉંની ખરીદી કરવામાં આવી છે, જેની પાછળ રૂ. 82,648 કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. આ ખરીદી ઝૂંબેશમાં આશરે 46 લાખ ખેડૂતોને લાભ થયો છે. પારદર્શિતા સુનિશ્ચિત કરવાના હેતુથી ખેડૂતોના ખાતામાં સીધું પેમેન્ટ કરવામાં આવ્યું છે. ઉત્તરપ્રદેશ, બિહાર, હિમાચલ પ્રદેશ, રાજસ્થાન અને ગુજરાત તથા જમ્મુ કાશ્મીરમાં ઘઉંનું વેચાણ હજુ પણ ચાલુ છે, જેનાથી આંકડો વધવાની સંભાવના છે. ગયા વર્ષે ટેકાના ભાવે 373.22 મેટ્રિક ટનની ખરીદી કરવામાં આવ હતી, જ્યારે 8 જૂન સુધી ડાંગરની ખરીદી પણ 8.16 લાખ મેટ્રિક ટનને વટાવી ગઈ છે. તેમાં, ખરીફ અને રવી સીઝનમાં 109 લાખ મેટ્રિક ટન ડાંગરનો સમાવેશ થાય છે. ડાંગરના ખેડૂતોને ખરીફ મોસમ દરમિયાન રૂ. 1.54 લાખ કરોડ ચૂકવવામાં આવ્યા છે. કોવિડ મહામારી દરમિયાન ભારતની કૃષિ નિકાસ વર્ષ 2020-21માં 41 અબજ ડોલરને વટાવી ચૂકી છે. જે અગાઉના વર્ષની સરખામણીમાં 17.34 ટકાનો વધારો છે. 2017-18માં કૃષિ નિકાસ 38.43 અબજ ડોલર, 2018-19માં 38.74 અબજ ડોલર અને 2019-20માં 35.16 અબજ ડોલર હતી.

## છેલ્લાં પાંચ વર્ષમાં ઉચ્ચ શિક્ષણમાં મહિલાઓની ભાગીદારીમાં 18 ટકા વધારો થયો

શિક્ષણથી સંભાવનાઓના દ્વાર ખુલી જાય છે. ભારતમાં છેલ્લાં પાંચ વર્ષમાં ઉચ્ચ શિક્ષણના આંકડા પર નજર નાખીએ તો, આ વાત સાચી ઠરે છે. 10 જૂનનાં રોજ શિક્ષણ મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા 'ઓલ ઈન્ડિયા સર્વે ઓન હાયર એજ્યુકેશન 2019-20' પ્રમાણે દેશમાં પીએચડી વિદ્યાર્થીઓની સંખ્યા 2020માં વધીને 2.03 લાખ થઈ હતી. 2015માં આ આંક 1.17 લાખ હતો. દેશમાં પીએચડી કરી રહેલા વિદ્યાર્થીઓની સંખ્યામાં ઉછાળો આવ્યો છે. મહત્વપૂર્ણ છે કે ઉચ્ચ શિક્ષણમાં મહિલાઓની ભાગીદારી પણ વધી છે.

2019-20ના શૈક્ષણિક સત્રમાં કુલ 3.85 કરોડ વિદ્યાર્થીઓએ ઉચ્ચ શિક્ષણમાં પ્રવેશ લીધો હતો. 2015થી 2019ના સમયગાળામાં પ્રવેશમાં 11.4 ટકાનો વધારો થયો હતો, જ્યારે આ જ સમયગાળામાં વિદ્યાર્થીનીઓ પ્રવેશમાં 18.2 ટકાનો વધારો થયો હતો. છેલ્લાં એક વર્ષમાં ઉચ્ચ શિક્ષણમાં 7,52,097 છોકરીઓનો વધારો થયો છે.



### દેશમાં ઉચ્ચ શિક્ષણમાં પરિવર્તન આવ્યું છે

- દેશભરમાં 14,16,299 શિક્ષકો છે, જેમાંથી 57.8 ટકા પુરષો અને 42.2 ટકા મહિલાઓ છે.
- 16 યુનિવર્સિટીઓ મહિલાઓને શિક્ષણ પૂરી પાડી રહી છે, જેમાંથી સૌથી વધુ ત્રણ યુનિવર્સિટી રાજસ્થાનમાં છે.
- ગ્રામીણ વિસ્તારોમાં 60.53 ટકા કોલેજો સ્થપાઇ હતી
- સૌથી વધુ પીએચડી વિદ્યાર્થીઓ વિજ્ઞાનમાં છે, એ પછી એન્જિનિયરીંગ અને ટેકનોલોજીનો ક્રમ આવે છે.
- અનુસ્નાતક વિદ્યાર્થીઓ માટે સમાજ વિજ્ઞાન સૌથી લોકપ્રિય વિષય છે. એ પછી મેનેજમેન્ટનો ક્રમ આવે છે. ■



# ‘યુવાનો દેશને ઊંચાઇ પર લઈ જશે’

## *વિદ્યાર્થીઓ સાથેના સંવાદ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી*

**કોવિડ મહામારી દરમિયાન બાળકોના આરોગ્યની ચિંતા કરીને કેન્દ્ર સરકારે સીબીએસઇની ધોરણ 12ની પરીક્ષા રદ કરવાનો સંવેદનશીલ નિર્ણય લીધો હતો. ધોરણ 10ની પરીક્ષા અગાઉ રદ કરવામાં આવી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વાલીની ભૂમિકા નિભાવીને આ જાહેરાત કરતાં વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને મોટી રાહત થઈ હતી. આ નિર્ણય પછી 3 જૂનનાં રોજ શિક્ષણ મંત્રાલયે વિદ્યાર્થીઓ અને તેમના માતા પિતા સાથે વર્ચ્યુઅલ સંવાદનું આયોજન કર્યુ હતું, જેમાં અચાનક વડાપ્રધાનનું આગમન સુખદ આશ્ચર્ય હતું. વડાપ્રધાને વિદ્યાર્થીઓ સાથે સીધો સંવાદ કર્યો હતો.**

વડાપ્રધાન સાથેના સંવાદ દરમિયાન વિદ્યાર્થીઓએ પોતાની ચિંતાઓ અને અભિપ્રાય મુક્ત રીતે વ્યક્ત કર્યા હતા. વડાપ્રધાને કોવિડ દરમિયાન પરીક્ષા, કોવિડ અંગેની તકેદારી અને તેમનાં ભાવિ અંગ વાત કરી હતી. વિદ્યાર્થીઓ અને વાલીઓએ નૃત્ય, યુટ્યુબ મ્યુઝીક ચેનલ્સ, કસરત અને રાજકારણનાં મુદ્દે વાતચીત કરી હતી. તેમણે વિદ્યાર્થીઓને સલાહ આપી હતી કે પરીક્ષા રદ કરવામાં આવી હોવાથી તેમણે સમયનો સદુપયોગ કરીને તેમના જિલ્લામાં બનેલી સ્વતંત્રતા સંઘર્ષની ઘટના પર રિસર્ચ કરીને ભારતની આઝાદીના 75 વર્ષ નિમિત્તે નિબંધ લખવો જોઇએ. બાળકો સાથે વડાપ્રધાનના સંવાદના અંશો અહીં પ્રસ્તુત છેઃ

**વડાપ્રધાન:** હું અચાનક આવી ચડ્યો. પણ હું તમને હેરાન નથી કરવા માગતો, કારણ કે તમે હસી-ખુશીના માહોલમાં હતા અને મને લાગ્યું કે તમને હવે પરીક્ષાનું સહેજ પણ ટેન્શન નથી. કેમ છો તમે બધાં? તમને પરીક્ષાનું ટેન્શન થાય છે?

**વિદ્યાર્થીઓ:** જી સર, ખરેખર થાય છે.

> “ભારતનો યુવાન સકારાત્મક અને વ્યવહારુ છે. નકારાત્મક વિચારોને બદલે તમે દરેક મુશ્કેલી અને પડકારને તમારી તાકાતમાં ફેરવી નાખો છો. આપણા દેશના યુવાનોની આ ખાસિયત છે. હોમ ક્વોરન્ટાઇનમાં પણ તમે કરેલા ઇનોવેશન્સ અને કંઇક નવું શીખવાને કારણે તમારામાં આત્મવિશ્વાસનો સંચાર થયો છે.”
> - નરેન્દ્ર મોદી, વડાપ્રધાન

**છેલ્લી ચાર-પાંચ પેઢીથી કોઇએ આવી મહામારી અંગે સાંભળ્યું નહોતું, પણ આ આપણા જીવનકાળમાં એ બન્યું. દરેક ભારતીય મક્કમતાથી કહે છે કે આપણે તેને હરાવીશું, આ કટોકટીમાંથી બહાર આવીશું અને નવી ઊર્જા સાથે દેશને આગળ લઈ જશું. મને વિશ્વાસ છે કે તમે જ્યાં પણ જશો ત્યાં આ જ રીતે સાથે મળીને દેશને નવી ઊંચાઇઓ પર લઈ જશો.**

**વડાપ્રધાન:** તો પછી મારું પુસ્તક કોઇ કામમાં ન આવ્યું, કારણ કે 'એક્ઝામ વોરિયર'માં મેં લખ્યું હતુ કે ક્યારેય ટેન્શનમાં ના રહેવું. તમે કેમ ટેન્શનમાં છો?

**વિદ્યાર્થીઓ:** સર, જો અમે રોજ પરીક્ષાની તૈયારી કરીએ તો ટેન્શન નથી થતું.

**વડાપ્રધાન:** ક્યારે ટેન્શન થાય છે?

**વિદ્યાર્થીઓ:** આમ તો કોઇ ટેન્શન નથી થતું. યુવાનોનું આરોગ્ય વધુ જરૂરી છે. તેથી, આટલો સરસ નિર્ણય લેવા બદલ અમે આજીવન તમારા આભારી રહીશું.

**વડાપ્રધાન:** હિતેશ્વર શર્માજી, પંચકુલામાં રહો છો? હું પણ ત્યાં સેક્ટર સાતમાં રહેતો હતો. ઘણાં વર્ષ ત્યાં રહ્યો છું.

**વિદ્યાર્થી:** જી સર, તમારું સમર્થન કરનારા ઘણાં લોકો અહીં તમને ફરીથી જોવા માગે છે.

**વડાપ્રધાન:** અરે, ભાઇ એ બતાવો કે તમે તો ધોરણ 10માં ટોપર હતા, તો બારમા ધોરણમાં પણ ટોપ પર આવવાની તૈયારી કરી હશે. પરીક્ષા રદ થઈ છે તો હવે શું કરશો?

**વિદ્યાર્થી:** સર. હું એ જ કહેતો હતો. અપેક્ષા તો હશે જ, પણ મને નિર્ણય ગમ્યો કારણ કે હું પરીક્ષા આપત તો દબાણ હેઠળ લખત. વળી, હાલમાં સ્થિતિ સારી નથી. તમે આ ખૂબ સારો નિર્ણય લીધો. હું માનું છું કે જે ટોપર છે અથવા તો ખૂબ મહેનત કરે છે, તેમની મહેનત કદી વ્યર્થ નથી જતી. એ જ્ઞાન હંમેશા તેની સાથે જ રહે છે. જે સતત ભણતો હોય છે તે ટોપર જ રહે છે, ગમે તે માપદંડ હોય. એમાં  એટલી બધી ચિંતા કરવાની જરૂર નથી. કેટલાંક લોકો કહે છે કે, ટોપર નિરાશ છે પણ હું માનું છું કે તમે ફરીથી પરીક્ષા આપી શકો એવી જોગવાઈ રાખી જ છે. આ વિચાર સમજી વિચારીને લેવાયો છે.

Q&A

**વડાપ્રધાન:** હજુ પરીક્ષાનો મુદ્દો તમારા મગજમાંથી હટ્યો નથી? તમે ઘરે છો, તેથી તમારા માતા પિતા બધું જ સાંભળતા હશે. તમારી પુત્રી પરીક્ષામાંથી મુક્ત થઈ ગઈ છે ત્યારે તમને કેવું લાગે છે?

**વાલી:** આ ખૂબ સારો નિર્ણય છે, કારણ કે સમગ્ર દેશમાં સ્થિતિ બહુ ખરાબ છે. વિદ્યાર્થીઓ ટેન્શનમુક્ત થઈ ગયા એ સારી વાત છે અને તેઓ પોતાની કારકિર્દી માટે સારી તૈયારી કરી શકશે.

**વડાપ્રધાન:** અચ્છા બાળકો. જ્યારે કેટલાંક લોકો પોતાની જાતને બહુ બહાદુર માને છે, પહેલવાન માને છે અને કહે છે કે, "હું માસ્ક નહીં પહેરું. હું આ નિયમનું પાલન નહીં કરું. હું આમ નહી કરું. ત્યારે તમને કેવું લાગે છે?"

**વિદ્યાર્થીની:** સર. આ નિયમને તો માનવો જ પડશે. તમે હમણાં કહ્યું એમ લોકો માસ્ક નથી પહેરતા, અથવા તો કોવિડના નિર્દેશોનું પાલન નથી કરતા ત્યારે નિરાશા થાય છે કારણ કે આપણી સરકારે આ મહામારી અંગે ખૂબ જાગૃતિ ફેલાવી છે છતા લોકો સમજતાં નથી. આ વાતનું ખોટું લાગે છે. હું તમારી સાથે એક વાત કરવા માંગું છું. મેં અને અમારા વિસ્તારના બાળકોએ કેટલાંક મહિના પહેલાં જાગૃતિ ઝૂંબેશ ચલાવી હતી. અમે શેરી નાટકો કર્યા અને કોવિડ નિર્દેશો અંગ લોકોને માહિતગાર કર્યા. મને લાગે છે કે આપણે આપણા સ્તરે પણ પગલાં લઇએ અને જવાબદાર બનીએ તો ઘણું પરિવર્તન આવી શકે છે.

**વડાપ્રધાન:** અચ્છા, હું એ જાણવા માગું છું કે તમે પરમ દિવસ સુધી, એટલે કે એક તારીખની સવાર સુધી એવા મૂડમાં હતા કે આજે આ ભણીશું, કાલે આ ભણીશું, સવારે પાંચ વાગે ઉઠીશું. ચાર વાગે ઉઠીશું, આમ કરીશું, તેમ કરીશું- બધું વિચાર્યું હશે. બધું ટાઇમ ટેબલ બનાવ્યું હશે. અચાનક બધું જતું રહ્યું. એક ખાલીપો આવી ગયો. તેને કેવી રીતે ભરશો?

**વિદ્યાર્થીની:** સર, મારે તમને 'એક્ઝામ વોરિયર્સ' પુસ્તક અંગે એક વાત કહેવી છે કે હું દસમાં ધોરણમાં હતી અને મારી પરીક્ષા થવાની હતી. હું કોલકતાથી અહીં આવી રહી હતી ત્યારે એરપોર્ટ પર તમારું પુસ્તક જોયું. મેં તરત જ તેને ખરીદી લીધું અને એક મહિના સુધી તે વાંચ્યું. તમે પુસ્તકના પ્રારંભમાં લખ્યું છે કે, પરીક્ષાને તહેવારની જેમ મનાવો. તો સર, તહેવાર માટે ડરવાની શી જરૂર છે? મતલબ, તહેવાર માટે તો આપણે તૈયારી કરીએ

**આ વર્ષ આઝાદીનું 75મું વર્ષ છે. સ્વતંત્રતા સંઘર્ષ દરમિયાન તમારા જિલ્લામાં બનેલી ઘટના અંગે નિબંધ લખી શકો? પર્યાવરણ માટે કંઇક કરો કારણ કે પૃથ્વી અને પ્રકૃતિને બચાવવાની આપણી જવાબદારી છે. આંતરરાષ્ટ્રીય યોગ દિવસ પણ આવી રહ્યો છે. આ પ્રસંગે પરિવાર સાથે યોગાભ્યાસ કરો. અનેક મેચો છે. ઓલિમ્પિક્સ પણ યોજાવાની છે. ઓલિમ્પિક્સમાં ભારત તરફથી કોણ ભાગ લેવાનું છે એ તમારે જાણવું જોઇએ.**

Q&A

**વડાપ્રધાનઃ** આપણા દેશમાં કહેવાય છે કે 'હેલ્થ ઇઝ વેલ્થ'. શારીરિક તંદુરસ્તી માટે તમે શું કરો છો? એ માટે કેટલો સમય પસાર કરો છો અને શું કરો છો?

**વિદ્યાર્થીઓઃ** સર. હું રોજ  સવારે મારા ભાઇ સાથે 30 મિનિટ માટે યોગ અને અન્ય કવાયતો કરું છું.

છીએ, જેથી તે સારી રીતે મનાવી શકાય. તમે પુસ્તકનું સમાપન યોગના મંત્ર સાથે કર્યુ હતું. આ બે બાબતો મને યાદ રહી ગઈ છે.

**વડાપ્રધાનઃ** અચ્છા. મારા સવાલને જવાબ રહી ગયો અને એક યુવક સતત હાથ ઉપર કરી રહ્યો છે. તેમને બોલવાની તક નથી મળી. હા, બતાવો.

**વિદ્યાર્થીઃ** સર, મારું નામ ચંદન હેગડે છે. મેં વિચાર્યું કે આ પરીક્ષા મારી જીંદગીની અંતિમ પરીક્ષા નથી. આગળ ઘણી બધી પરીક્ષા આવવાની છે. અત્યારે તો આપણાં આરોગ્યને બચાવી રાખવાનું છે અને ભવિષ્યમાં આવનારી પરીક્ષાઓનો સામનો કરવાનો છે.

**વડાપ્રધાનઃ** અચ્છા, હવે પરીક્ષામાંથી મુક્તિ મળી ગઇ, તો હવે તમારો સમય ક્યાં પસાર કરશો? આઇપીએલ જોવામાં કે ચેમ્પિયન્સ લીગની ફાઇનલ જોવામાં કે ફ્રેન્ચ ઓપન જોવામાં કે પછી જુલાઇથી શરૂ થઈ રહેલાં ઓલિમ્પિક્સમાં? ઓલિમ્પિક્સમાં ભારતમાંથી કોણ ભાગ લેવાનું છે? તેમની પૃષ્ઠભૂમિ શી છે? કે પછી તમે 21 જૂને આવનારા યોગ દિવસ માટે વિચારશો?

**વિદ્યાર્થીઃ** બધું જ સર.

**વડાપ્રધાનઃ** આ ચશ્માવાળી છોકરી કંઇક કહેવા માગે છે. તેને તક નથી મળી રહી.

**વિદ્યાર્થીનીઃ** નમસ્કાર સર. જેવી ખબર પડી કે અમારી પરીક્ષા રદ કરવામાં આવી છે તો અમને બહુ ખુશી થઈ કે છેવટે એક દબાણ ઓછું થયું. હવે એ સ્પષ્ટ થઈ ગયું કે અમારે સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે જ વાંચવાનું છે. પહેલાં એવું થતું હતું કે અમે બોર્ડની તૈયારી કરતા હતા, એ પૂરી થાય પછી બીજી પરીક્ષાની તૈયારી કરતા હતા. પણ હવે અમારી પાસે એટલો બધો સમય છે કે હવે બહુ સારી રીતે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરી શકીશું.

**વડાપ્રધાનઃ** જેણે આંગળી ઊંચી કરી તે, હા તુ બોલ બેટા.

**વિદ્યાર્થીનીઃ** નમસ્કાર સર! હું દિલ્હી પબ્લિક સ્કુલ, જયપુર, રાજસ્થાનમાં ધોરણ 12માં ભણું છું. મારું નામ જન્નત સાક્ષી છે. વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં લેતાં બોર્ડની પરીક્ષા રદ કરવાનો તમારો નિર્ણય સંપૂર્ણ યોગ્ય છે, કારણ કે બાળકોની સલામતી અને આરોગ્ય સર્વોપરી છે. અમને સીબીએસઇ પર સંપૂર્ણ વિશ્વાસ છે કે તે મૂલ્યાંકનનો જે પણ માપદંડ નક્કી કરશે તે અમારા હિતમાં જ હશે.

**વડાપ્રધાનઃ** જેટલાં પણ માતા પિતા છે તે બધાં સ્ક્રીન પર આવી જાય. મારા માટે પણ એ સારું રહેશે કે તમારે બધાંએ સાચું બોલવું પડશે. મને દેખાઇ રહેલા નવયુવકો બોલો. સફેદ શર્ટવાળો છોકરો કંઇક કહી રહ્યા છે.

**વિદ્યાર્થીઃ** સર, મમ્મી અહીં નથી પણ એ મને કહેતી હતી કે પરીક્ષાની ચિંતા ન કર. મોદીજી આ મુદ્દે સારું જ કરશે.

**વડાપ્રધાનઃ** મેં હમણાં બધાંને કહ્યું કે તમે પરીક્ષાના હાઉમાંથી બહાર નીકળો. બીજી કોઇ વાત કરી શકીએ.?

**વાલીઃ** બિલ્કુલ સર. સારી વાત કરું. શાહરૂખને મળીને જેટલો આનંદ થયો તેનાથી વધુ આનંદ આપને મળીને થયો. આ તો સપનું સાકાર થવા જેવું છે. તમે સર્વશ્રેષ્ઠ છો સર.


**વડાપ્રધાનઃ** આ વર્ષ આઝાદીનું 75મું વર્ષ છે. સ્વતંત્રતા સંઘર્ષ દરમિયાન તમારા જિલ્લામાં બનેલી ઘટના અંગે નિબંધ લખી શકો?

**વિદ્યાર્થીઃ** યસ સર. ખરેખર. અમે લખી શકીએ.

**વિદ્યાર્થીઓ અને માતા પિતાને વડાપ્રધાનઃ** તમારો અનુભવ તમારું ભાવિ ઘડશે. તમારા વિસ્તારમાં રહેતા લોકોનું કોરોના રસી માટે રજીસ્ટ્રેશન કરાવો. સેવાને તમારો કામનો હિસ્સો બનાવો. ■

વડાપ્રધાનનું સંપૂર્ણ સંબોધન સાંભળવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો

# જેમણે મુખ્યમંત્રીને બદલે ખુદને ડોક્ટર કહેવડાવવાનું પસંદ કર્યું



"જ્યાં જ્યાં પણ ઔષધની કળાને પ્રેમ કરવામાં આવે છે, ત્યાં ત્યાં માનવતા માટે પણ પ્રેમ હોય છે." 'ફાધર ઓફ ધ મેડિસિન' તરીકે વિશ્વભરમાં પ્રસિધ્ધ હિપ્પોક્રેટ્સની આ ઉક્તિ ડો. બિધાન ચંદ્ર રોયના વ્યક્તિત્વ માટે સંપૂર્ણ બંધ બેસે છે. મુખ્યમંત્રી જેવા ટોચના બંધારણીય હોદ્દા પર હોવા છતાં તેઓ ખુદને ડોક્ટર કહેવડાવવાનું વધુ પસંદ કરતા હતા. તેઓ ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના સ્થાપક હતા, જેઓ પછીથી તેના પ્રેસિડન્ટ પણ બન્યા. રોય ઘણી વાર કહેતા, નાગરિકો શરીર અને મનથી સ્વસ્થ રહેશે તો જ દેશને સાચું સ્વરાજ મળશે. મેડિકલ ક્ષેત્રમા તેમના મોટા પ્રદાનને કારણે 1 જુલાઈનાં રોજ તેમનાં જન્મદિવસને રાષ્ટ્રીય ડોક્ટર દિવસ તરીકે મનાવવામાં આવે છે.

વર્ષ 1882માં 1 જુલાઇનાં રોજ બિહારના પટણા જિલ્લાના બાંકીપુર ગામમાં જન્મેલા બિધાન ચંદ્ર રોયે 1897માં પટણાની કોલેજિયેટ સ્કુલમાંથી મેટ્રીકની પરીક્ષા પાસ કરી હતી. કલકત્તાની પ્રેસિડન્સી કોલેજમાંથી ઈન્ટરમિડિયેટ અને પટણા કોલેજમાંથી ગણિતમાં બીએ ઓનર્સ પણ કર્યું. એ પછી તેમણે બંગાળની એન્જિનિયરીંગ કોલેજ અને કોલકતાની મેડિકલ કોલેજમાં એડમિશન માટે અરજી કરી. બંને સંસ્થામાં તેમની પસંદગી થઈ, પણ તેમણે મેડિકલ કોલેજમાં જવાનો નિર્ણય લીધો અને 1901માં કોલકતા જતા રહ્યા. બરાબર એ જ સમયે પિતા નિવૃત્ત થયા અને સંજોગો એવા ઘડાયા કે તેમની આર્થિક સ્થિતિ નબળી પડવા માંડી અને તેમની પાસે પુસ્તકો ખરીદવાના પણ પૈસા નહોતા. આ એ સમય હતો, જ્યારે બ્રિટિશ સરકારે બંગાળના ભાગલા કરવાનો નિર્ણય લઈ લીધો હતો. આ નિર્ણય સામે શરૂ થયેલા આંદોલનમાં રોય પણ ભાગ લેવા માગતા હતા. પણ ગમે તે રીતે મન મનાવી લીધું અને સારા ડોક્ટર બનીને દેશ સેવા કરવાનો સંકલ્પ લીધો.

**રાજ્યમાં તેમણે કરેલા વિકાસ માટે તેમને પશ્ચિમ બંગાળના ઘડવૈયા કહેવામાં આવે છે**

ડોક્ટર બનવાનો એટલો અડગ નિર્ધાર હતો કે ખિસ્સામાં માત્ર 1200 રૂપિયા લઇને એમઆરસીપી અને એફઆરસીએસ બનવા માટે લંડન જતા રહ્યા. કોલેજના ડીન એશિયન વિદ્યાર્થીને પ્રવેશ આપવાની તરફેણમાં નહોતા, તેથી તેમની અરજી ફગાવી દીધી. પણ બિધાન એમ માને એમ નહોતા. બીજી અરજી કરી. એ પણ રદ થઈ. સંસ્થા અરજી રદ કરે એટલે તેઓ નવી અરજી કરે. આમ કુલ 30 અરજી કર્યા પછી તેમને પ્રવેશ મળ્યો. તેમણે બે વર્ષ અને ત્રણ મહિનામાં એમઆરસીપી અને એફઆરસીએસ પૂરું કરી લીધું. એ સમયનો આ રેકોર્ડ હતો. તેમણે જાદવપુર ટીબી હોસ્પિટલ, ચિત્તરંજન સેવા સદન, કમલા નહેરુ હોસ્પિટલ, વિક્ટોરિયા સંસ્થાન અને ચિત્તરંજન હોસ્પિટલની સ્થાપના કરી. 1926માં ચિતરંજન સેવા સદનની સ્થાપના કરી. 1923માં તેમના જીવનમાં મહત્વનો વળાંક આવ્યો. તેમણે રાજકારણમાં ઝૂકાવ્યું અને બરાકપુરથી અપક્ષ ઉમેદવારી કરીને દિગ્ગજ નેતા સુરેન્દ્રનાથ બેનર્જીને હરાવ્યા. 1928માં તેમને અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના સભ્ય બનાવવામાં આવ્યા.

ગાંધીજીએ સવિનય કાનૂન ભંગનો પ્રારંભ કર્યો ત્યારે બંગાળમાં તેના સંચાલનની જવાબદારી રોયે સંભાળી હતી. 1933માં તેઓ કોલકતાના મેયર પણ બન્યા. સ્વતંત્રતા પછી કોંગ્રેસ પક્ષે બંગાળના મુખ્યમંત્રીપદ માટે ડો. રોયનું નામ સૂચવ્યું પણ રોયને મેડિકલ વ્યવસાયમાં વધુ રસ હતો. આ વાત ગાંધીજી સુધી પહોંચી. છેવટે ગાંધીજીની સમજાવટથી મુખ્યમંત્રી બનવા તૈયાર થયા.

1948થી 1962 સુધી સતત 14 વર્ષ સુધી તેઓ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી રહ્યા. પણ ડોક્ટરનો વ્યવસાય એટલો ગમતો હતો કે દર્દીઓની સેવા પણ કરતા રહ્યા. તેમણે પશ્ચિમ બંગાળમાં પાંચ નવા શહેરોની સ્થાપના કરી- દુર્ગાપુર, કલ્યાણી, વિધાનગર, અશોકનગર અને હાવડા. દેશ અને સમાજ માટે તેમણે કરેલી સેવાઓને જોતાં 1961માં ભારત સરકારે તેમને 'ભારત રત્ન'થી પુરસ્કૃત કર્યા. યોગાનુયોગ જૂઓ કે, 1 જુલાઇનાં રોજ જન્મદિવસે જ 1962માં તેમનું અવસાન થયું. મરતાં પહેલાં તેઓ પોતાનું ઘર નર્સિંગ હોમ ચલાવવા માટે દાનમાં આપતા ગયા. આ નર્સિંગ હોમનું નામ તેમની માતા 'અઘોરકામિની દેવી" ના નામ પર રાખવામાં આવ્યું. ■



# પૃથ્વી પરના દેવતા

## न आत्मार्थम् न अपि कामार्थम् अतभूत दयां प्रति ।।
## वतर्ते यत् चिकित्सायां स सवर्म इति वर्तते ।।

"શ્રેષ્ઠ ડોક્ટર એ છે જે દર્દીની સારવાર માટે કરૂણા સાથે કામ કરે, પૈસા કે વિશેષ ઇચ્છા માટે નહીં." આચાર્ય ચરકે સદીઓ પહેલાં કરેલું આ વિધાન એ ડોક્ટરો અને કોરોના વોરિયર્સના સંદર્ભમાં બંધબેસતું છે જેઓ મહામારીના પગલે દર્દીઓને બચાવવા પોતાનું જીવન જોખમમાં મૂકી રહ્યાં છે.





**ભગવાન એક જ વાર માણસને જન્મ આપે છે, પણ જ્યારે તેનો જીવ જોખમમાં હોય છે ત્યારે ડોક્ટરો જ તેને વારંવાર નવજીવન આપે છે. કોરોના મહામારીને કારણે આપણે સામાજિક અંતર જાળવીને આપણી જાતનું રક્ષણ કરી રહ્યા છીએ ત્યારે તેઓ સ્વજનોથી દૂર રહીને રાષ્ટ્રની સેવામાં વ્યસ્ત છે અને દર્દીઓના જીવ બચાવ રહ્યા છે. કોરોના સામેની લડાઇમાં જીતવા પ્રતિબધ્ધ રાષ્ટ્ર ડોક્ટરો, વિજ્ઞાનીઓ, નર્સ, એમ્બ્યુલન્સ સ્ટાફ, સફાઇકર્મીઓ સહિતના તમામ કોરોના યોધ્ધાઓનું ઋણી છે, જેઓ પીપીઇ કિટ પહેરીને ભારે ગરમી અને ડિહાઇડ્રેશન સહન કરીને કાર્યરત છે.**

લખનઊની કિંગ જ્યોર્જ મેડિકલ યુનિવર્સિટીના 41 વર્ષીય ડોક્ટર સુમિત રુંગટા લગભગ દોઢ વર્ષથી કોરોનાના દર્દીઓની સારવાર કરે છે. કોરોનાની બીજી લહેરમાં તેમને ચેપ લાગ્યો. પણ બે દિવસમાં જ નેગેટિવ રિપોર્ટ આવતા પુનઃ ફરજ પર આવી ગયા. તેમની ડોક્ટર પત્ની પણ કોરોના પોઝિટિવ આવતા મોટી સમસ્યા સર્જાઈ. સુમિતને રસોઇ કરતાં આવડતું નહોતું અને કોરોનાને કારણે ઘરે નોકરને પણ બોલાવી શકાય તેમ નહોતું. ગામડેથી વૃધ્ધ માતા પિતાને બોલાવે તેમાં પણ જોખમ હતું. ગેસ્ટ્રોએન્ટ્રોલોજી સ્પેશ્યાલિસ્ટ સુમિત કહે છે, "એ સમયે મને નડેલી સમસ્યા હું વર્ણવી શકું તેમ નથી. પરિવારના સભ્યો નારાજ હતા. દેશમાં અભૂતપુર્વ સ્થિતિ હતી. જો કે, શક્ય એટલી રીતે દેશના લોકોને મદદ કરવા પ્રતિબધ્ધ હતો. પીપીઇ કિટ પહેરીને એન્ડોસ્કોપી અથવા બીજી કોઇ પણ સારવાર કરવી ખૂબ મુશ્કેલ હતી."

કલાકો સુધી પીપીઇ કિટ પહેરીને કોરાના સામેની લડાઈમાં વ્યસ્ત ડોક્ટરોની આપવીતિ પીડાદાયક છે. દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનના જાહેર આરોગ્ય વિભાગમાં કામ કરતા એપિડીમિયોલોજિસ્ટ 47 વર્ષીય ડો. અજય કુમાર કોરોનાને પ્રથમ લહેર દરમિયાન આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર વિદેશથી આવતા પ્રવાસીઓની તપાસની કામગીરી સોંપવામાં આવી હતી. તેઓ કહે છે, "એ વખતે પીપીઇ કિટ પહેરવી નવી વાત હતી. બહુ ગુંગળામણ થતી હતી. પીપીઇ કિટ પહેરીને શૌચાલય જવામાં પણ બહુ તકલીફ પડતી હતી, તેથી અમે ઓછું પાણી પીતા હતા." તેમણે ઘરમાં પોતાના માટે અલગ બાથરૂમ બનાવ્યું હતું, જ્યાં ઘરે આવીને તેઓ પોતાનાં તમામ કપડાં પોટેશ્યમ પર્મનગેનેટથી ધોઈને અલગ મૂકી દેતાં હતા. એ પછી તેને ગરમ પાણી અને એન્ટિસેપ્ટિકથી ફરી ધોતા હતા. હવે ડો. કુમાર તેમની નિયમિત ફરજ પર આવી ગયા છે અને રક્તપિત્ત અને ચામડીના રોગોના દર્દીઓની સારવાર કરી રહ્યા છે.

આ કપરા અનુભવને યાદ કરતા ડો. કુમારે જણાવ્યું કે 17 એપ્રિલે તેમનો જન્મદિવસ હતો. તેમના બાળકોએ આ પ્રસંગની ઉજવણી માટે તમામ વ્યવસ્થાઓ કરી લીધી હતી. એ દિવસે જ તેમનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યો. પરિવારમાં તો




ઉદાસી છવાઇ ગઇ, કારણ કે ડો. કુમારતો હૃદયરોગના પણ દર્દી હતા. ગણતરીના દિવસોમાં સમગ્ર પરિવાર પર તેની અસર થઈ. પણ સકારાત્મક વિચારો અને ધીરજને કારણે તેઓ સાજા થઈ ગયા.

ડોક્ટરોને નડી રહેલાં વ્યાવસાયિક પડકારો સરહદ પર લડી રહેલા સૈનિકો સમક્ષના પડકારોથી ઓછાં નથી. યુધ્ધ દરમિયાન, દેશનું રક્ષણ કરવા શસ્ત્રો ઉપાડતા સૈનિકની જેમ ડોક્ટરો પણ કોરોના મહામારી દરમિયાન પોતાની જવાબદારી નિભાવવામાં જરાય પાછા નથી પડ્યા. ડો. પ્રશાંત ચૌધરી દિલ્હીની ખાનગી હોસ્પિટલમાં ન્યુરોસર્જન તરીકે કામ કરે છે. મહામારીની બીજી લહેર દરમિયાન હોમ આઇસોલેશનમાં રહેલા કોવિડ દર્દી સવારમાં છોડને પાણી પીવડાવતા હતા ત્યારે અગાસી પરથી પડી ગયા અને ઓપરેશન કરાવવાની ફરજ પડી. ડોક્ટરો અને તેમની ટીમ માટે આ પડકારજનક કામ હતું કારણ કે કોરોના પોઝિટિવ દર્દી દ્વારા સંક્રમણ ફેલાવાનું જોખમ હતું. પણ ડો.ચૌધરીએ ઓપરેશન કરવાનું નક્કી કર્યું. છેલ્લાં બે મહિનામાં તેમણે ડઝનથી વધુ ન્યુરો સંબંધિત દર્દીઓનાં ઓપરેશન કર્યા છે અને કોવિડ દર્દીઓની પણ સારવાર કરી રહ્યા છે. તેઓ કહે છે, "ડોક્ટર્સે આ સમયમાં પોતાની જવાબદારી નિભાવતા ડરવું ન જોઇએ."

ડોક્ટરો, નર્સ અને કોરોના યોધ્ધાઓએ પોતાનો જીવ જોખમમાં મૂકીને દિવસ રાત કોરોના દર્દીઓની સારવાર કરી હોવાના અનેક અહેવાલો પ્રસિધ્ધ થયા હતા. તાજેતરમાં 28 એપ્રિલનાં રોજ ડો. સોહિલે ટ્વિટર પર

## ગ્રુપ કેપ્ટન પટનાયક 24 કલાકના મિશન પર

કોરોનાની બીજી લહેર દરમિયાન પણ સશસ્ત્ર દળોએ ભાર હિંમત બતાવી હતી. એરફોર્સના ગ્રુપ કેપ્ટન એ કે પટનાયક કટોકટીન સમયમાં દેશને મદદ કરવી તેને પોતાનું સૌભાગ્ય અને સિધ્ધિ સમજે છે. એપ્રિલ મહિનામાં કેપ્ટન પટનાયકે ઓક્સિજન પુરવઠા સાથે સતત સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય ઉડાન ભરીને પુરવઠો પૂરો પાડ્યો હતો. તેમણે 3,000થી વધુ કલાકો ઉડ્ડયન કરીને 160 આંતરરાષ્ટ્રીય મિશન પૂરા કર્યા હતા. આમ. બે-ત્રણ દિવસને બદલે માત્ર બે-ત્રણ કલાકમાં જ ઓક્સિજન ટેન્કર જે-તે સ્થળે પહોંચાડવામાં આવ્યા હતા. વડાપ્રધાન મોદીએ મહામારી સામે દેશના સંઘર્ષમાં સશસ્ત્ર દળોની કામગીરીનો વિશેષ ઉલ્લેખ કર્યો હતો.




**ફરજ પરના ડોક્ટરો અને આરોગ્યકર્મીઓએ આઠ-દસ કલાક સુધી પીપીઇ કિટ પહેરી રાખવી પડતી હતી. આ સમયગાળામાં તેઓ પાણી પણ પી શકતા નહોતા.**

## નર્સ ભાવના માટે પરિવારને મનાવવો સરળ કામ નહોતું...

રાયપુરમાં બી આર આંબેડકર મેડિકલ કોલેજમાં સેવા બજાવતાં સિસ્ટર ભાવના ધ્રુવ કહે છે, તેમને 14 દિવસની કોવિડ ડ્યુટી બાદ 14 દિવસનો આરામ આપવામાં આવતો હતો અને બે મહિના પછી એ જ ફરજ આપવામાં આવતી હતી. તેમણે પ્રથમ વાર પરિવારજનોને આ પ્રકારની ફરજ માટે કહ્યુ ત્યારે દરેકને ભય લાગ્યો. પોતાનો અનુભવ વર્ણવતા ભાવના કહે છે, "મેં પ્રથમ વાર પીપીઇ કિટ પહેરી ત્યારે બહુ મુશ્કેલી પડી. એ બે મહિનામાં મેં આઇસીયુ, વોર્ડ અને આઇસોલેશન સેન્ટર્સમાં મારી ફરજ બજાવી હતી. પ્રથમ વાર હું કોવિડ દર્દી પાસે ગઈ ત્યારે હું ખૂબ ડરી ગઈ હતી. મેં સ્વસ્થ થવાનો પ્રયત્ન કર્યો. મેં દર્દીને કહ્યું કે ડરવાની જરૂર નથી. તમારે માત્ર કોવિડ નિયમોનું પાલન કરવાનું છે. બધું ઠીક થઈ જશે."



## કોવિડ મહામારીની બે લહેરમાં 1400થી વધુ ડોક્ટરોએ જીવ ગુમાવ્યો

પોતાના બે ફોટો મૂક્યા હતા. પ્રથમ ફોટોમાં તેઓ પીપીઇ કિટમાં હતા અને બીજા ફોટોમાં તેઓ પીપીઇ કિટ કાઢ્યા પછી પરસેવે ન્હાતા હોય તેવો હતો. તેમણે લખ્યું હતું, "મને એ વાતનો ગર્વ છે કે દેશની સેવા માટે હું કંઇક કરી રહ્યો છું. તમામ ડોક્ટરો અને આરોગ્યકર્મીઓ વતી હું કહેવા માગીશ કે અમે અમારા પરિવારથી દૂર રહીને ખૂબ મહેનત કરી રહ્યા છીએ. ઘણી વાર અમે કોવિડ દર્દીઓથી એક ડગલું દૂર હોઇએ છીએ અને ઘણી વાર ગંભીર રીતે બિમાર વૃદ્ધ દર્દીથી એક ઇંચ દૂર હોઈએ છીએ. હું દરેક વ્યક્તિને અચૂક રસી લેવા વિનંતી કરું છું કારણ સલામત રહેવા માટે આ જ એક માત્ર ઉપાય છે."

શ્રી ઓરોબિંદો મેડિકલ કોલેજ, ઇન્દોરના ડો. રવિ દોસી પણ ડોક્ટરો અને કોરોના યોદ્ધાઓની કહાની વર્ણવતા કહે છે, "આઠથી દસ કલાક સુધી પીપીઇ કિટ પહેરી રાખવી ધીરજ અને હિંમતનું કામ છે. અમારે આઠથી દસ કલાક સુધી પીપીઇ કિટ, હેડ ગિયર, ફેસ શિલ્ડ, ચશ્મા, એન-95 માસ્ક, અલગ સર્જિકલ માસ્ક, લાંબા ગ્લોવ્ઝની બે જોડી, ઘુંટણ સુધીના મોજાં, શુ-કવર અને અન્ય રક્ષણાત્મક ઉપકરણો પહેરવા પડતા હતા, જેનું વજન દોઢ કિલો થતું હતું."

ડોક્ટરો અને કોરોના યોદ્ધાઓ પાસેથી પ્રેરણા લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું, કેટલીક વાર આપણને માસ્ક નડતો હોય તેમ લાગે અને તેને હટાવવાની ઇચ્છા થતી હોય છે. કોઇની સાથે વાત કરતી વખતે આપણે માસ્ક કાઢી નાખીએ છીએ, જ્યારે કે ત્યારે જ તેની સૌથી વધુ જરૂર હોય છે. હું તમને વિનંતી કરું છું કે, જ્યારે પણ તમને માસ્કથી તકલીફ થાય અને તેને કાઢી નાખવાની ઇચ્છા થાય ત્યારે એક ક્ષણ માટે એ ડોક્ટરો, નર્સ અને કોરોના યોધ્ધાઓને યાદ કરો. તેઓ આપણાં બધાંનો જીવ બચાવવા કલાકો સુધી માસ્ક નથી પહેરી રાખતા? આઠથી દસ કલાક સુધી માસ્ક પહેરી રાખવાથી શું તેમને મુશ્કેલી નહીં પડતી હોય? દેશ ડોક્ટરો, નર્સ, પેરામેડિકલ સ્ટાફ, ASHA-ANM વર્કર અને સફાઇકર્મીઓના બલિદાન અને સમર્પણને જોઈ રહ્યો છે. આ ઉપરાંત આપણી આસપાસ એવા અનેક લોકો છે જેઓ કોરોના સામેની લડાઈમાં અગ્રેસર રહ્યા છે અને સમાજના સાચા હીરો છે.

એવા અનેક અહેવાલો તમે વાંચ્યા કે સાંભળ્યા હશે જેમાં ડોક્ટરો દૂરથી તેમના પરિવારજનોને મળતા હોય, અથવા ફરજ બજાવ્યા પછી ઘરે જવાને બદલે કારમાં રાત્રિ

## જ્યારે માતાએ પુત્રને એમ્બ્યુલન્સ ડ્રાઇવરની નોકરી છોડી દેવા જણાવ્યું...

આફત દરમિયાન ડોક્ટરો અને નર્સિંગ સ્ટાફ ઉપરાંત લેબ ટેકનિશિયન્સ અને એમ્બ્યુલન્સ ડ્રાઇવર્સ જેવાં ફ્રન્ટલાઇન વર્કર્સ પણ સતત કામ કરી રહ્યા છે. જ્યારે એમ્બ્યુલન્સ દર્દીને લેવા પહોંચે છે ત્યારે તેમને એમ્બ્યુલન્સ ડ્રાઇવરમાં દેવતાના દર્શન થાય છે. આવા જ એક એમ્બ્યુલન્સ ડ્રાઇવર છે પ્રેમ વર્મા, જેઓ ફોન આવતાની સાથે જ દર્દીને લેવા માટે પહોંચી જાય છે. તે કહે છે, "મારી માતાને બહુ ચિંતા હતી. તેમણે તો મને નોકરી છોડી દેવા જણાવેલુ. મેં તેને કહ્યું કે હું નોકરી છોડી દઇશ તો દર્દીઓને લેવા-મૂકવા કોણ જશે? દરેક જણ ભયભીત છે અને પોતાની નોકરી છોડી રહ્યાં છે પણ હું આ નોકરી નહીં છોડું." પ્રેમ જેવા હજારો લોકો છે, જેઓ બીજા માટે થઈને પોતાનાં જીવ જોખમમાં મૂકી રહ્યા છે.



## કોવિડ યોધ્ધાઓને આપેલી રાહતો



ઇન્શ્યોરન્સ કવર રૂ. 50 લાખ

100 દિવસની કોવિડ ફરજ બજાવી હોય તેમને કાયમી નોકરીમાં પ્રાથમિકતા

100 દિવસની કોવિડ ફરજ પૂરી કરનારને 'પ્રાઇમ મિનિસ્ટર કોવિડ નેશનલ સર્વિસ એવોર્ડ'

**કાનૂની રક્ષણ**

વટહૂકમ દ્વારા ડોક્ટરોના રક્ષણ માટે જોગવાઈ કરાઇ

મેડિકલ ઇન્ટર્ન્સ અને અંતિમ વર્ષના એમબીબીએસ વિદ્યાર્થીઓને પણ ફરજ પર મૂકાયા




**ડોક્ટરો અને આરોગ્યકર્મીઓ સામેની હિંસાના કેસો ધ્યાનમાં આવતા કેન્દ્ર સરકારે તેમનાં રક્ષણ માટે કડક કાયદો ઘડ્યો**

પસાર કરી હોય અથવા ડોક્ટર દંપત્તિ એક ફ્લેટને બે ભાગમાં વહેંચીને અલગ રહ્યા હોય. છતાં તેઓ સમાજ પ્રત્યેની પોતાની ફરજ ચૂક્યા નથી. સેંકડો ડોક્ટરો, નર્સ અને અન્ય પેરામેડિકલ સ્ટાફ સતત કોરોના દર્દીઓના સંપર્કમાં રહેવાને કારણે મૃત્યુ પામ્યાં છે. ઇન્ડિયન મેડિકલ એસોસિએશન દ્વારા 15 જૂનનાં રોજ જાહેર કરવામાં આવેલા સંકલિત ડેટા પ્રમાણે કોરોનાની બીજી લહેર દરમિયાન દર્દીઓની સારવાર દરમિયાન દેશભરમાં કુલ 730 ડોક્ટરોનાં મૃત્યુ થયાં હતાં. IMA કોવિડ-19 રજીસ્ટ્રી પ્રમાણે મહામારીની પ્રથમ લહેરમાં 741 ડોક્ટરોનાં મૃત્યુ થયાં હતાં.

### ડોક્ટરો અને કોરોના યોધ્ધાઓની સલામતી

કોરોના મહામારીમાં જ્યારે બધું જ ઠપ થઈ ગયું હતું, ત્યારે ડોક્ટરોની સતત મહેનત, મેડિકલ ક્ષેત્રમાં થઈ રહેલા રિસર્ચ અને અન્ય કોરોના યોધ્ધાઓના પ્રયાસો લોકો માટે આશાનું કિરણ લઈને આવ્યા. કોરોના યોધ્ધાઓ જે ગંભીર સ્થિતિમાં પોતાનો જીવ જોખમમાં મૂકીને કામ કરતા હતા તેને ધ્યાનમાં લઇને, કેન્દ્ર સરકારે કેટલાંક પગલાં લીધાં છે, જેથી તેઓ અને તેમનાં

# કોવિડ માળખાનું વિસ્તરણ




પરિવારજનોનું મનોબળ ટકી રહે. કોરોનાને મહામારી જાહેર કરી કે તરત જ સરકારે આરોગ્ય ક્ષેત્ર સાથે સંકળાયેલા દરેક કોરોના યોધ્ધાને રૂ. 50 લાખનું વીમા કવચ પુરું પાડવાનો નિર્ણય લીધો. આ ઉપરાંત સરકારે, વટહૂકમ દ્વારા એપિડેમિક ડિસીઝ એક્ટ, 1897માં ફેરફાર કર્યો જેથી આરોગ્ય કર્મચારીઓનું રક્ષણ કરી શકાય. ભવિષ્યમાં કાયમી નોકરીઓમાં કોવિડની ફરજ સાથે સંકળાયેલા આરોગ્ય કર્મચારીઓને પ્રાથમિકતા આપવાનો નિર્ણય પણ લેવામાં આવ્યો હતો. 100 દિવસની ફરજ પૂરી કરનાર મેડિકલ પ્રોફેશનલને વડાપ્રધાનનો પ્રતિષ્ઠીત કોવિડ નેશનલ સર્વિસ એવોર્ડ અર્પણ કરવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે.

જો કે, કેટલીક ઘટનાઓ એવી પણ બની જે માનવતા માટે શરમજનક કહી શકાય. સારવાર દરમિયાન મૃત્યુ પામેલા દર્દીના પરિવારજનોએ ડોક્ટરો સાથે હિંસક વર્તન કર્યું હતું. આ બનાવોની ગંભીરતાને ધ્યાનમાં લઇને સરકારને વટહૂકમ દ્વારા નવો કાયદો લાવવો પડ્યો, જેમાં મેડિકલ કર્મચારીઓ પર હૂમલો કરનારાને ત્રણ મહિનાથી પાંચ વર્ષ સુધીની જેલ અને રૂ. 50,000થી રૂ. બે લાખ સુધીના દંડન જોગવાઈ કરવામાં આવી. આવા ગુનાને બિન-જામીનપાત્ર બનાવવામાં આવ્યો. ડોક્ટરોની સલામતી સુનિશ્ચિત કરવા ડોક્ટર કે સ્ટાફની કાર, ક્લિનિકને નુકસાન કરનારે નુકસાનની બમણી રકમ ગુનેગાર પાસેથી વસુલવાની પણ જોગવાઇ કરવામાં આવી છે. આ ઉપરાંત, સિનિયર ઇન્સ્પેક્ટરે આવા કેસની તપાસ 30 દિવસની અંદર અને અદાલતે તમામ કાનૂની કાર્યવાહી એક વર્ષની અંદર પૂરી કરવાની રહેશે. ગંભીર ગુનામાં ગુનેગારને છ મહિનાથી માંડીને સાત વર્ષની કડક સજાની પણ જોગવાઈ કરવામાં આવી છે.

## વડાપ્રધાન સ્તરે સતત દેખરેખ

- એપ્રિલ 2020માં વેક્સિનેશન ટાસ્ક ફોર્સની રચના
- જાન્યુઆરી 2021માં રસીકરણનો પ્રારંભ
- નવ મહિનાની અંદર ભારતમાં નિર્મીત બે રસી તૈયાર
- સારી રસીકરણ વ્યવસ્થા માટે મુખ્યમંત્રીઓ સાથે વડાપ્રધાનની 14 બેઠકો
- લોકોને ભરોસો આપવા વડાપ્રધાનનું 10 વાર સંબોધન
- કોવિડ મેનેજમેન્ટ માટે પ્રધાનોના જૂથ (GOM)ની 24 બેઠક
- કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય દ્વારા રાજ્યો સાથે ઓછામાં ઓછી 97 બેઠકો

## ઓક્સિજન ઉત્પાદનમાં 10 ગણો વધારો



લિક્વિડ મેડિકલ ઓક્સિજનનું ઉત્પાદન વધીને 9300 MT થયું, જે 2019માં 900 MT હતું

માર્ચ 2020માં 1040 ઓક્સિજન ટેન્કર્સ હતાં, જે વધીને 1681 થયાં

મે 2021માં ટેન્કર ક્ષમતા વધીને 23,056 થઈ, જે માર્ચ 2020માં 12,480 હતી

ક્રાયોજેનિક ટેન્કર્સની સંખ્યા 901 થઈ, જે માર્ચ 2020માં 609 હતી

મેડિકલ ઓક્સિજન સિલિન્ડરની સંખ્યા 11.19 લાખ થઈ, જે માર્ચ 2020માં 4.35 લાખ હતી


- 23 મે, 2021 સુધીમાં ઓક્સિજન એક્સપ્રેસ ટ્રેનો દ્વારા 15,000 મેટ્રિક ટન ઓક્સિજન પૂરો પાડવામાં આવ્યો હતો
- પીએમ કેર્સ ફન્ડની મદદથી 1051 પીએસએ ઓક્સિજન પ્લાન્ટ્સની સ્થાપના
- ઓક્સિજન પુરવઠો વધારવા માટે પીએમ કેર્સમાંથી રૂ. 200 કરોડથી વધુ રકમ એકત્ર કરવામાં આવી છે
- 31 રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશોમાં મેડિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે 86 સંસ્થાઓને મજબૂત કરવામાં આવી
- મે 2021માં ટેન્કરની ક્ષમતા વધીને 23,056 થઈ, જે માર્ચ 2020માં 1,2480 MT હતી

## કોવિડ દરમિયાન આરોગ્યના માળખાંનો વિકાસ

કોઇ પણ આપત્તિમાં અથવા તંત્રની સરળ કામગીરીમાં માળખાકીય સુવિધાની મહત્વની ભૂમિકા હોય છે. મહામારીના પ્રારંભિક તબક્કામાં જ્યારે વિવિધ દેશો કોરોના વાઇરસથી અસરગ્રસ્ત બન્યાં ત્યારે ભારત એ પ્રારંભિક દેશોમાંનું એક હતું, જેણે તેનો ફેલાવો અટકાવવા સક્રિય પગલાં લીધાં. સરકારે ભારતમાં આવતા પ્રવાસીઓ પર સઘન દેખરેખ રાખી. પણ ભારતમાં તેનો ફેલાવો શરૂ થયો ત્યારે દેશ સામે સૌથી મોટો પડકાર આરોગ્યનું માળખું મજબૂત કરવાનું હતું. કેન્દ્ર સરકારે તાત્કાલિક પગલાં લીધાં અને દેશવ્યાપી લોકડાઉન લાદ્યું, જેથી આરોગ્યનું માળકું વિકસાવી શકાય. ખૂબ ટૂંકા સમયગાળામાં

**આ વર્ષના બજેટમાં આરોગ્ય માટે રૂ. 2.23 લાખ કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું છે, જે 137 ટકા વધુ છે**

દેશે છ લાખ કોવિડ બેડ્સ ઊભા કર્યા. હાલમાં દેશમાં 19 લાખ બેડ છે. માર્ચ 2020માં 10,000 આઇસોલેશન બેડ હતા, જે એપ્રિલ 2021 સુધીમાં વધારીને 14.88 લાખ કરવામાં આવ્યા. આ જ રીતે, ગયા વર્ષે માર્ચમાં 2168 આઇસીયુ બેડ હતા, જે આ વર્ષે



“ માતા આપણી એક વાર જન્મ આપે છે, પણ ક્યારેક ડોક્ટરો આપણે અનેકવાર જીવન આપે છે. આપત્તિના આ સમયમાં હોસ્પિટલમાં સફેદ વસ્ત્રોમાં જોવા મળતા ડોક્ટરો અને નર્સ ઈશ્વરનું સ્વરૂપ બનીને કામ કરે છે. આ લોકો પોતાનો જીવ જોખમમાં મૂકીને આપણું જીવન બચાવી રહ્યા છે. ડોક્ટરો આપણો જીવ બચાવે છે અને આપણે આ ઋણ ક્યારેય ચૂકવી શકીશું નહીં. દેશની સેવા કરી રહેલા આ લોકોનું દરેક ક્ષણે સન્માન કરવું એ આપણી જવાબદારી છે.

**- નરેન્દ્ર મોદી, વડાપ્રધાન** ”

## એક્સ-સર્વિસમેનની ભૂમિકા

2017 અને 2021 વચ્ચે લશ્કરમાંથી નિવૃત્ત થયેલાં 400 એક્સ-AMC/SSC મેડિકલ સર્વિસ ઓફિસર્સને 11 મહિનાના કોન્ટ્રાક્ટ પર ભરતી કરવામાં આવશે શોર્ટ સર્વિસ કમિશન્ડ ડોક્ટરોને 31 ડિસેમ્બર, 2021 સુધી એક્સટેન્શન

## પીએમ કેર્સ ફોર ચિલ્ડ્રન

- કોવિડમાં પોતાના માતા પિતા ગુમાવનાર બાળકોને રૂ. 10 લાખની ફિક્સ્ડ ડિપોઝીટ. 18 વર્ષનાં થાય ત્યારે તેમને આ રકમ આપવામાં આવશે
- આવા બાળકોને મફત શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણ માટે આર્થિક સહાય
- આયુષ્યમાન ભારત સ્કીમ હેઠળ રૂ. પાંચ લાખ સુધીની મફત સારવારની વ્યવસ્થા, તેનું પ્રીમિયમ પીએમ કેર્સ ફન્ડ દ્વારા ભોગવવામાં આવશે

## રસીકરણ ઉપલબ્ધિનું વિસ્તરણ

**12** પ્રાઇવેટ, પબ્લિક સેક્ટર ઉત્પાદકોને નક્કી કરવામાં આવ્યા રસીનાં ઉત્પાદન માટે

- 26 મે સુધીમાં પોતાના નાગરિકોને 20 કરોડ રસી પૂરી પાડનાર ભારત વિશ્વનો બીજો દેશ બન્યો

**4500** કરોડ બે કંપનીઓ-સિરમ ઇન્સ્ટિટ્યૂટ (રૂ. 3,000 કરોડ) અને ભારત બાયોટેક (રૂ. 1500 કરોડ)ને રસીનું ઉત્પાદન વધારવા આપવામાં આવ્યા

- તબક્કાવાર રસીકરણ ઝુંબેશનો પ્રારંભ ફ્રન્ટલાઇન વર્કર્સથી થયો. એ પછી તેનું વિસ્તરણ કરીને 45 વર્ષની ઉપરની વયના અને પછી 18-45ની વયજૂથના લોકોને સમાવી લેવાયા

## ભવિષ્ય માટે સલામત અને તંદુરસ્ત ભારતનું નિર્માણ

### 2014 સુધીમાં સાત એઇમ્સની સામે હવે 22 એઇમ્સ

- 2014 પછી 184 નવી મેડિકલ કોલેજો શરૂ થઈ, જે વિવિધ તબક્કામાં છે, છેલ્લાં સાત વર્ષમાં 30,000 વધારાની મેડિકલ સીટ. 2014 સુધી માત્ર 50,000 સીટ હતી.
- ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં હેલ્થ અને વેલનેસ સેન્ટરની સંખ્યા વધારવા વધુ રોકાણ
- દેશને ભવિષ્યમાં મહામારી સામે સજ્જ કરવા તમામ જિલ્લાઓમાં ચેપી રોગ બ્લોક સ્થાપવામાં આવશે
- મહામારીના મેનેજમેન્ટ માટે તમામ જિલ્લા અને બ્લોક લેવલ પર લેબ નેટવર્ક અને જાહેર આરોગ્ય એકમોમાં ઇન્ટીગ્રેટેડ પબ્લિક હેલ્થ લેબોરેટરીઝ

એપ્રિલ સુધીમાં વધારીને 81,000 કરવામાં આવ્યા. કેન્દ્ર સરકારે રૂ. 15,000 કરોડની જોગવાઈ કરીને ટેસ્ટીંગ, લેબોરેટરી કિટ્સ, વર્ચ્યુઅલ પ્લેટફોર્મ, રસી પર સંશોધન, પીપીઇ કિટ, એન-95 માસ્ક વગેરે પર ધ્યાન કેન્દ્રીત કર્યું. આનું પરિણામ એ આવ્યું કે કોરોના સમયે પીપીઇ કિટ માટે વિદેશો પર અવલંબિત ભારતે અન્ય દેશોમાં તેની નિકાસ શરૂ કરી. આ માટે સરકારે 110 સ્થાનિક ઉત્પાદકો પસંદ કર્યા હતા. પાંચ જૂનની સ્થિતિએ ભારતમાં 1,268 સરકારી ટેસ્ટિંગ લેબોરેટરીઝ અને 1,356 ખાનગી લેબોરેટરીઝ હતી. કોરોન વાયરસના સંક્રમણનાં નિદાન માટે વધુ ટેસ્ટિંગ અને સેમ્પલ કલેક્શન સુવિધા ઊભી કરવામાં આવી રહી છે.

## મહામારીનો સામનો કરવા સાત સૂચનો

મહામારી માટે કોઇ સારવાર કે દવાઓ નહોતી એ સમય વૈવિધ્યતા અને વસતિના સંદર્ભમાં વિશ્વના બીજા ક્રમના દેશ ભારત માટે પડકારજનક હતો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિપરિત પરિસ્થિતિમાં દેશને સંભાળી લેવા સાત સૂચનો કર્યા- વડીલોની સંભાળ, સામાજિક અંતરનું પાલન, આયુષ દ્વારા રોગપ્રતિકારક શક્તિ વધારવા પ્રોટોકોલ, દરેકના મોબાઇલમાં આરોગ્ય સેતુ એપ, ધીરજ, ગરીબો અન જરૂરિયાતમંદોને મદદ અને કોરોના યોદ્ધાઓનું સન્માન. ■

**ટેસ્ટિંગ, ટ્રેસિંગ અને ટ્રીટમેન્ટની સાથે સાથે ઝડપી રસીકરણની અસર**

# બીજી લહેરમાં કોવિડ કેસોની સંખ્યા જે ઝડપથી વધી તેનાથી વધુ ઝડપથી ઘટી

આપણાં શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે કે, "વિજેતાઓ મુશ્કેલીના સમયમાં પરેશાન થઈને હાર નથી માનતા, પણ મહેનત કરે છે, સંઘર્ષ કરે છે અને પરિસ્થિતિ પર જીત મેળવે છે." કોવિડ સામેની લડાઈમાં પણ ભારત આ સિધ્ધાંત પર કામ કરી રહ્યું છે. આપણે ટેસ્ટિંગ, ટ્રેસિંગ અને ટ્રીટમેન્ટની સાથે સાથે ઝડપી રસીકરણનો મુળ મંત્ર અપનાવીને કોરોના જેવી મહામારી સામે ખુદને મજબૂત કર્યું છે, જે ભારતની મજબૂત ઇચ્છાશક્તિનું ઉદાહરણ છે. અગાઉ દરરોજ નવા સંક્રમિત દર્દીઓની સંખ્યા ચાર લાખ હતી, જે હવે ઘટીને 24 જૂનનાં રોજ આશરે 54,000 થઈ ગઈ છે. સક્રિય કેસોની સંખ્યા પણ ઘટીને સાત લાખની આસપાસ થઈ ગઇ છે.

આ વર્ષે 17 માર્ચનાં રોજ વડાપ્રધાને મુખ્યમંત્રીઓ સાથેની વાતચીતમાં રાજ્યોમાં ઝડપથી ફેલાયેલા કોરોના કેસોને જોતાં ત્રણ બાબતો પર ભાર મૂકવા જણાવ્યું હતું- આરટીપીસીઆર ટેસ્ટની સંખ્યા વધારો, માઇક્રો-કન્ટેઇનમેન્ટ ઝોનનું કડક પાલન કરો અને કોવિડ માળખું મજબૂત બનાવવાની સાથે સાથે રસીકરણની ઝડપ વધારો. માનવું અઘરું છે પણ બીજી લહેર દરમિયાન ગુજરાત લોકડાઉન લાદ્યા વગર સ્થિતિને અંકુશ રાખવામાં સફળ રહ્યું હતું. ગુજરાતમાં વીકએન્ડમાં સરકારી કચેરીઓ બંધ રાખવામાં આવી હતી, જ્યારે ખાનગી કચેરીઓને સ્વૈચ્છિક રીતે બંધ રાખવા જણાવવામાં આવ્યું હતું. રાજ્યમાં નાઇટ કરફ્યુની સાથે સાથે માઇક્રો કન્ટેઇનમેન્ટ ઝોનનું કડક રીતે પાલન કરાવવામાં આવ્યું હતુ. ટેસ્ટીંગની ઝડપ વધારી દેવામાં આવી હતી. રસીકરણ પર ભાર મૂકવામાં આવ્યો હતો. તેનું પરિણામ એ આવ્યું કે સક્રિય કેસોની સંખ્યા ઘટીને 5600 થઈ ગઈ.

## 7 જૂન સુધીમાં કેસોની સંખ્યા ઘટીને એક લાખની નીચે, 15 જૂનનાં રોજ 60,000 થઈ

- ભારતમાં દૈનિક કેસોની સંખ્યા જોઇએ તો, છેલ્લે સાત જૂનનાં રોજ એક લાખથી વધુ કોરોના કેસ નોંધાયા હતા 11 જૂનનાં રોજ 67 દિવસ પછી દૈનિક કેસોની સાત દિવસની સરેરાશ એક લાખથી નીચે એટલે કે 95,101 થઈ હતી, જે બીજી લહેરમાં 8 મેનાં રોજ નોંધાયેલા 3.9 લાખ કેસોની ટોચથી ઘણી ઓછી છે.
- 8 જૂનનાં રોજ દૈનિક પોઝિટિવિટી રેટ ઘટીને 4.66 ટકા થયો, જે 16 જૂનનાં રોજ ઘટીને 3.48 ટકા થયો હતો. સતત 15 દિવસ સુધી પાંચ ટકાની નીચે રહ્યો હતો. વિશ્વ આરોગ્ય સંસ્થા પ્રમાણે સતત 14 દિવસ સુધી આ રેટ પાંચ ટકાથી નીચે રહે ત્યારે કોવિડ અંકુશ હેઠળ હોવાનું કહી શકાય. 20 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં પોઝિટિવિટી રેટ પાંચ ટકાથી નીચે આવી ગયો છે.

ભારતમાં રિકવરી રેટ


**95.64 ટકાએ**

પહોંચ્યો છે. સાથે સાથે મૃત્યુદર પણ ઘટીને 1.28 ટકા થઈ ગયો છે. દેશમાં નોંધાયેલા કુલ કેસોમાંથી માત્ર 3.09 ટકા સક્રિય કેસો જ બચ્યા છે



## નવા કેસની સરખામણીમાં સાજા થયેલા દર્દીઓની સંખ્યા વધુ

8 જૂનથી 24 જૂન સુધી એટલે કે 17 દિવસ સુધી ભારતમાં દૈનિક સંક્રમિત કેસોની સંખ્યા એક લાખથી નીચે રહી હતી. પ્રથમ લહેરની સરખામણીમાં બીજી લહેરમાં કેસોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો હતો અને ઘટાડો પણ એટલી જ ઝડપથી થયો હતો. સાપ્તાહિક પોઝિટિવિટી રેટ ઘટીને 4.39 ટકા થયો હતો.





# રસીકરણ ઝૂંબેશ તીવ્ર બનાવવા રાજ્યોને મફતમાં રસી

- કોરોના સામેની લડાઈમાં ભારત વિશ્વની સૌથી મોટી રસીકરણ ઝૂંબેશ ચલાવી રહ્યું છે. 15 જૂન સુધીમાં ભારતમાં 25.90 કરોડ લોકોને રસી આપવામાં આવી હતી. 15 જૂન સુધીમાં આશરે 29 કરોડ લોકોએ રસીકરણ માટે નોંધણી કરાવી હતી. 18થી 44ની વયજૂથમાં 12.24 કરોડ અને 45થી ઉપરની વયના 16.68 કરોડ લોકોએ નોંધણી કરાવી હતી.
- રસીકરણની ગતિ વધારવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 7 જૂનનાં રોજ રાષ્ટ્રને સંબોધતા રસીકરણ નીતિની જાહેરાત કરી હતી. આ અંતર્ગત 21 જૂનથી દરેક રાજ્યમાં 18 વર્ષથી ઉપરની વયના તમામ નાગરિકોને મફતમાં રસી આપવામાં આવી રહી છે.
- ભારત સરકાર રાજ્યોને કુલ વેક્સિન ડોઝમાંથી 75 ટકા ડોઝ રાજ્યોને આપી રહી છે, જ્યારે ખાનગી હોસ્પિટલોને 25 ટકા ડોઝ મળી રહ્યા છે. ખાનગી હોસ્પિટલો રસીની નિર્ધારિત કિંમત ઉપરાંત સર્વિસ ચાર્જ પેટે મહત્તમ માત્ર રૂ. 150 જ લઈ શકે. બીજી બાજુ, જીએસટી કાઉન્સિલે પણ કોવિડની સારવાર માટેનાં ઉપકરણો, દવાઓ પરનો જીએસટી ઘટાડ્યો છે.

વડાપ્રધાનનું સંપૂર્ણ ભાષણ સાંભળવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો

## ટેસ્ટિંગમાં નવો વિક્રમ સર્જાયો


ભારતે પ્રતિ દિન પરીક્ષણની સંખ્યામાં સતત વધારો કર્યો છે. આપણે કેસોની સંખ્યા સર્વોચ્ચ હતી તે સમય કરતાં હાલમાં વધુ પરીક્ષણ કરી રહ્યા છીએ. હાલમાં, દેશમાં 2600થી વધુ લેબોરેટરીઝમાં કોવિડ પરીક્ષણો થઈ રહ્યા છે.



# ડિજિટલ ઇન્ડિયાથી ભારતમાં ક્રાંતિ આવી

રાજકારણ, કૂટનીતિ કે પછી લોકોનું જીવન સરળ બનાવવાનું હોય. ડિજિટલ ટેકનોલોજીનું મહત્વ વડાપ્રધાન નરેન્દ્ર મોદીથી વધુ સારી રીતે કોણ સમજી શકે? 2014માં તેમણે દેશના વડાપ્રધાનપદનું સુકાન સંભાળ્યું ત્યારથી શાસન અને પ્રશાસનમાં નવો ડિજિટલ યુગ શરૂ થયો છે. અર્થતંત્રથી માંડીને જીવન ધોરણ સરળ બનાવવામાં (ઇઝ ઓફ લિવિંગ) ડિજિટલ માધ્યમનો ઉપયોગ કરવા વડાપ્રધાને 1 જુલાઇ, 2015નાં રોજ 'ડિજિટલ ઇન્ડિયા' કેમ્પેઇન શરૂ કર્યુ હતું. એ વખતે કોઇએ વિચાર્યું નહીં હોય કે આગળ જતાં કોવિડ જેવી કટોકટી આવશે અને જીવનને પૂર્વવત બનાવવામાં ડિજિટાઇઝેશન મહત્વનું માધ્યમ પુરવાર થશે.

> "કોવિડ મહામારી દરમિયાન ડિજિટલ ટેકનોલોજીએ આપણને સામનો કરવામાં, જોડવામાં, સહજ થવામા અને આશ્વાસન આપવામાં (કોપ, કનેક્ટ, કમ્ફર્ટ અને કોન્સોલ) મદદ કરી. ડિજિટલ માધ્યમ દ્વારા આપણે સ્વજનો સાથે વાત કરી શકીએ છીએ અને બીજાંને મદદ કરી શકીએ છીએ. ભારતની સાર્વત્રિક અને અનોખી બાયોમેટ્રિક ડિજિટલ ઓળખ પધ્ધતિએ ગરીબોને સમયસર નાણાંકીય મદદ આપવામાં મદદ કરી. વિદ્યાર્થીઓને મદદ કરવા માટે આપણે બે જાહેર ડિજિટલ શિક્ષણ કાર્યક્રમો-સ્વયમ્ અને દિક્ષા શરૂ કરી શક્યા.
>
> - નરેન્દ્ર મોદી, વડાપ્રધાન



શિક્ષણ હોય કે પેમેન્ટ કરવાનું હોય, પેન્શન માટે હયાતીનું પ્રમાણપત્ર હોય કે કોઈ પણ સરકારી યોજના માટે અરજી કરવાની હોય, ડિજિટાઇઝેશન અનિવાર્ય થઈ ગયું છે. ડિજિટલ ઈન્ડિયા લોકોને તેમના સ્વપ્ન સાકાર કરવા નવી પાંખો આપી રહ્યું છે. એક સમયે કેરળના અર્નાકુલમ સ્ટેશનમાં કુલી તરીકે કામ કરતો શ્રીનાથ આ નવા પડકારનું જીવંત ઉદાહરણ છે. કુલીનું કામ કરતાં કરતાં તેણે સરકારી નોકરીનું સ્વપ્ન પણ જોવા માંડ્યું. આર્થિક સ્થિતિ સારી ન હોવાથી ઘરે ઈન્ટરનેટ નહોતું તેથી તેણે ‘ડિજિટલ ઈન્ડિયા’ ઝૂંબેશ હેઠળ રેલવે સ્ટેશન પર લગાવવામાં આવેલા વાઈ-ફાઈનો ઉપયોગ કરીને અભ્યાસ કર્યો. હવે તો તેણે કેરળ પબ્લિક સર્વિસ કમિશનની પરીક્ષા પણ પાસ કરી દીધી છે.

રાજસ્થાનના અલવર જિલ્લાના સ્નેહલતા યોગીએ ડિજિટલ ટ્રાન્ઝેક્શન ચાલુ કર્યું એટલું જ નહીં, 200 મહિલાઓના જૂથને તાલીમ આપીને 1600 પરિવારોનું જીવન સંપૂર્ણપણે બદલી નાખ્યું. 12મા ધોરણ સુધી ભણેલા લંબોદર માઝીને ક્યાંય નોકરી નહોતી મળતી. એક દિવસ યુટ્યુબ પર તેને ડિજિટલ ઈન્ડિયા અંગે જાણવા મળ્યું. તેણે કોમન સર્વિસ સેન્ટર શરૂ કર્યું. આજે તે આત્મનિર્ભર છે એટલું જ નહીં, પણ તેના સેન્ટરમાં ત્રણ જણને નોકરીએ રાખ્યા છે.

આ તો કેટલીક સફળતાની ગાથા છે, જે ભારત ડિજિટલ થઈ રહ્યું હોવાનું પુરવાર કરે છે. ડિજિટલ પાવર સમયની તાતી જરૂરિયા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી કહે છે, M-ગવર્નન્સ અથવા તો મોબાઈલ ગવર્નન્સન કારણે સમગ્ર સરકાર તમારા મોબાઈલમાં કેદ છે. છેલ્લાં છ વર્ષમાં ભારતમાં ઈન્ટરનેટ વપરાશકારોની સંખ્યા બમણાથી વધુ થઈ ગઈ છે. 2014માં દેશમાં 30થી 35 કરોડ ઈન્ટરનેટ વપરાશકાર હતા, જેની સંખ્યા વધીને હવે 70 કરોડ થઈ છે. 2015થી 2020 દરમિયાન વાયરલેસ ડેટાનો વપરાશ 56 ગણો વધી ગયો છે, જ્યારે પ્રતિ જીબી ડેટા કિંમત 96 ટકા ઘટી ગઈ છે. ભારતના સ્માર્ટફોન માર્કેટે અમેરિકાને પણ પાછળ છોડી દીધું છે. ઈન્ટરનેટને કારણે ધનિકો અને ગરીબો વચ્ચે કોઈ તફાવત રહ્યો નથી. ડિજિટલ ઈન્ડિયાનું મહત્વ આ રીતે સમજી શકાયઃ કેન્દ્ર સરકારની આ ફ્લેગશિપ સ્કીમના ત્રણ મહત્વના સ્તંભ છે. 1) દરેક નાગરિકને ડિજિટલ ટેકનોલોજીના મહત્વથી માહિતગાર કરવો. 2) લોકોને ડિજિટલ શાસન અને સેવાઓ પૂરી પાડવી અને 3) દરેક નાગરિકનું ડિજિટલ સશક્તિકરણ

## ડિજિટલ ઈન્ડિયાએ આ નવ ક્ષેત્રો પર વિશેષ ભાર મૂક્યો

01 **બ્રોડબેન્ડ હાઈવેઝઃ** બ્રોડબેન્ડ હાઈવેઝ દ્વારા ગામડાં અને શહેરોને જોડવામાં આવી રહ્યા છે

02 **ટેલિફોન સેવાઓઃ** તમામ નાગરિકો માટે ટેલિફોન સેવાઓની પહોંચ

03 **પબ્લિક ઈન્ટરનેટ એક્સેસ પ્રોગ્રામઃ** પબ્લિક ઈન્ટરનેટ એક્સેસ પ્રોગ્રામ દ્વારા ઈન્ટરનેટ સર્વિસ પૂરી પાડવામાં આવી રહી છે

04 **ઈ ગવર્નન્સઃ** ટેકનોલોજી દ્વારા શાસન અને વહીવટમાં સુધારો કરવામાં આવે છે

05 **ઈ-ક્રાંતિઃ** આના અંતર્ગત લોકોને વિવિધ સેવાઓ ઈલેક્ટ્રોનિક માધ્યમથી પૂરી પાડવામાં આવી રહી છે

06 **ઈન્ફોર્મેશન ફોર ઓલઃ** નામ સૂચવે છે તેમ તમામને માહિતી પૂરી પાડવામાં આવે છે

07 **ઈલેક્ટ્રોનિક્સ પ્રોડક્શન્સઃ** સરકારનો હેતુ ભારતમાં ઈલેક્ટ્રોનિક પ્રોડક્ટ્સના પૂર્જા પરનું અવલંબન ઘટાડવાનો છે

08 **આઈટી ફોર જોબ્સઃ** ઈન્ફોર્મેશન ટેકનોલોજી પર આધારિત કામો અને પ્રોસેસ દ્વારા રોજગારની વધુ તકો સર્જવામાં આવે છે

09 **અર્લી હાર્વેસ્ટ પ્રોગ્રામઃ** આ કાર્યક્રમ શાળા-કોલેજોમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોની હાજરી સાથે સંબંધિત છે



કરવું. ડિજિટલ ઇન્ડિયા ઝુંબેશ પાછળનો વિચાર સેવાઓને ડિજિટાઇઝ કરવાનો અને લોકોને ડિજિટલી સાક્ષર કરવાનો હતો.

ડિજિટલ ઇન્ડિયા ઝુંબેશનો હેતુ લોકોની જરૂરિયાતનું ઓનલાઇન સોલ્યુશન પુરું પાડીને ભારતને ડિજિટલ અર્થતંત્રમાં પરિવર્તિત કરવાનો હતો. આ કાર્યક્રમનો હેતુ બે બાબતો પર ધ્યાન કેન્દ્રીત કરવાનો છે- 'ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ' અને 'આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ'. કેન્દ્ર સરકાર આ દિશામાં સતત કામગીરી કરી રહી છે. કેન્દ્ર સરકારે રાષ્ટ્રીય સલામતી માટે જોખમી લાગે તેવી અનેક વિદેશી એપને પ્રતિબંધિત કરી છે. ભારતના આઇટી પ્રોફેશનલ્સની અપેક્ષાઓને પાંખો આપવા માટે 'આત્મનિર્ભર ભારત એપ ઇનોવેશન ચેલેન્જ' પણ શરૂ કરવામાં આવી હતી. તેનાં અનેક સકારાત્મક પરિણામો આવ્યા છે.

ડિજિટલ ઇન્ડિયાને કારણે દેશના વિકાસ માટે માનવ-કેન્દ્રી અભિગમ જોવા મળ્યો છે. આટલાં મોટા પાયે ટેકનોલોજીના ઉપયોગને કારણે દેશના નાગરિકોના જીવનમાં સકારાત્મક પરિવર્તન આવ્યું છે. ટેકનોલોજીને કારણે આપણે માણસની ગરિમા પણ વધારી છે. કરોડો ખેડૂતોને માત્ર એક ક્લિકથી નાણાંકીય સહાય મળી જાય છે. લોકડાઉન દરમિયાન ભારતના ગરીબોને પૂરતી અને યોગ્ય સહાય પહોંચી શકી તેનું કારણ ટેકનોલોજી હતું. આજે, દેશના અંતરિયાળ પર્વતીય ગામમાં રહેતી માતા પાસે પોતાના નવજાત શિશુ માટે વધુ સારા વિકલ્પો છે. છેવાડાના ગામડાંમાં રહેતા બાળકો માટે શિક્ષણ વધુ સુગમ બન્યું છે. નાનો ખેડૂત પણ પોતાના પાક અંગે આશ્વસ્ત છે અને સારો બજાર ભાવ મેળવી રહ્યો છે. આ ઉપરાંત, ગણતરીનાં મહિનામાં કેટલાંક લાખ નવા બેન્ક ખાતાઓ ખોલવા, ગરીબોને ડાયરેક્ટ ટ્રાન્સફર ઓફ બેનિફિટ (DBT)ની સુવિધા, ગરીબોને વીમો અને વૃધ્ધાવસ્થામાં પેન્શન, આર્થિક જરૂરિયાતો માટે ભંડોળ એ તમામ યોજનાઓ માત્ર ડિજિટલ ઇન્ડિયાને કારણે શક્ય બની છે. આ ઉપરાંત, માહિતી, શિક્ષણ, સ્વકાળજી, નાણાંકીય સર્વસમાવેશિતા, લઘુ અને કુટિર ઉદ્યોગો, કુદરતી સંસાધનોની જાળવણી અને સ્વચ્છ ઊર્જા જેવા ક્ષેત્રોમાં કેટલીક નવી તકો સર્જાઈ છે. આ ઉપરાંત, શાસનમાં પણ પરિવર્તન આવ્યું છે, જે વધુ પારદર્શક, જવાબદાર, સુગમ અને સહભાગી બન્યું છે. ડિજિટલ ઇન્ડિયા માળખાગત સુવિધાઓ, સેવાઓ, ચીજવસ્તુઓનું ઉત્પાદનથી માંડીને માનવ સંસાધન વિકાસ, સરકારોની સહાયતા અને નાગરિકોને સમર્થ બનાવવાથી માંડીને ડિજિટલ સાક્ષરતાના સંવર્ધન સુધી તકોનું વિશાળ સાયબર વર્લ્ડ બની ગયું છે. આ ઉપરાંત, ડિજિટલ ઇન્ડિયા ભારતીય યુવાનો માટે રોજગાર અને આવક સર્જન કરવા માટે વરદાન સમાન છે. ■

## ડિજિટલ આત્મનિર્ભરતાની દિશામાં...

આપણે આત્મનિર્ભર ભારતની વાત કરીએ છીએ ત્યારે તેનો અર્થ માત્ર આર્થિક આત્મનિર્ભરતા જ નથી. ભારતને આત્મનિર્ભર બનાવવામાં ડિજિટલ આત્મનિર્ભરતાનું પણ મહત્વપૂર્ણ પ્રદાન છે.

**2039**

**સર્વિસ અને બિલ પેમેન્ટ સુવિધાઓ UMANG એપ પર 13 ભાષાઓમાં ઉપલબ્ધ છે. તેમાં 25 કરોડ રજીસ્ટર્ડ યુઝર છે, જેમાં 3.75 કરોડ ડાઉનલોડ થયા છે.**

**કેન્દ્ર અને રાજ્ય સરકારોની બાકીની તમામ સેવાઓને આ પ્લેટફોર્મ પર લાવવાના પ્રયાસ ચાલુ છે**

ભારત 1 **ટ્રિલિયન** ડોલરનું ડિજિટલ અર્થતંત્ર બનવાની દિશામાં જઈ રહ્યું છે.

2025 સુધીમાં **5.5-6 કરોડ** રોજગારની તકો સર્જવાની સંભાવના છે

ભારત સરકારની ડિજિટલ ઇન્ડિયા સ્કીમ હેઠળ દેશના અંતરિયાળ ગામડાંઓમાં ઇન્ટરનેટ પહોંચી રહ્યું છે. માધ્યમોના અહેવાલો પ્રમાણે ચીન અને નેપાળ સરહદ પર આવેલા પિથોરાગઢ વિસ્તાર, જ્યાં અત્યાર સુધી ફોન અને ઇન્ટરનેટ સેવા નહોતી, તેને VSAT દ્વારા ડિજિટલ વિશ્વ સાથે જોડવામાં આવી રહ્યાં છે.

બેન્કિંગ સેવાઓ હવે ફેસલેસ, કોન્ટેક્ટલેસ અને કેશલેસ છે અને UPI દ્વારા ચોવીસ કલાક ચાલે છે.

170થી વધુ બેન્કો હવે BHIM એપ સાથે જોડાઈ ગઈ છે, જે લેવડદેવડનો નવો વિક્રમ સર્જી રહી છે

રૂપે કાર્ડ હવે ગરીબો, ખેડૂતો, મધ્યમવર્ગ અને સમાજના દરેક વર્ગનું માનીતું કાર્ડ બની ગયું છે.

DBT, જનધન-આધાર-મોબાઇલ દ્વારા લાખો લાભાર્થીઓને જરૂરી મદદ પૂરી પાડવી હવે શક્ય બની છે. 2020માં ડિજિટલ લેવડદેવડમાં ભારત વિશ્વમાં પ્રથમ ક્રમે રહ્યું હતું.

## પરિવર્તનની દિશામાં
# નવાં પગલાં

### નેશનલ ડિજિટલ હેલ્થ મિશન:
નેશનલ ડિજિટલ હેલ્થ મિશન અંતર્ગત દરેક ભારતીયને હેલ્થકાર્ડ આપવામાં આવે છે. હેલ્થકાર્ડમાં દર્દીનો ટેસ્ટ રિપોર્ટ, રોગ, ડોક્ટરનું નામ, દવાનું શીડ્યુલ આપવામાં આવ્યું હોય છે.

### ગામડાંમાં ઓપ્ટિકલ ફાઇબર નેટવર્ક:
આ યોજના હેઠળ દેશના છ લાખથી વધુ ગામડાંને 1000 દિવસોમાં ઓપ્ટિકલ ફાઇબરથી જોડવાનો લક્ષ્ય નક્કી કરવામાં આવ્યો છે. 2014 પહેલાં દેશની માત્ર 59 પંચાયતો જ ઓપ્ટિકલ ફાઇબરથી જોડાયેલી હતી. અત્યાર સુધી 1.58 લાખ ગામડાંને ઓપ્ટિકલ ફાઇબરથી જોડવામાં આવ્યા છે.

### નવી સાઇબર સિક્યોરિટી પોલિસી:
નવી નેશનલ સાઇબર સિક્યોરિટી તૈયાર કરવામાં આવી છે. ભારત આ પડકારનો સામનો કરવા સજ્જ છે અને એ પ્રમાણે નવી સિસ્ટમ વિકસાવવામાં આવી રહી છે. નજીકના ભવિષ્યમાં નવી સાઇબર સિક્યોરિટી પોલિસી અમલી બનાવવામાં આવશે.

### લક્ષદ્વિપની ઇન્ટરનેટ કનેક્ટિવિટી:
લક્ષદ્વિપને સબમરીન ઓપ્ટિકલ ફાઇબર સાથે જોડવામાં આવશે. ભારતમાં 1300થી વધુ ટાપુ છે. આમાંના કેટલાંક ટાપુઓ, તેમનાં ભૌગોલિક સ્થાન અને દેશના વિકાસમાં તેમનાં મહત્વને ધ્યાનમાં લઇને નવા ડેવલપમેન્ટ પ્લાન્સ લોંચ કરવાનું કામ ચાલી રહ્યું છે.

## ડિજિટલ ગામડાં
દેશનાં એક લાખ ગામડાંને ડિજિટલ ગામડાં બનાવવામાં આવી રહ્યા છે, જેમાં તમામ આધુનિક સુવિધાઓ ઊભી કરવામાં આવશે. આવા ગામડાંમાં એટીએમ, દુકાનોમાં ડેબિટ કાર્ડ અને ડિજિટલ વોલેટથી પેમેન્ટ માટે ઇન્ટરનેટ સુવિધા હશે. આવા ગામડાંમાં સરકાર મિનિ બેન્ક, મિનિ એટીએમ, હોટેલ બુકિંગ્સ, મોબાઇલ ફોન અને ડીટીએચ રિચાર્જ, મોબાઇલ વાઇ-ફાઇ, હોટ-સ્પોટ્સ જેવી સુવિધાઓ પૂરી પાડી રહી છે.

## ડિજિસેવક
ડિજિસેવક એ દેશના નાગરિકો માટેનું ઓનલાઇન વોલ્યુન્ટરિંગ પ્લેટફોર્મ છે. વિવિધ સરકારી વિભાગો અને એજન્સીઓ આ પ્લેટફોર્મ પર સ્વયંસેવકોને નોકરી પૂરી પાડે છે અને તેઓ પોતાની કુશળતા અને રસને આધારે નોકરી પસંદ કરી શકે છે.

- પ્રધાનમંત્રી ડિજિટલ સાક્ષરતા અભિયાન હેઠળ છ કરોડ લોકોને ડિજિટલી સાક્ષર બનાવવામાં આવી રહ્યા છે. આ અંતર્ગત, તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં અધિકૃત રેશન ડિલર્સ ઉપરાંત આંગણવાડી અને આશા કાર્યકરોને ઇન્ફોર્મેશન ટેકનોલોજી અંગેનું સામાન્ય જ્ઞાન પુરું પાડવામાં આવી રહ્યું છે, જેથી 'પરંપરાગત અર્થતંત્ર'માંથી 'ડિજિટલ અર્થતંત્ર' તરફ આગેકૂચ કરી શકાય.
- ડિજિટલ ઇન્ડિયા પ્રોગ્રામ હેઠળ બનાવવામાં આવેલી MyGov મોબાઇલ એપ નાગરિકોને સમાજ અને સમગ્ર દેશના મુદ્દાઓ અંગે પોતાના અભિપ્રાયો, સૂચનો અને દરખાસ્તો રજૂ કરી શકે છે.
- આધાર, ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર, કોમન સર્વિસ સેન્ટર, ડિજિલોકર, મોબાઇલ આધારિત ઉમંગ સેવા, MyGov દ્વારા શાસનમાં ભાગીદારી, આયુષ્યમાન ભારત, ઇ-હોસ્પિટલ, પીએમ-કિસાન, e-નામ, સોઇલ હેલ્થ કાર્ડ, સ્વયં પ્રભા, નેશનલ સ્કોલરશીપ પોર્ટલ, ઇ-પાઠશાલા વગેરેને કારણે ડિજિટલ ઇન્ડિયા કાર્યક્રમે ભારતીય નાગરિકોના જીવનના તમામ પાસા પર સકારાત્મક અસર કરી છે.
- આંદામાન અને નિકોબારમાં અન્ડર-સી ઓપ્ટિકલ ફાઇબર કેબલ કનેક્ટિવિટીથી 4G મોબાઇલ સર્વિસિસ, ટેલિ-એજ્યુકેશન, ટેલિ-હેલ્થ, ઇ-ગવર્નન્સ અને આઇલેન્ડ ટુરિઝમને વેગ મળશે. આ પ્રોજેક્ટ પાછળ રૂ. 1,224 કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.
- સર્ટિફિકેટ, લાઇસન્સ, આધારકાર્ડ, પાસપોર્ટ, બેન્કિંગ, પેન્શન જેવી અનેક સરકારી સેવાઓની ડિજિટલ સુવિધા કોમન સર્વિસ સેન્ટર્સ (CSE) ખાતે ઉપલબ્ધ છે.

## કોવિડ મહામારી દરમિયાન ડિજિટલ ઇન્ડિયાએ મહત્વની ભૂમિકા ભજવી
આજે દરેક નાગરિક આરોગ્ય સેતુ એપ અને ટેલિમેડિસિન સર્વિસ ઇ-સંજીવનીથી માહિતગાર છે. ડિજિટલ ઇન્ડિયા કાર્યક્રમને કારણે આ શક્ય બન્યું છે. આરોગ્ય સેતુ એ વિશ્વમાં સૌથી વધુ વાર ડાઉનલોડ થયેલી કોન્ટેક્ટ ટ્રેસિંગ એપ છે, જ્યાર ઇ-સંજીવનીએ લાખો દર્દીઓને ઘરે બેઠાં રાહત પૂરી પાડી છે. ઉલ્લેખનીય છે કે કોરોના મહામારી દરમિયાન ગ્રાફિક્સ અને વિડિયો દ્વારા વિશેષ જાગૃતિ ઝૂંબેશની આગેવાની લેનાર MyGov મોબાઇલ એપ ડિજિટલ ઇન્ડિયા અંતર્ગત શરૂ કરવામાં આવી હતી.

# ખેડૂતોના હિતમાં એમએસપીમાં વધારો કરવામાં આવ્યો, અત્યાધુનિક સિસ્ટમ રેલવેમાં મુસાફરોની સલામતી વધારશે



**ખેડૂતોની આવક વધારવા માટે ખરીફ મોસમની પહેલાં લઘુતમ ટેકાના ભાવ (એમએસપી) હોય કે યુરિયાના ક્ષેત્રમાં આત્મનિર્ભર બનવાની પહેલ હોય, રેલવેને અત્યાધુનિક સંદેશાવ્યવહાર સુવિધાઓથી સજ્જ કરીને ટ્રેનોની અથડામણ રોકવાની ટેકનિકને પ્રોત્સાહન આપીને સિગ્નલ પ્રણાલિને સુધારવાની હોય, કે પછી લોકોને બેઘર થતાં રોકવા રાજ્યોને મોડેલ ટેનન્સી કાયદો આપવાનો હોય. કેન્દ્ર સરકાર ખેડૂતોનાં હિતોથી માંડીને રેલવે યાત્રીઓની સલામતી અને ભાડાંના મકાનો માટે કાયદાકીય માળખું જેવી ક્રાંતિકારી પહેલ દ્વારા દેશને નવી દિશા આપી રહી છે. કેબિનેટની બેઠકમાં લેવાયેલાં કેટલાંક મહત્વના નિર્ણયો પર નજર કરીએ:**

## નિર્ણય 1

ખેડૂતોને તેમની ઉપજનું ઊંચું વળતર મળે તે માટે અને તેમની આવક વધારવાના હેતુથી સરકારી ખરીદ સિઝન 2021-22 માટે ખરીફ પાકની એમએસપીમાં વધારો કરવામાં આવ્યો છે.

**અસર:** આનાથી ખેડૂતોને તેમની પડતર પર પથી 65 ટકા સુધીનું વધુ વળતર મળશે કારણ કે કેન્દ્ર સરકાર પડતર પર 50 ટકા નફો ઉમેરીને એમએસપી આપે છે. વીતેલા વર્ષની સરખામણીમાં સૌથી વધુ સૌથી વધુ વધારો તલ પર રૂ. 452 પ્રતિ ક્વિન્ટલ અને તુવેર અને અડદની એમએસપીમાં પ્રતિ કિવન્ટલ રૂ. 300નો વધારો કરવાની ભલામણ કરવામાં આવી છે. મગફળી અને નાઈજર સીડમાં ગયા વર્ષની સરખામણીમાં અનુક્રમે રૂ. 275 અને રૂ. 235નો વધારો કરવામાં આવ્યો છે. કિંમતમાં આટલા ઊંચા તફાવતનું કારણ પાક વૈવિધ્યીકરણને પ્રોત્સાહન આપવાનું છે.

| પાક | MSP 2020-21 | MSP 2021-22 | ઉત્પાદન ખર્ચ (પ્રતિ ક્વિન્ટલ) | MSPમાં વધારો | પડતર પર વળતર (ટકામાં) |
|---|---|---|---|---|---|
| ડાંગર (સામાન્ય) | 1868 | 1940 | 1293 | 72 | 50 |
| ડાંગર (ગ્રેડ A) | 1888 | 1960 | - | 72 | - |
| જવાર (હાઈબ્રિડ) | 2620 | 2738 | 1825 | 118 | 50 |
| જવાર (માલદંડી) | 2640 | 2758 | - | 118 | - |
| બાજરો | 2150 | 2250 | 1213 | 100 | 85 |
| રાગી | 3295 | 3377 | 2251 | 82 | 50 |
| મકાઇ | 1850 | 1870 | 1246 | 20 | 50 |
| તુવેર | 6000 | 6300 | 3886 | 300 | 62 |
| મગ | 7196 | 7275 | 4850 | 79 | 50 |
| અડદ | 6000 | 6300 | 3816 | 300 | 65 |
| મગફળી | 5275 | 5550 | 3699 | 275 | 50 |
| સુરજમુખીના બીજ | 5885 | 6015 | 4010 | 130 | 50 |
| સોયાબીન (પીળું) | 3880 | 3950 | 2633 | 70 | 50 |
| તલ | 6855 | 7307 | 4871 | 452 | 50 |
| નાઇજરસીડ | 6695 | 6930 | 4620 | 235 | 50 |
| કપાસ (મિડિયમ સ્ટેપલ) | 5515 | 5726 | 3817 | 211 | 50 |
| કપાસ (લોંગ સ્ટેપલ) | 5825 | 6025 | - | 200 | - |

# કેબિનેટના નિર્ણયો

## નિર્ણય 2

**નિર્ણય:** યુરિયાના ઉત્પાદનમાં દેશને આત્મનિર્ભર બનાવવાની દિશામાં પહેલ કરતા તેલંગાણામાં રામાગુંડમ ફર્ટિલાઇઝર્સ એન્ડ કેમિકલ્સ લિમિટેડ (RFCL)માટે નવી રોકાણ નીતિ 2012ના વિસ્તરણને મંજૂરી આપી.

**અસર:** 2014માં કેન્દ્રમાં નવી સરકાર આવ્યા પછી નવી રોકાણ નીતિ લાગુ કરવામાં આવી હતી, જે અંતર્ગત 2019 સુધી શરૂ થયેલી ફેક્ટરીઓને પ્રોત્સાહન સબસિડી મળવાની હતી. પણ પછીથી શરૂ થયેલી કંપનીઓને તેનો લાભ નહોતો મળતો. પણ યુરિયાના ઉત્પાદનમાં ભારતને આત્મનિર્ભર બનાવવા સતત થઈ રહેલી પહેલમાં કેન્દ્રએ 2021માં શરૂ થયેલી ફેક્ટરીઓને પણ સબસિડીનો લાભ આપવાનો નિર્ણય કર્યો છે.

- આ પ્લાન્ટથી વર્ષ દરમિયાન 12.70 લાખ મેટ્રિક ટન સ્વદેશી યુરિયાનું ઉત્પાદન થશે. તેનાથી યુરિયાની આયાત ઘટશે અને આત્મનિર્ભર ભારતની દિશામાં એક ડગલું આગળ ભરાયું છે. કેન્દ્ર સરકાર આગામી દિવસોમા પણ આવી યોજનાને પ્રોત્સાહન આપવા આગળ વધી રહી છે, જેથી ભારતમાં જ યુરિયાનું ઉત્પાદન થાય.
- રામાગુંડમ ફર્ટિલાઇઝર્સ એન્ડ કેમિકલ્સ લિમિટેડ (RFCL) રૂ. 6155.06 કરોડનાં રોકાણથી ગેસ આધારિત ગ્રીન ફિલ્ડ નીમ-કોટેડ યુરિયા પ્રોજેક્ટ સ્થાપીને ફર્ટિલાઇઝર કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના જૂના રામાગુંડમ એકમને પુનઃ શરૂ કરી રહી છે.
- આ સુવિધામાં વિશ્વની શ્રેષ્ઠ ટેકનોલોજીનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેથી તેલંગાણા સહિત દક્ષિણ અને મધ્ય ભારતના રાજ્યોની યુરિયાની માગ પૂરી કરી શકાય.
- આ વિસ્તારોમાં રસ્તા, રેલવે, આનુષાંગિક ઉદ્યોગ જેવી માળખાકીય સુવિધા વિકસવાની સાથે સાથે આ વિસ્તારના અર્થતંત્રને પણ પ્રોત્સાહન મળશે.

## નિર્ણય 3



**નિર્ણય:** સલામત અને કુશળ રેલવેની દિશામાં પહેલ કરતા ભારતીય રેલવેને 799 મેગાહર્ટ્ઝ (MHz) ની ફ્રીકવન્સી બેન્ડમાં પાંચ મેગાહટ્ર્ઝ (MHz) સ્પેક્ટ્રમની ફાળવણીને મંજૂરી આપી.

- **અસર:** ભારતમાં 96 ટકા ટ્રાફિક રેલવેના 34,000 કિલોમીટરના ટ્રેક પર હોય છે. તેથી લોકોની સલામતીની ખાતરી રાખવી કોઇ પણ સરકારની મહત્વની જવાબદારી હોય છે. આ વિચાર સાથે કેન્દ્ર સરકારે રેલવેને સ્પેક્ટ્રમ ફાળવવાનું ક્રાંતિકારી પગલું ભર્યું છે.
- **આધુનિક પ્રણાલિ:** અત્યાર સુધી રેલવે 2જી સ્પેક્ટ્રમનો ઉપયોગ કરતી હતી પણ હવે મુસાફરી અને સંદેશાવ્યવહાર વ્યવસ્થાને વધુ સલામત કરવા માટે રેલવેને વધુ 4જી સ્પેક્ટ્રમની ફાળવણી કરવામાં આવી છે. અત્યાર સુધી રેલવેનો સંદેશાવ્યવહાર ઓપ્ટિકલ ફાઇબરથી થતો હતો, પણ હવે અત્યાધુનિક સ્પેક્ટ્રમ મળવાથી તે રેડિયો કમ્યુનિકેશન અને રિયલ ટાઇમ હશે. તેનાથી સિગ્નલ અને સંદેશાવ્યવહાર પ્રણાલિ સુધરશે. વિશ્વની આ આધુનિક પ્રણાલિ હશે.
- **ટ્રેનો નહીં અથડાય:** પ્રવાસીઓની સુવિધા સુનિશ્ચિત કરવા માટે સ્વદેશી બનાવટી 'મેડ ઇન ઇન્ડિયા ટ્રેન કોલાઇઝન એવોઇડન્સ સિસ્ટમ'ને મંજૂરી આપવામાં આવી. એટલે કે બે ટ્રેનોની અથડામણ રોકવા માટેની સિસ્ટમ ચાર ભારતીય કંપનીઓએ બનાવી છે. મેક ઇન ઇન્ડિયાનું આ ઉત્તમ ઉદાહરણ છે. ઓટોમેટિક ટ્રેન પ્રોટેક્શન વ્યવસ્થા હવે રેલવેમાં વધુ મજબૂત કરવામાં આવી રહી છે. 'ઓટોમેટિક ટ્રેન પ્રોટેક્શન અને ટ્રેન કોલાઇઝન એવોઇડન્સ સિસ્ટમ'ને કારણે વાહનવ્યવહારની સલામતી વધશે.

## નિર્ણય 4

**નિર્ણય:** સરકારે મોડલ ટેનન્સી એક્ટ (MTA)ને મંજૂરી આપી, જેના કારણે ભાડૂઆતોની હેરાનગતિ દૂર થશે અને ભાડેથી અપાતા મકાનની સિસ્ટમ સરળ બનશે. આ કાયદો તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને પહોંચાડવામાં આવશે

- **અસર:** આ કાયદો રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો માટે પ્રસિદ્ધ કરવામાં આવી રહ્યો છે જેથી તેઓ વર્તમાન ભાડૂઆત કાયદામાં સુધારો કરી શકે અથવા વર્તમાન કાયદામાં સુધારો કરી શકે.
- દેશભરમાં ભાડાં પર મકાન આપવા અંગેના કાયદાકીય માળખાને સુધારવામાં મદદ મળશે, જેનાથી વિકાસનો માર્ગ મોકળો થશે.
- તેનાથી બેઘર થવાની સમસ્યાનો ઉકેલ આવશે અને દરેક આવક જૂથના લોકોને ભાડાં પર મકાન મળી શકશે.
- મોડલ ટેનન્સી એક્ટને કારણે ખાલી ઘરોને ભાડાં પર ચડાવવા માટે ખોલી શકાશે. તેને કારણે ભાડેથી મકાન આપવાના બજારને વેપાર તરીકે વિકસાવવામાં ખાનગી ભાગીદારી વધશે, જેથી રહેણાંક મકાનોની ભારે અછતને પૂરી કરી શકાય. ■



# રાષ્ટ્રનું આર્થિક એકીકરણ

यद दुरं यद दुराद्यम, यद च दुरै, व्यवस्थितम्,
तत् सर्वम् तपसा साध्यम तपोहिदुर्तिक्रमम ।

**મતલબ કે કોઇ વસ્તુ ગમે તેટલી દૂર હોય, તેને મેળવવી ગમે તેટલી અઘરી કેમ ન હોય, તે ગમે તેટલી પહોંચની બહાર કેમ ન હોય? આકરી મહેનત અને પરિશ્રમ દ્વારા તેને પણ પ્રાપ્ત કરી શકાય છે. ચાણક્યનું આ વાક્ય ભારતમાં આર્થિક ક્રાંતિ લાવનાર જીએસટીની પ્રક્રિયા પર બંધ બેસે છે.**

**કેટલીક ઘટનાઓ રાષ્ટ્રના નિર્માણ માટે ખૂબ ક્રાંતિકારી સાબિત થાય છે. અર્થતંત્ર દેશનું ચાલકબળ છે, જેમાં સમયાંતરે સુધારા જરૂરી બની જાય છે. સરકારે જીએસટી (ગુડ્ઝ એન્ડ સર્વિસિસ ટેક્સ) દ્વારા વેપારીઓ માટે મોટી સરળતા કરી આપી છે. સરકારે 2017માં 30 જૂન અને 1 જુલાઇની મધ્યરાત્રિએ જીએસટી અમલી બનાવીને સમયવાચી તંત્રનું ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું. જીએસટીએ સમગ્ર દેશની દિશા અને અર્થતંત્રને નવું પરિમાણ આપ્યું. ટીમ ઇન્ડિયાએ લીધેલાં આ પગલાંને કારણે દેશને 500 જાતના ટેક્સમાંથી મુક્તિ અપાવી અને આ સાથે ગંગાનગરથી ઇટાનગર સુધી, લેહથી લક્ષદ્વીપ સુધી, 'વન નેશન-વન ટેક્સ'નું સપનું સાકાર કર્યું. કોવિડના સમયમાં પણ સતત સાત મહિનાથી રૂ. એક કરોડથી ઉપર જીએસટી વસૂલાત રહી છે, જે તેની સફળતાની સાબિતી છે.**

બિહારના વૈશાલીમાં રહેતા વેપારી કમલેશ કહે છે, "વેટ કરતા જીએસટી વધુ સારો છે. ટેક્સ ઘટવાથી હવે ગ્રાહકો સુધી સસ્તો સામાન પહોંચી રહ્યો છે. ઘણી કંપનીઓએ તેમનાં ઉત્પાદનોની એમઆરપી ઘટાડી દીધી છે. અમારા વેપારને પણ તેનાથી લાભ થઈ રહ્યો છે." તો સરતાજ કહે છે, સમગ્ર દેશમાં ટેક્સ સમાન થઈ ગયો હોવાથી હવે બિહારનો ગ્રાહક બિહારમાંથી જ સામાન ખરીદે છે. પહેલાં એવું હતું કે બીજા રાજ્યમાં વેટ ઓછો હોય તો સામાન લેવા ત્યાં જવાનું. જીએસટીથી અમારા જેવા દુકાનદારોને પણ લાભ થયો છે. જીએસટી પહેલાં કોઇ બીજા રાજ્યમાંથી માલ મગાવે તો ત્યાં વેટની સાથે બે ટકા સીએસટી આપવો પડતો હતો. હવે દેશમાં ગમે ત્યાંથી માલ લો. આ બહુ ફાયદાકારક છે.

> "જીએસટીને હવે ચાર વર્ષ થઈ ગયા છે. આ ચાર વર્ષમાં તેને પહેલાંની સરખામણીમાં સુગમ અને સરળ બનાવવા અમે અનેક પગલાં લીધાં છે. વેપારીઓ માટે ત્રિમાસિક રિટર્ન અને માસિક ચૂકવણીની સુવિધા હોય કે ઇલેક્ટ્રોનિક ઇન્વોઇસ સિસ્ટમ, અમે જીએસટીને સુધારવા સતત કામ કરી રહ્યા છીએ"
>
> **- નિર્મલા સીતારામન, નાણાં મંત્રી**

**નાણાંકીય વર્ષ 2020-21માં જીએસટીએ કોરોના મહામારીના પરિણામ સામે કવચ પુરું પાડ્યું હતું. કુલ વસુલાત રૂ. 10.71 લાખ કરોડ થઈ હતી, જે અગાઉના નાણાંકીય વર્ષ કરતા 12 ટકા વધુ છે.**

પશ્ચિમ બંગાળના રોશન લોઢા કહે છે, "જીએસટી સમગ્ર દેશ માટે પરિવર્તનકારક સાબિત થયો છે. વર્ષો સુધી તે માત્ર એક સપનું જ રહ્યું. માત્ર એક કર વ્યવસ્થા લાગુ પાડવાથી લોકોને અનેક કર જાળમાંથી મુક્તિ મળી છે. વેપાર કરવો હવે સરળ છે." મધ્યપ્રદેશના નીમચમાં રહેતા સત્યનારાયણ કહે છે, જીએસટીને કારણે પારદર્શિતાની સાથે સાથે પ્રામાણિકતા પણ આવી છે. પહેલાં જે વેપારીઓને માલ વેચવામાં આવતો હતો તેમનું રજીસ્ટ્રેશન નહોતું થતું, તેથી માલ આપ્યા પછી પેમેન્ટનું જોખમ હતું. હવે બધાંનું રજીસ્ટ્રેશન થાય છે. તમામ વ્યવસ્થા ઓનલાઇન છે, ઇ-વે બિલ પણ ઓનલાઇન છે. સિસ્ટમ સરળ થઈ અને ભ્રષ્ટાચાર પર લગામ લાગી ગઈ છે. સાચું કહું તો, હવે સાચા અર્થમાં વેપારીઓને સન્માનપૂર્વક જીવવાનો હક મળ્યો છે. અમદાવાદના વેપારી જયેશભાઇ હવે કોઇ પણ રાજ્યમાંથી માલ ખરીદી શકે છે. બહુ બધાં ફોર્મ ભરવાની ઝંઝટમાંથી મુક્તિ મળી છે. તેઓ કહે છે, અમારા વેપારીઓ માટે હવે પરિવર્તનનું માધ્યમ છે. આને કારણે વેપારીઓની સાથે સાથે ગ્રાહકોને પણ ફાયદો થશે. ઉત્તરપ્રદેશના અલીગઢના વિવેક દીપ માને છે કે, "હવે આપણને કોઇ પણ પ્રકારના નિયંત્રણો વિના વેપાર કરવાની તક મળી છે. જીએસટીથી તમામ પ્રકારની ગેરરીતિઓ નાબૂદ થઈ છે. બજારના એકીકરણથી તંદુરસ્ત સ્પર્ધાને વેગ મળ્યો છે. સ્પષ્ટ શબ્દોમાં કહીએ તો હવે કોઇ છેતરપિંડી કરવાની હિંમત કરી શકે તેમ નથી." વેપારીઓના આ અભિપ્રાયો જીએસટીની સફળતાની સાબિતી આપે છે. એક બાજુ વેપારીઓ તેને બિઝનેસ ફ્રેન્ડલી કહે છે તો બીજી બાજુ, ગ્રાહકોને પણ વસ્તુઓ ઓછા દરે મળે છે. જીએસટીને ચાર વર્ષ પૂરાં થઈ રહ્યા છે ત્યારે તેનો ઘટનાક્રમ અને નડેલાં વિઘ્ન જાણવા જરૂરી બની જાય છે. 1 જૂલાઇ, 2017નાં રોજ મધ્યરાત્રિના સત્ર માટે સંસદને ભવ્ય રીતે શણગારવામાં




### 17 પ્રકારના ટેક્સ, 23 સેસ હતા

## હવે અનેક ફોર્મ ભરવાની ઝંઝટમાંથી મુક્તિ

1 જુલાઇ, 2017નાં રોજ જીએસટીનો અમલ શરૂ થયો એ દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેને 'ગુડ્ઝ એન્ડ સિમ્પલ ટેક્સ' ગણાવ્યો હતો. જીએસટી પહેલાં વેપારીઓએ વિવિધ રાજ્યો અને કેન્દ્ર દ્વારા લાદવામાં આવતા વિવિધ પ્રકારના ટેક્સ ચૂકવવા પડતા હતા. જેમ કે, ફેક્ટરીમાંથી માલ નીકળે એટલે તેનાં પર એક્સાઇઝ ડ્યુટી લાદવામાં આવતી હતી. અનેક ચીજો પર વેપારીઓએ વધારાની એક્સાઇઝ ડ્યુટી લાદવી પડતી હતી. જો કોઇ ચીજ લક્ઝરી આઇટમ્સની કેટેગરીમાં આવે તો તેનાં પર વધારાનો લક્ઝરી ટેક્સ ચૂકવવો પડતો હતો. હોટેલ કે રેસ્ટોરાંમાં કોઇ વસ્તુ પીરસવામાં આવે તો તેનાં પર સર્વિસ ટેક્સ લાદવામાં આવતો હતો. વિવિધ રાજ્યોમાં એક જ પ્રોડક્ટ પર અલગ અલગ દર વસૂલવામાં આવતા હોવાથી કિંમત પણ અલગ અલગ રહેતી હતી. કોઇ વસ્તુ ગ્રાહકના હાથમાં પહોંચે તે પહેલાં ચીજ વસ્તુ કે સેવાઓ પર અનેક પ્રકારના ટેક્સ લાદવામાં આવતા હતા.



**મે, 2021માં સતત આઠમાં મહિનામાં જીએસટી વસૂલાતનો આંક રૂ. એક લાખના આંકને વટાવી ગયો. કોરોના સમયગાળામાં 2020-21માં તે રૂ. 1,02,709 કરોડ હતો, જે અગાઉના નાણાંકીય વર્ષ કરતા 12 ટકા વધુ છે.**

આવી હતી કારણ કે 1 જુલાઇથી જીએસટી અમલી બનવાનો હતો. ગ્રાહકો અને વેપારીઓના લાભ માટે ગેઇમ ચેન્જર સમાન આ ટેક્સ પ્રણાલિનો હેતુ ઉદ્યોગોનો ઉત્પાદન અને પરિવહન ખર્ચ ઘટાડવાનો હતો. દેશના સામાન્ય નાગરિકોને લાભ અપાવનાર, માલના ઉત્પાદન અને તેને બજાર સુધી પહોંચાડવામાં કંપનીઓનો ખર્ચ ઘટાડનાર તથા 17 જાતના ટેક્સ અને 500 સેસની જાળમાંથી મુક્તિ આપનાર જીએસટી ઈતિહાસ બનાવવાનો હતો. તત્કાલીન રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંસદના સેન્ટ્રલ હોલમાં બટન દબાવીને દેશમાં એક સમાન કર પ્રણાલિને લાગુ કરી. આ સાથે જ સમગ્ર ભારત એક

## હવે દેશમાં ચાર નામથી જીએસટી લાગુ

### સેન્ટ્રલ ગુડ્ઝ એન્ડ સર્વિસિસ ટેક્સ

એક જ રાજ્યના બે પક્ષકારો વચ્ચે કોઇ માલનો સપ્લાય થતો હોય તો કેન્દ્રના હિસ્સા તરીકે CGST આપવો પડે છે

### સ્ટેટ ગુડ્ઝ એન્ડ સર્વિસિસ ટેક્સ

એક જ રાજ્યના બે પક્ષકારો વચ્ચે કોઇ માલનો સપ્લાય થતો હોય તો રાજ્યના હિસ્સા તરીકે SGST આપવો પડે છે

### યુનિયન ટેરિટરી ગુડ્ઝ એન્ડ સર્વિસિસ ટેક્સ

એક જ કેન્દ્રશાસિત પ્રદેશના બે પક્ષકારો વચ્ચે કોઇ સોદો થતો હોય તો એ કેન્દ્રશાસિત પ્રદેશના હિસ્સા તરીકે UTGST આપવો પડે છે

### ઈન્ટિગ્રેટેડ ગુડ્ઝ એન્ડ સર્વિસિસ ટેક્સ

અલગ અલગ રાજ્યોના બે વેપારીઓ વચ્ચે કોઇ સોદો થતો હોય તો કેન્દ્ર અને રાજ્ય સરકાર બંનેનો હિસ્સો એક સાથે IGST ના રૂપમાં ચૂકવવો પડે છે. તે કેન્દ્ર સરકારને આપવામાં આવે છે અને પછી તેમાંથી કેન્દ્ર રાજ્યને તેનો હિસ્સો ચૂકવે છે.

### જીએસટીના પાંચ સ્લેબ સાથેની પ્રગતિશીલ સિસ્ટમ

- કિંમત અને સામાજિક આર્થિક માળખાને ધ્યાનમાં રાખીને વિવિધ પ્રકારના ટેક્સ સ્લેબ રાખવામાં આવ્યા છે. જીએસટી દર ગતિશીલ છે, જે પરિસ્થિતિને આધારે બદલાતા રહે છે.
- જીએસટીનું માળખું સરળ છે. જીએસટી સિસ્ટમમાં પાંચ સ્લેબ છે, ટેક્સ ફ્રી સ્લેબ, 12 ટકા સ્લેબ અને 18 ટકા સ્લેબ. શિક્ષણ, આરોગ્ય સહિતની જરૂરી ચીજોને ટેક્સ-ફ્રી રાખવામાં આવી છે. વૈભવી અને નુકસાનકારક ચીજોને 28 ટકાના સ્લેબમાં મૂકવામાં આવી છે.

# વર્ષો સુધી ચર્ચા, સલાહ બાદ 2017માં GSTનો અમલ

- ભારતમાં એક રાષ્ટ્ર-એક કર પ્રણાલિનો વિચાર સૌ પ્રથમવાર વર્ષ 2000માં આવ્યો હતો. એ વખતે કેન્દ્રમાં અટલ બિહારી વાજપેયીની સરકાર હતી.
- 2006 અને 2007ના સામાન્ય બજેટમાં પણ તત્કાલીન કેન્દ્રીય નાણાંમંત્રીએ જીએસટીનો ઉલ્લેખ કર્યો હતો. 2007માં રાજ્યોના નાણાંમંત્રીઓની સંયુક્ત સમિતિની રચના કરી.
- 2008ના બજેટના ભાષણમાં 1 એપ્રિલ, 2010થી સમગ્ર ભારતમાં જીએસટી લાગુ કરવાની વાત કરવામાં આવી, પણ રાજ્યો વચ્ચે સંમતિ ન સધાઈ શકી.
- એક દેશ-એક કરની દિશામાં સૌથી મહત્વનો ફેરફાર શરૂ થયો 2014માં, જ્યારે દેશમાં સત્તા પરિવર્તનની સાથે કડક અને રાષ્ટ્રહિતમાં નિર્ણય લેવાની શરૂઆત થઈ. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં નાણાંમંત્રી અરૂણ જેટલીએ આ દિશામાં મહત્વપૂર્ણ પગલાં લીધાં
- જીએસટી લાગુ કરવા માટે કેન્દ્ર સરકારે ડિસેમ્બર 2014માં 122મો બંધારણીય સુધારા ખરડો રજૂ કરીને કલમ 246, 248 અને 268માં સુધારો કરવાની પ્રતિબદ્ધતા દર્શાવી. મે, 2015માં લોકસભા અને ઓગસ્ટ 2016માં રાજ્યસભામાં તે કોઈ વિરોધ વિના પસાર થઈ ગયો. આ રીતે, બંધારણમાં 101મો સુધારો થયો
- આ વિષય કેન્દ્ર અને રાજ્યો બંનેના અધિકાર ક્ષેત્ર સાથે સંકળાયેલો હોવાથી લોકસભા અને રાજ્યસભા બાદ દેશના અડધાથી વધુ રાજ્યોની વિધાનસભાની બહાલી પણ જરૂરી હતી. આસામ વિધાનસભાએ તેને સૌથી પહેલાં બહાલી આપી હતી.



## બંધારણમાં ફેરફારની જરૂર આટલા માટે હતી

ભારતમાં સમવાયી માળખું હોવાથી કર વસૂલવાનો અધિકાર રાજ્યો અને કેન્દ્ર સરકાર બંનેને હતો. આ અંતર્ગત કેન્દ્ર સરકારને માલના વેચાણ પર ટેક્સ લાગવાનો અધિકાર નહોતો. આ જ રીતે રાજ્યોને સેવાઓ (સર્વિસિસ) પર ટેક્સ લગાવવાનો અધિકાર નહોતો. પણ જીએસટી જોગવાઈ પ્રમાણે કેન્દ્રને ચીજવસ્તુઓના વેચાણ પર ટેક્સ લગાવવાનો અધિકાર આપવો જરૂરી હતો, જે અત્યાર સુધી રાજ્યો પાસે હતો. વળી, કેન્દ્ર પાસે સર્વિસ પર ટેક્સ વસૂલવાનો જ અધિકાર હતો. આમ, સર્વિસ ટેક્સનો હિસ્સો રાજ્યોને ફાળવવાની જરૂર ઊભી થઈ. આમ કરવામાં આવે તો જ કેન્દ્ર અને રાજ્યો પોતાના જીએસટી લાગુ કરી શકે. બંધારણીય સુધારો કરવાનું આ મુખ્ય કારણ હતું.

## જીએસટી કાઉન્સિલઃ ભારતીય સમવાયતંત્રનું ઉત્તમ ઉદાહરણ

જીએસટી બંધારણયી સુધારા પ્રમાણે 60 દિવસની અંદર જીએસટી કાઉન્સિલ નામની બંધારણીય સંસ્થાની રચના કરવી જરૂરી હતી. જીએસટી કાઉન્સિલમાં કેન્દ્ર અને રાજ્યોના સભ્યો હોય છે, જેઓ સરકારને સલાહ આપે છે. કેન્દ્રીય નાણાંમંત્રીને કાઉન્સિલના ચેરમેન તરીકે અને દરેક રાજ્યના નાણાંમંત્રી અથવા તે રાજ્યની સરકાર દ્વારા નિયુક્ત મંત્રીને સભ્ય તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. કાઉન્સિલમાં કેન્દ્ર સરકારને એક તૃતીયાંશ અને રાજ્ય સરકારોને બે તૃતીયાંશ મતાધિકાર આપવામાં આવ્યો છે.

બજાર થઈ ગયું. આંતરરાજ્ય નાકાઓ બંધ કરી દેવામાં આવ્યા. એન્ટ્રી ટેક્સ નાબૂદ થયા પછી શહેરોમાં માલ લાવવો સરળ બની ગયો. વિવિધ રાજ્યોમાં મનોરંજન કરના નામે 35થી 1100 ટકા સુધી ટેક્સ લેવામાં આવતો હતો. જીએસટીથી તેમાં મોટો ઘટાડો થયો. પહેલાં 235 વસ્તુઓ પર 31 ટકા કે તેનાથી વધુ ટેક્સ લાગતો હતો. આમાંથી 10 ચીજોને બાદ કરતાં બાકીની તમામ ચીજો પર ટેક્સ ઘટાડીને 28 ટકા કરી નાખવામાં આવ્યો. એ 10 ચીજો પર પણ ટેક્સ ઘટાડીને 18 ટકા કરવામાં આવ્યો. બહુ ઓછા સમય માટે અનેક સ્તર (સ્લેબ) બનાવવામાં આવ્યા હતા,



# જીએસટી એક, ફાયદા અનેક

### ઉત્પાદનને બદલે હવે વપરાશ પર ટેક્સ

માલનું ઉત્પાદન થાય ત્યારથી તે ગ્રાહકોના હાથમાં પહોંચે ત્યાં સુધી તે કેટલાંક તબક્કામાં પસાર થાય છે. જીએસટીનું એક પાયાનું પાસું એ છે સમગ્ર પ્રોડક્ટ સાઇકલ (ઉત્પાદનથી માંડીને વપરાશ) દરમિયાન ઇનપુટ ક્રેડિટનો સરળ પ્રવાહ રહે છે. ઇનપુટ ક્રેડિટનો અર્થ એ થાય કે આઉટપુર પર ટેક્સ ચૂકવતી વખતે તમારે ઇનપુટ પર અગાઉ ચૂકવી દેવાયેલો ટેક્સ ઘટાડીને બાકીનો ટેક્સ જ ચૂકવવાનો રહે છે.

### હવે આડેધડ ટેક્સ નથી લેવાતો

ભારત હવે સંયુક્ત બજાર થઈ ગયું છે. સમગ્ર દેશમાંથી આંતરરાજ્ય ચેકપોસ્ટ દૂર કરવામાં આવી છે. એન્ટ્રી ટેક્સ નાબૂદ કરવામાં આવ્યો હોવાથી માલની અવરજવર સરળતાથી થઈ શકે છે. જીએસટી પહેલાં કેટલાંક રાજ્યો 35થી 110 ટકા મનોરંજન વેરો વસૂલતા હતા, જેનાં નોંધપાત્ર ઘટાડો કરવામાં આવ્યો છે. રાજ્યોને પ્રથમ પાંચ વર્ષ માટે તેમની આવકમાં 14 ટકાનો વધારો કરી આપવાની ખાતરી આપવામાં આવી હતી. દેશમાં જીએસટી ટેક્સના અમલ માટે દરેક પગલાં પર દેખરેખ અને દિશા નિર્દેશ માટે કાઉન્સિલની રચના કરવામાં આવી છે. 22 સપ્ટેમ્બર, 2016 પછી કાઉન્સિલની કુલ 43 બેઠકો થઈ ચૂકી છે.

### વધારાનો કર બોજ નહીં

અગાઉની કર પ્રણાલિમાં એક જ ચીજ પર વિવિધ પ્રકારના ટેક્સ લાદવામાં આવતા હતા. અનેક ચીજો પર અગાઉ ચૂકવાયેલા ટેક્સ ઉપર ટેક્સ લાદવામાં આવતો હતો. એનું કારણ એ હતું કે અનેક ચીજવસ્તુઓ બે કે તેનાથી વધુ કેટેગરીમાં આવતી હતી. જીએસટીમાં ઇનપુટ ક્રેડિટ સિસ્ટમથી આ સમસ્યાનો ઉકેલ આવ્યો અને ગ્રાહક સુધી પહોંચતી વસ્તુ સસ્તી થઈ.

ઉદાહરણ તરીકે- જો તમે અંતિમ કે વાસ્તવિક વપરાશકાર ન હોવ અને પ્રારંભિક તબક્કામાં જીએસટી ચૂકવી દીધો હોય તો તમે સરકારને જીએસટીની ચૂકવણી કરતી વખતે એ ક્રેડિટનો ઉપયોગ કરી શકો છો. આ ઉપરાંત, તમે દર મહિને જીએસટી રિટર્ન ફાઇલ કરતી વખતે ટેક્સ ક્રેડિટ સિસ્ટમ દ્વારા ક્રેડિટ એડજસ્ટ કરી શકો છો.

### સંપૂર્ણ ઓનલાઇન સિસ્ટમ

જીએસટી નિયમ પ્રમાણે તમામ વ્યવહારોને ઓનલાઇન અપડેટ કરવાના હોય છે. દરેક વ્યવહારની રીસીટ સંબંધિત પક્ષકારે જાળવી રાખવાની હોય છે. તેઓ પોતાની રીસીટ દ્વારા ઇનપુટ ટેક્સ ક્રેડિટ મેળવી શકે છે. જો સોદો મેચ ન થાય તો વિસંગતતા ઓનલાઇન જ પકડાઈ જશે. દરેક તબક્કે જીએસટી જમા કરાવવો જરૂરી હોવાથી ટેક્સ ચૂકવણીની ચેઇન તૂટશે નહીં, કારણ કે કોઇ વેપારી પોતાની ક્રેડિટ ગુમાવવાનું ઇચ્છશે નહીં.

જેથી કોઇ વસ્તુની કિંમત વધી ન જાય. આને કારણે કિંમત વધતી અટક ગઈ. સામાન્ય માણસના વપરાશની વસ્તુની કિંમત શૂન્ય અથવા પાંચ ટકાના સ્લેબમાં લાવવામાં આવી. રિટર્ન અને એસેસમેન્ટ ઓનલાઇન થઈ ગયું અને ઇન્સ્પેક્ટર રાજ નાબૂદ થઈ ગયું. રાજ્યોને પ્રથમ પાંચ વર્ષ માટે દર વર્ષે તેમની આવકમાં 14 ટકા વધારો કરી આપવાની ગેરન્ટી આપવામાં આવી. આ પગલું ભારતની સમાન કર પ્રણાલિને એકસૂત્રમાં બાંધનારું પગલું હતું. આને કારણે



# જીએસટીથી તમામને લાભ

**જીએસટીના અમલથી કર પ્રણાલિમાં પારદર્શિતા અને જવાબદેહિતા વધી છે. આને કારણે સરકાર દ્વારા કર વસૂલાત સરળ બની છે, તો બીજી બાજુ, વેપારીઓ અને ગ્રાહકોને પણ ઘણો લાભ થયો છે.**

## ગ્રાહકોને લાભ



- એક જ ચીજ પર વિવિધ પ્રકારના ટેક્સ નાબૂદ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, અગાઉ ચૂકવી દેવાયેલા ટેક્સ પર બીજો ટેક્સ લાદવાની સિસ્ટમ પણ નાબૂદ કરવામાં આવી હોવાથી ચીજવસ્તુના ભાવ અંકુશમાં રહે છે. જીએસટી અમલી બન્યો તે પહેલાંની સરખામણીમાં ચીજવસ્તુઓના ભાવ ઘટી ગયા છે.
- આવશ્યક ચીજવસ્તુઓ પરનો ટેક્સ રેટ ઘણો નીચો રાખવામાં આવ્યો છે. આને કારણે સામાન્ય માણસ દૈનિક વપરાશની ચીજવસ્તુઓ સસ્તા દરે ખરીદી શકે છે. આનાથી, ગરીબો અને ઓછી આવક ધરાવતા લોકોને રાહત મળી છે.

## વેપારીઓને લાભ



- અગાઉ, કુલ 17 પ્રકારના ટેક્સ હતા. એનો અર્થ એ થયો કે કરદાતાએ 17 રિટર્ન અને 17 એસેસમેન્ટ ફાઇલ કરવાની ઝંઝટમાંથી પસાર થવું પડતું હતું. વળી, તેમના પર ઓક્ટ્રોય નાકા પર એન્ટ્રી ટેક્સનો પણ બોજો હતો. જીએસટીએ આ તમામ પળોજણમાંથી મુક્તિ આપી છે.
- ડોક્યુમેન્ટેશન અને રિટર્ન ફાઇલ કરવાની તમામ પ્રક્રિયા હવે ઓનલાઇન થાય છે. જીએસટીને કારણે વેપારીઓને હવે વારંવાર ટેક્સ ઓફિસ જવાની જરૂર નથી પડતી. ઇનપુટ ક્રેડિટ દ્વારા રિટર્ન રિફન્ડનો પણ લાભ થયો છે.


## સરકારને લાભ



- જીએસટી શાસન પહેલાં ટેક્સના દરો ખૂબ ઊંચા હોવાથી અનેક વેપારીઓ કર ચોરી કરતા હતા. જીએસટીને કારણે દરેક વેપારીએ નોંધણી કરાવવી પડે છે. જીએસટીની પ્રક્રિયાને કારણે કરદાતાઓની સંખ્યા વધી ગઈ છે. અગાઉ બચી જતા વેપારીઓને પણ હવે કર જાળમાં આવરી લેવામાં આવ્યા છે. આને કારણે સરકારની આવક વધી છે. ફાઇલ થતા રિટર્નની સંખ્યામાં પણ વધારો થયો છે.
- ઓનલાઇન સિસ્ટમ દ્વારા જીએસટી રિટર્ન ભરતી વખતે દરેક તબક્કે રીસીટ ટેલી કરવામાં આવે છે. બે રીસીટ વચ્ચે કોઇ વિસંગતતા ન હોય તે પછી જ વેપારીઓને પ્રથમ તબક્કામાં ભરવામાં આવેલો ટેક્સ ક્રેડિટ આપવામાં આવે છે.
- આ રીતે કરચોરીનો અવકાશ રહેતો નથી. આને કારણે કાળા બજાર અને દાણચોરી થવાની સંભાવના પણ રહેતી નથી. હવે, દેશભરમાં દરેક ચીજનો ભાવ સમાન છે.
- જીએસટીને કારણે રાજ્યોને આવકમાં થતા નુકસાનને સરભર કરવા પાંચ વર્ષ માટે કોમ્પેન્સેશન સેસ અથવા જીએસટી સેસ લાગુ કરવામાં આવ્યો છે. પાન મસાલા, તમાકુ અથવા તેની બનાવટો, કોલસો, એરેટેડ વોટર, મોટર કાર પર જીએસટી સેસ લાગે છે.

દેશમાં વેપાર વધ્યો, જીડીપીને નવુ રૂપ મળ્યું અને મોંઘવારીને અંકુશમાં લાવવામા પણ સફળતા મળી. આનું પરિણામ એ આવ્યું કે નાના મોટા વેપારીઓ આજે સરળતાથી વેપાર કરી રહ્યા છે.

સરકારે 2025 સુધીમાં ભારતને પાંચ ટ્રિલિયન ડોલરનું અર્થતંત્ર બનાવવાનો મહત્વાકાંક્ષી લક્ષ્યાંક નક્કી કર્યો છે. જેને હાંસલ કરવામાં જીએસટી મહત્વની ભૂમિકા ભજવશે. ■



હંસા મહેતા

દુર્ગાબાઇ દેશમુખ

# સ્વતંત્રતાથી પ્રજાસત્તાક સુધી માર્ગ દર્શાવનારી વીરાંગનાઓ

**પ્રાચીન ભારત હોય કે આધુનિક ભારત, ભારતની વીરાંગનાઓ કોઇ બાબતમાં પુરુષોથી ઉતરતી નથી. ભારતનો ઈતિહાસ અદમ્ય સાહસ, શૌર્ય અને ઉપલબ્ધિઓથી ભરેલો છે. આઝાદીની લડાઈથી માંડીને નવા ભારતના નિર્માણ સુધીમાં તેમનું યોગદાન અવિસ્મરણીય રહ્યું છે. તેમની આ ભૂમિકાને ક્યારેય ભૂલાવી નહીં શકાય.**

ગુલામીની બેડીઓમાંથી દેશને મુક્ત કરાવવા આઝાદીની લડાઇમાં સામેલ થવાથી માંડીને આધુનિક ભારતના નિર્માણ માટે દિવસ રાત એક કરનારી મહિલાઓને ક્યારેય નહીં ભૂલાવી શકાય. હંસા મહેતા અને દુર્ગાબાઇ દેશમુખનાં નામ આ મહિલાઓમાં સામેલ છે. મહિલાઓને માનવ અધિકારો અપાવવામાં યોગદાન બદલ હંસા મહેતાને વિશ્વની પ્રથમ મહિલા ('ફર્સ્ટ લેડી ઓફ ધ વર્લ્ડ') કહેવામાં આવે છે. હંસા મહેતાએ ભારતના બંધારણનો મુસદ્દો તૈયાર કરવામાં મહત્વની ભૂમિકા ભજવી. આ ઉપરાંત તેમણે સંયુક્ત રાષ્ટ્રના માનવ અધિકારના સાર્વત્રિક ઢંઢેરામાં લિંગ સમાનતાનો આગ્રહ રાખ્યો. દુર્ગાબાઇ દેશમુખે પણ સ્વયંસેવિકા બનીને દેશની આજીવન સેવા કરી. વક્તૃત્વ કળા, સાહસિકતા અને મજબૂત વ્યક્તિત્વને કારણે તેઓ 'જોન ઓફ આર્ક' નામે જાણીતાં થયાં.

## હંસા મહેતાઃ માનવ અધિકારના સાર્વત્રિક ઢંઢેરામાં મહિલાઓને સ્થાન અપાવ્યું



સરોજિની નાયડૂ પાસેથી મહિલા આંદોલનના પાઠ શીખનારાં હંસા મહેતા બહુમુખી પ્રતિભા ધરાવતાં હતાં. સુધારાવાદી, સામાજિક કાર્યકર્તા, શિક્ષણવિદ, સ્વતંત્રતા સેનાની, નારીવાદી અને લેખિકા..તેમનાં પિતા મનુભાઇ મહેતા બરોડા સ્ટેટના દિવાન હતા. તેમણે સ્વતંત્રતા આંદોલનમાં સક્રિય ભાગ લીધો અને 1932 અને 1940માં જેલમાં પણ ગયા. સમાન નાગરિક સંહિતાને તેઓ રાષ્ટ્રીય એકતા માટે જરૂરી માનતા હતા. 1947-48માં સંયુક્ત રાષ્ટ્ર માનવ અધિકાર પંચમાં ભારતના પ્રતિનિધી તરીકે કામ કર્યું હતું અને મહિલાઓને સમાન અધિકારો આપવાની હિમાયત કરી હતી. હંસા મહેતાએ માનવ અધિકારના સાર્વત્રિક ઢંઢેરા (યુનિવર્સલ ડેક્લરેશન ઓફ હ્યુમન રાઇટ્સ)માં 'ઓલ મેન્સ આર ક્રિએટેડ ઇક્વલ'ની જગ્યાએ 'ઓલ હ્યુમન્સ બિઇંગ્સ આર ઇક્વલ' એવો ફેરફાર કરાવ્યો. આંતરજ્ઞાતિય લગ્ન કરવા બદલ ખુદ તેમને પણ વિરોધનો સામનો કરવો પડ્યો હતો.

**ડિસેમ્બર 2018માં સંયુક્ત રાષ્ટ્રના સેક્રેટરી જનરલ એન્ટોનિયો ગુટેરર્સે માનવ અધિકાર મુદ્દે મહત્વપૂર્ણ પ્રદાન બદલ હંસા મહેતાની પ્રશંસા કરી હતી.**

"ભારતની બંધારણ સભાના સભ્ય તરીકે 14 ઓગસ્ટ, 1947ની મધ્યરાત્રિએ સત્તાના હસ્તાંતરણના ઐતિહાસિક પ્રસંગે ભારતની મહિલાઓ વતી રાષ્ટ્રધ્વજ રજૂ કરવાનું ગૌરવ તેમને સાંપડ્યું હતું. તેમણે કન્યાઓને 14 વર્ષની ઊંમર સુધી મફત અને ફરજિયાત શિક્ષણની હિમાયત કરી, જેને હંસા મહેતા સમિતિના સૂચન તરીકે ઓળખવામાં આવે છે. બાળ મજૂરી અને દેવદાસી પ્રથા સામે પણ તેઓ લડ્યાં. મુંબઇની એસએનડીટી યુનિવર્સિટીમાં વાઇસ ચાન્સેલર નિયુક્ત થતાં તેઓ ભારતનાં પ્રથમ વાઇસ ચાન્સેલર બન્યાં. 1949માં બરોડા યુનિવર્સિટીના પ્રથમ વાઇસ ચાન્સેલર બન્યાં. 1950માં તેઓ યુએનના માનવ અધિકાર પંચના વાઇસ ચેરમેન નિમાયાં. ગુજરાતની પ્રથમ નવલકથા 'કરણ ઘેલો'ના લેખક નંદશંકર મહેતાનાં પૌત્રી હંસા મહેતાએ 16 ગુજરાતી અને ચાર અંગ્રેજી પુસ્તકો લખ્યાં, જેમાં શેક્સપિયરના નાટકો, ગુલિવર્સ ટ્રાવેલ્સ અને રામાયણનાં કેટલાંક પ્રકરણોના અનુવાદનો સમાવેશ થાય છે. તેમના પતિ જીવરાજ મહેતા ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી હતા. 1959માં તેમને પદ્મભૂષણ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો. 4 એપ્રિલ, 1995નાં રોજ તેમનું અવસાન થયું.

## દુર્ગાબાઇ દેશમુખઃ 'જોન ઓફ આર્ક' તરીકે પ્રસિધ્ધ થયાં



આંધ્રપ્રદેશમાં 1909માં જન્મેલાં દુર્ગાબાઇને પિતાએ બાળપણથી જ માનવ સેવા માટે પ્રેરિત કર્યા હતા. માત્ર 10 વર્ષની વયે દુર્ગાબાઇએ કાકીનાડામાં મહિલાઓ માટે હિન્દી શાળા સ્થાપી અને તેનું સંચાલન શરૂ કરી દીધું. મોટી વાત એ છે કે ખુદ મહાત્મા ગાંધી, કસ્તુરબા અને સી એફ એન્ડ્રુઝ સાથે આ શાળાનું નીરિક્ષણ કરવા આવ્યા હતા. એ વખતે દુર્ગાબાઇની ઊંમર માત્ર 12 વર્ષ હતી. ગાંધીજી સાથે સંપર્કમાં આવ્યા બાદ તેમની સામે જ વિદેશી કપડાંની હોળી કરી અને પોતાના કિંમતી આભૂષણો દાનમાં આપી દીધાં અને ખુદને સ્વયંસેવિકા તરીકે સમર્પિત કરી દીધી. દુર્ગાબાઇની વક્તૃત્વ કળા ગજબની હતી. તેમનાં સાહસી અને દ્રઢ વ્યક્તિત્વને જોતાં લોકો તેમને 'જોન ઓફ આર્ક' કહીને બોલાવતા હતા. મીઠાના સત્યાગ્રહ દરમિયાન 1930-33 દરમિયાન તેમને ત્રણ વાર જેલમાં જવું પડ્યું. એટલું જ નહીં, ભારતના બંધારણના ઘડતરમાં પણ તેમણે અમૂલ્ય યોગદાન આપ્યું. મહિલાઓની સામાજિક સ્થિતિ સુધારવા માટે તેઓ હંમેશા સક્રિય રહ્યા અને આંધ્ર મહિલા સભા, વિશ્વ વિદ્યાલય મહિલા સંઘ, નારી રક્ષા સમિતિ, નારી નિકેતન સહિત અનેક સંસ્થાઓ સાથે તેમનું નામ જોડાયેલું રહ્યું. તેમણે સમાજ કલ્યાણના વિવિધ કાયદાઓ ઘડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. 1953માં ભૂતપુર્વ કેન્દ્રીય મંત્રી ચિંતામણી દેશમુખ (સી ડી દેશમુખ)સાથે તેમનાં લગ્ન થયા. લગ્ન સમયે તેઓ યોજના પંચના સભ્ય હતાં. આંધ્રપ્રદેશના ગામોમાં શિક્ષણનો પ્રચાર કરવા બદલ તેમને 'નહેરુ સાક્ષરતા પુરસ્કાર'થી સન્માનિત કરવામાં આવ્યા. 9 મે, 1981નાં રોજ 71 વર્ષની વયે હૈદરાબાદમાં તેમનું અવસાન થયું. ■

**1930થી 1933 દરમિયાન મીઠાના સત્યાગ્રહ દરમિયાને તેમને ત્રણ વાર જેલમાં પૂરવામાં આવ્યા હતા**



# ‘એક પૃથ્વી, એક આરોગ્ય’નો મંત્ર

**જી-7 જેવા મહત્વના વૈશ્વિક મંચો પર ભારતની ભૂમિકા વધી રહી છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિશ્વ સમક્ષ ભારતનું વિઝન રજૂ કર્યું હતું અને પોતાની પર્યાવરણ પ્રતિબધ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો. નવા ભારતનું નિર્માણ કરવા માટેનો રોડમેપ તેમની દીર્ઘદ્રષ્ટીમાંથી તૈયાર થયો છે. પર્યાવરણના રક્ષણ માટે દેશની પ્રતિબધ્ધતા એ હકીકત પરથી જણાઈ આવે છે કે જી7 શિખર સંમેલનના એક સપ્તાહ પહેલાં ભારતે પેટ્રોલમાં ઈથેનોલ મિશ્રણનું લક્ષ્ય વહેલો કરીને 2025 કર્યો.**

વિશ્વની સૌથી મોટી લોકશાહી તરીકે ભારત સરમુખત્યારશાહી, આતંકવાદ, ઉગ્રવાદ, દુષ્પ્રચાર અને આર્થિક બળજબરીથી સર્જાયેલા ખતરા સામે સામૂહિક રક્ષણ કરવામાં G7નું સ્વાભાવિક મિત્ર બન્યું છે. છેલ્લાં બે વર્ષમાં પ્રથમ વાર વિશ્વની સાત મોટી આર્થિક સત્તાઓ 12-13 જૂનનાં રોજ એક મંચ પર આવી. અમેરિકા, જાપાન, કેનેડા, ફ્રાન્સ, ઇટલી અને જર્મનીએ બ્રિટનના યજમાનપદે યોજાયેલી કોન્ફરન્સમાં ભાગ લીધો. G7નું વડપણ સંભાળતા બ્રિટને શિખર સંમેલનમાં મહેમાન દેશો તરીકે ભારત, ઓસ્ટ્રેલિયા, દક્ષિણ કોરિયા અને દક્ષિણ આફ્રિકાને આમંત્રણ આપ્યું હતું. આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોન્ફરન્સને વર્ચ્યુઅલ સંબોધન કરતા ઉદ્યોગ, નાગરિક સમાજ અને સરકાર એમ સંપૂર્ણ સમાજના વિઝન સાથે ‘વન અર્થ, વન હેલ્થ’ (એક વિશ્વ એક આરોગ્ય)નો મંત્ર આપ્યો.

## G7માં વડાપ્રધાન મોદીના સંબોધનના મુખ્ય મુદ્દા



### આરોગ્ય અને કોવિડ મહામારી મુદ્દે...

- ‘વન અર્થ-વન હેલ્થ’નો મંત્ર આપતા વડાપ્રધાન મોદીએ કોન્ટ્રાક્ટ ટ્રેસિંગ અને વેક્સિન મેનેજમેન્ટ માટે ભારત દ્વારા ઓપન-સોર્સ ડિજિટલ ટુલ્સના સફળ ઉપયોગ અંગે વાત કરી હતી. તેમણે અન્ય વિકાસશીલ દેશો સાથે પોતાના અનુભવ અને નિપુણતા વહેંચવાની ભારતની ઇચ્છા વ્યક્ત કરી હતી.
- કોરોનાની રસીને પેટન્ટ મુક્ત બનાવવાની દરખાસ્ત કરતા વડાપ્રધાને વૈશ્વિક આરોગ્ય વ્યવસ્થા સુધારવા માટેના સામૂહિક પ્રયાસોને ભારતની સહાયની પ્રતિબધ્ધતા વ્યક્ત કરી હતી. WTO ખાતે ભારત અને દક્ષિણ આફ્રિકાએ કોવિડ સંબંધિત ટેકનોલોજી અંગે TRIPS મુક્તિ માટે કરેલી દરખાસ્ત પર G7 દેશોનો સહયોગ માગ્યો હતો.

## પર્યાવરણીય પ્રતિબદ્ધતા અંગે...

- પૃથ્વીનું વાતાવરણ, જીવવૈવિધ્ય અને સમુદ્રોનું રક્ષણ એવા દેશો દ્વારા ન થઈ શકે જે અલગ અલગ એકમોનાં રૂપમાં પ્રયાસ કરે છે.
- G-20 દેશોમાંથી માત્ર ભારત જ પેરિસ સંધિની પ્રતિબધ્ધતા પૂરી કરી રહ્યું છે. હવે ભારતીય રેલવેએ શૂન્ય પ્રદૂષણનો લક્ષ્ય વર્ષ 2030 સુધીમાં હાંસલ કરવા જણાવ્યું છે.
- ડિઝાસ્ટર રિઝિલન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર એલાયન્સ અને ઈન્ટરનેશનલ સોલર એલાયન્સ એમ બે મોટી વૈશ્વિક પહેલ અત્યંત અસરકારક પુરવાર થઈ રહી છે

## સાયબર સિક્યોરિટી અંગે...

મુક્ત સમાજ દુષ્પ્રચાર અને સાયબર હૂમલાઓના સરળ લક્ષ્યાંક રહ્યા છે. મજબૂત મંચ તરીકે સાયબરસ્પેસ દ્વારા લોકશાહી મૂલ્યોને આગળ વધારવાની જરૂર છે. આ માટે ટેકનોલોજી કંપનીઓ અને સોશિયલ મિડિયા પ્લેટફોર્મ્સ તેમનાં ગ્રાહકો માટે સલામત સાયબર વાતાવરણ સુનિશ્ચિત કરે તે જરૂરી છે.

## પર્યાવરણ દિવસ પ્રસંગે નવી પહેલ

### પેટ્રોલમાં 20 ટકા ઈથેનોલ મિશ્રણનો લક્ષ્ય વહેલો કરીને 2025 કરવામાં આવ્યો

"ભારત વિશ્વનો એક માત્ર એવો દેશ છે જેણે પેરિસ ક્લાઈમેટ કન્વેન્શનમાં નક્કી કરવામાં આવેલા પર્યાવરણીય લક્ષ્યોને હાંસલ કર્યા છે." 13 જૂનનાં રોજ G7ના વૈશ્વિક મંચ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ પુનરોચ્ચાર કર્યો ત્યારે તમામ દેશોએ ભારતને ટેકો આપ્યો હતો. ભારતે અસરકારક નિર્ણય દ્વારા અને હરિત પર્યાવરણ પ્રત્યે કેન્દ્ર સરકારની પ્રતિબધ્ધતાને કારણે આ લક્ષ્ય હાંસલ કર્યું હતું. પર્યાવરણીય સંરક્ષણના મુદ્દાને આગળ ધપાવતા ભારતે 5 જૂને પર્યાવરણ દિવસનાં રોજ 20 ટકા ઈથેનોલ મિશ્રીત પેટ્રોલનું લક્ષ્ય 2030ને બદલે 2025માં પૂરું કરવાની જાહેરાત કરી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશભરમાં ઈથેનોલ ઉત્પાદન અને વિતરણ માટેનો મહત્વાકાંક્ષી E-100 પાયલટ પ્રોજેક્ટ પૂણેમાં લોંચ કર્યો હતો. ઈથેનોલ મિશ્રણનું મહત્વ એ હકીકત પરથી સમજી શકાય છે કે 7-8 વર્ષ પહેલાં ભાગ્યે જ તેની ચર્ચા થતી હતી. પણ હવે ઈથેનોલ 21મી સદીના ભારતની ટોચની પ્રાથમિકતા બની ગયું છે. ઈંધણ તરીકે ઈથેનોલને પ્રોત્સાહન આપવા લેવામાં આવેલા પગલાની પર્યાવરણ તથા ખેડૂતોના જીવન પર સકારાત્મક અસર થઈ છે. ગયા વર્ષે ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ રૂ. 21,000 કરોડનાં મૂલ્યનું ઈથેનોલ ખરીદ્યું હતું. ખેડૂતોને તેનો સૌથી મોટો લાભ થયો હતો. ભવિષ્યમાં પણ ખેડૂતોને તેનો મોટો ફાયદો થશે.

### ઈંધણ તરીકે ઈથેનોલનાં લાભ

હવા પ્રદૂષણમાં મોટો હિસ્સો વાહનોમાંથી નીકળતા ઈંધણનો છે. ઈથેનોલ મિશ્રીત ઈંધણનો ઉપયોગ કરીને કાર્બન મોનોક્સાઈડ પ્રદૂષણને 35 ટકા સુધી ઘટાડી શકાય છે. તેનાથી સલ્ફર ડાયોક્સાઈડ, નાઈટ્રોજન ઓક્સાઈડ અને હાઈડ્રોકાર્બન્સ પ્રદૂષણ પણ ઘટે છે. ઈથેનોલ ઈકો-ફ્રેન્ડલી હોવાથી જીવાશ્મ ઈંધણ કરતાં ઘણું સલામત છે. એટલાં માટે જ વિશ્વ ભવિષ્યનાં ઈંધણ તરીકે ઈથેનોલ અને જૈવિક ઈંધણ તરફ નજર દોડાવી રહ્યું છે.

# ભવિષ્ય પર નજર રાખીને વર્તમાન દાયકા માટે સજ્જ ભારત

ગઈ સદીનો આપણો અનુભવ રહ્યો છે કે કોઈ અન્ય દેશ કોઈ પણ વસ્તુની શોધ કરે તો ભારતે તેનાં માટે વર્ષો સુધી રાહ જોવી પડતી હતી. પણ આજે દેશના વિજ્ઞાનીઓ માણસજાતની સેવા માટે અન્ય દેશો સાથે ખભે ખભા મિલાવીને કામ કરી રહ્યા છે. માત્ર એક વર્ષમાં ભારતમાં નિર્મીત કોરોના રસી તેનું ઉદાહરણ છે. 4 જૂનનાં રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કાઉન્સિલ ઓફ સાયન્ટિફિક એન્ડ ઈન્ડસ્ટ્રીયલ રિસર્ચ (CSIR)ની બેઠકમાં ભાગ લીધો હતો, જેમાં તેમણે ભારતીય વિજ્ઞાનીઓના પ્રયાસોની પ્રશંસા કરી હતી. તેમણે આ દાયકાની અને ભવિષ્યની જરૂરિયાત પૂરી કરવા વૈજ્ઞાનિક જાણકારીને પ્રોત્સાહન આપવાનો સંદેશો આપ્યો હતો. તેમણે જણાવ્યું કે, આ વિકાસને વેગ આપવા માટે ભારત અન્ય દેશોને સોફ્ટવેરથી માંડીને સેટેલાઈટ માટે મદદ કરી રહ્યું છે. આ સ્થિતિમાં દેશનો ધ્યેય હંમેશા બે ડગલાં આગળ હોવો જોઈએ. આજે, ભારત આત્મનિર્ભર બનવા માગે છે અને કૃષિથી માંડીને અવકાશ વિજ્ઞાન, આપત્તિ વ્યવસ્થાપનથી માંડીને સંરક્ષણ ટેકનોલોજી, રસીથી માંડીને વર્ચ્યુઅલ રિયાલિટી, બાયોટેકનોલોજીથી માંડીને બેટરી ટેકનોલોજી એમ દરેક ક્ષેત્રમાં આત્મનિર્ભર અને સશક્ત બનવા માગે છે. આજે સાતત્યપૂર્ણ વિકાસ અને સ્વચ્છ ઊર્જામાં ભારત વિશ્વને માર્ગ ચીંધી રહ્યો છે.

ભારતે 2016માં અરોમા મિશન લોંચ કર્યું હતું અને તેમાં સીએસઆરઆઈએ મહત્વની ભૂમિકા ભજવી હતી. આજે, દેશના હજારો ખેડૂતો ફુલોની ખેતી કરીને તેમનું ભાવિ બદલી રહ્યા છે. ભારત હીંગ માટે હંમેશા અન્ય દેશો પર નિર્ભર રહેતું હતું. પણ હવે દેશમાં જ હીંગની ખેતી શરૂ થઈ ગઈ છે. ■

વડાપ્રધાનના સંપૂર્ણ ભાષણ માટે ક્યુઆર કોડ સ્કેન કરો.



# ટોકિયો માટે તૈયાર

## વિશ્વની સૌથી મોટી રમતગમત સ્પર્ધા માટે સજ્જ થઈ રહેલા ભારતના રમતવીરો







**આધુનિક ઓલિમ્પિક્સના પિતા મનાતા પિયર દ કોબર્ટિને જણાવ્યું હતું કે, ઓલિમ્પિક્સમાં જીતવા કરતા ભાગ લેવો એ વધુ મહત્વનું છે. ઓલિમ્પિક્સનો મુખ્ય હેતુ રમતની ભાવનાને સમજવાનો છે. દેશમાં રમતગમતને પ્રોત્સાહન આપવા લેવામાં આવેલા વિવિધ પગલાં અને રમતવીરોને પૂરાં પાડવામાં આવેલા પ્રોત્સાહનને પરિણામે આ વખતે ટોકિયો ઓલિમ્પિક્સમાં 11 રમતોમાં 100 એથ્લેટ્સ ક્વોલિફાય થયા છે. આ આંક વધી શકે છે, કારણ કે વધુ 25 રમતવીરો ટોકિયો ઓલિમ્પિક્સ માટે ક્વોલિફાય થવાની સંભાવના છે. 2016માં રિયો ડી જાનેરોમાં યોજાયેલી પેરાલિમ્પિક્સમાં 19 ભારતીય રમતવીરોએ ભાગ લીધો હતો. ટોકિયો ઓલિમ્પિક્સમાં 26 પેરા-એથ્લિટ્સ ક્વોલિફાય થયા છે અને વધુ 16 ક્વોલિફાય થવાની સંભાવના છે.**


ઓલિમ્પિક્સ માટેનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે ત્યારે ભારતના રમતવીરો વિશ્વની સૌથી મોટી રમતગમત સ્પર્ધા માટે સજ્જ થઈ રહ્યા છે. ગયા વર્ષે માર્ચ મહિનામાં કોરોનાને કારણે દેશભરમાં લોકડાઉન લાદવામાં આવ્યું હતું. રમતવીરોની સલામતી સુનિશ્ચિત કરવા માટે નેશનલ કેમ્પ સ્થગિત કરવામાં આવ્યા હતા. 24 માર્ચ, 2020નાં રોજ ટોકિયો ઓલિમ્પિક્સ અને પેરાલિમ્પિક્સને સત્તાવાર રીતે મુલતવી રાખવામાં આવ્યા હતા. બીજા વિશ્વયુધ્ધને કારણે 1940 અને 1944માં ઓલિમ્પિક્સ રદ થયાં તે પછી પ્રથમ વાર એવું બન્યું છે કે ઓલિમ્પિક્સ તેનાં નિર્ધારિત વર્ષે ન યોજાયો હોય. ઓલિમ્પિક્સ મુલતવી રહેતાં ભારતના રમતવીરોને મોટો ફટકો પડ્યો હતો કારણ કે તેઓ આ રમતોત્સવમાં જવા માટે સંપૂર્ણ સજ્જ હતા. જુલાઇ-ઓગસ્ટમાં સારા દેખાવ માટે તેમને તૈયાર કરવામાં આવ્યા હતા.

### કેન્દ્ર સરકારે કેટલાંક મહત્વનાં નિર્ણયો લીધા

માર્ચ 2020 પછીનો સમયગાળો રમતવીરો અને વહીવટકર્તાઓ માટે સૌથી પડકારજનક રહ્યો છે. કોવિડ-19ની અણધારી પ્રકૃતિને કારણે રમતવીરોના

> “રમત એ આપણા રાષ્ટ્રીય ચરિત્રના કેન્દ્રમાં છે અને આપણા યુવાનો રમતગમતની મજબૂત અને ધબકતી સંસ્કૃતિ રચી રહ્યા છે. ઓલિમ્પિક્સમાં આપણ યુવાનો ભાગ લઈ રહ્યા છે ત્યારે 135 કરોડ ભારતીયોની શુભેચ્છાઓ તેમની સાથે છે. વૈશ્વિક સ્તરે ચમકી રહેલા દરેક રમતવીર બીજાં હજારો રમતવીરોને રમતગમતમાં પ્રોત્સાહન આપશે. હું જુલાઇ મહિનામાં ભારતની ઓલિમ્પિક્સ ટીમ સાથે વિડિયો કોન્ફરન્સિંગથી જોડાઈશ અને તેમને પ્રોત્સાહન આપીશ અને તમામ ભારતીયો વતી શુભેચ્છા આપીશ.”
>
> **- નરેન્દ્ર મોદી, વડાપ્રધાન**

આરોગ્યની ચિંતાને ધ્યાનમાં રાખતાં કેમ્પ ક્યારે શરૂ કરવા તેના નિર્ણયમાં વારંવાર ફેરફાર કરવાની ફરજ પડી હતી. બાયો-બબલ્સમાં એકલા રહેવું પડતું હોવાથી રમતગમત મંત્રાલય સમક્ષ રમતવીરોનું મનોબળ ટકાવવાનો વધુ એક મોટો પડકાર હતો. રમતવીરોની શક્ય એટલી શ્રેષ્ઠ કાળજી રાખવામાં આવી હતી, પછી એ તેમનાં રૂમમાં જરૂરી મેડિકલ સાધનો હોય કે આરોગ્યની સુવિધા હોય. મહામારીને કારણે એથ્લેટ્સની તાલીમ પર અસર ન પડે તે સુનિશ્ચિત કરવા મંત્રાલયે ખૂબ કાળજી લીધી હતી. 2020માં લોકડાઉન દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી કેટલાંક અગ્રણી રમતવીરોને મળ્યા હતા અને તેમને તાલીમ ચાલુ રાખવા અને ઉત્કૃષ્ટ દેખાવ કરવા પ્રોત્સાહિત કર્યા હતા. રમતવીરોની તાલીમ પર કોઇ અસર ન પડે તે સુનિશ્ચિત કરવા તેમનાં ઘરે તમામ જરૂરી ઉપકરણો પૂરા પાડવામાં આવ્યા હતા, જેથી તેઓ સ્પર્ધા માટે શરીર સૌષ્ઠવ જાળવી શકે. ઓલિમ્પિક્સમાં જનારા રમતવીરોનો તાલીમ માટેનો કિંમતી સમય ન બગડે અને સાથે સાથે સલામતી માટેની જરૂરી સાવધાની પણ રહે તે માટે સરકારે તાલીમ કેન્દ્રોમાં બાયો-બબલ્સની રચના કરી હતી.




યુવા બાબતો અને રમતગમત મંત્રી કિરણ રિજિજુ વિડિયો કોન્ફરન્સિંગ દ્વારા રમતવીરોના સંપર્કમાં રહ્યા હતા અને તેમની તાલીમની જરૂરિયાતો અંગે પૂછપરછ કરીને તેમનું મનોબળ મજબૂત કર્યુ હતું.

## રમતવીરોએ તમામ રમતોમાં સતત ચડિયાતો દેખાવ કર્યો

લગભગ તમામ રમતોમાં આ વર્ષના જાન્યુઆરી મહિનાથી સ્પર્ધાનો પ્રારંભ થઈ ગયો હતો અને ભારતીય રમતવીરોએ તમામ રમતોમાં સતત સારો દેખાવ કર્યો છે. તેમની તાલીમ અને દેખાવ પર અસર ન પડે તે સુનિશ્ચિત કરવા સરકારે કરેલી મદદને કારણે તેઓ સારો દેખાવ કરી શક્યા હતા. મીરાબાઇ ચાનુએ એશિયન ચેમ્પિયનશીપ્સમાં ક્લિન એન્ડ જર્કમાં કાંસ્ય ચંદ્રક મેળવ્યો, તો વિનેશ ફોગટે કુશ્તીની ચાર સ્પર્ધાઓમાં ચાર સુવર્ણ ચંદ્રકો મેળવ્યા. પી વી સિંધુ જેટલી બેડમિન્ટન ટુર્નામેન્ટ જીતી તે તમામમાં સતત સારો દેખાવ કર્યો હતો. આપણા નિશાનેબાજ, તીરંદાજ અને મુક્કાબાજોએ પણ આકર્ષક દેખાવ નોંધાવ્યો હતો. આપણાં કેટલાંક રમતવીરો કોવિડ-19માંથી પણ સાજા થઈ ગયા, જે તેમની શારીરિક સક્ષમતાની સાથે સાથે મજબૂત મનોબળ દર્શાવે છે.

## વડાપ્રધાને રમતવીરોનું રસીકરણ સુનિશ્ચિત કર્યું

કોરોના મહામારીમાં સરકારે રમતવીરોને ઊભા પગે રાખવા તમામ સંભવ પગલાં લીધા. એપ્રિલ મહિનામાં મહામારીની બીજી લહેર આવી અને કેસોની સંખ્યામાં ભયજનક વૃદ્ધિ થઈ ત્યારે સરકારે તાત્કાલિક પગલાં લીધાં અને રમતવીરો તથા ફેડરેશન સાથે સંકલન કરીને ઓલિમ્પિક્સમાં ભાગ લેવા જઈ રહેલાં રમતવીરોના વિઝા જારી કરવાને પ્રાથમિકતા આપી. આમ, સીધા ઓલિમ્પિક્સમાં જઈને ભાગ લેવાને બદલે તેઓ વિદેશ જઈને તાલીમ પણ લઈ શક્યા. અનેક દેશોએ ભારતને રેડ લિસ્ટમાં મૂકવાનું શરૂ કરતાં ભારતે પ્રતિબંધ અમલી બને તે પહેલાં શક્ય એટલા વધુ રમતવીરોને વિદેશમાં મોકલી દીધાં. તેનું એક ઉદાહરણ છે વેઇટલિફ્ટર મીરાબાઇ ચાનુ, જેમને ભારતમાંથી ફ્લાઇટ પર પ્રતિબંધ મૂકાય તે પહેલાં અમેરિકા મોકલી દેવામાં આવ્યા હતા. આવું જ એક ઉદાહરણ નીરજ ચોપરાનું છે, જેમને રમતગમત મંત્રાલયે વિદેશ મંત્રાલય સાથે સંકલન કરીને વિઝાની વ્યવસ્થા કરી આપી જેથી તેઓ વિદેશ જઈને આંતરરાષ્ટ્રીય સ્પર્ધા કરી શકે. વડાપ્રધાને મંત્રાલયનોને નિર્દેશ આપ્યો કે તેઓ સાથે મળીને એ સુનિશ્ચિત કરે કે ટોકિયો જતા રમતવીરોની રસી લેવાઈ જાય. ટોકિયો જઈ રહેલા 99 ટકા રમતવીરોએ રસીનો પ્રથમ ડોઝ અને 75 ટકાએ બંને ડોઝ લઈ લીધા છે. રમતવીરોનું રસીકરણ કેટલું મહત્વનું છે તેની સાબિતી એ છે કે કુશ્તીબાજ વિનેશ ફોગટે તેનો પ્રથમ ડોઝ હંગેરીમાં લીધો હતો, જ્યાં માત્ર સ્થાનિક નાગરિકોને જ રસી આપવામાં આવે છે. ટૂંકમાં એમ કહી શકાય કે ઓલિમ્પિક્સનો પ્રારંભ થશે ત્યારે તમામ ભારતીય રમતવીરોને કોરોના ચેપ લાગવાની નહિવત સંભાવના છે અથવા કોઇ શક્યતા નથી. ■

# અસાલ ઉત્તાડના યુધ્ધના હીરો



**"યુધ્ધ માત્ર શસ્ત્રોથી જ નથી લડાતા, તે માટે દેશ માટે મરવાની હિંમત પણ જોઇએ." દેશના વીર જવાનોએ આ ઉક્તિને હંમેશા યથાર્થ પુરવાર કરી છે. આજે આપણે આવા એક જવાન CQH અબ્દુલ હમીદની વાત કરીએ, જેમણે 1965માં પંજાબના ખેમકરન સેક્ટરમાં એકલા હાથે સાત પાકિસ્તાની પેટોન ટેન્કનો ખુર્દો બોલાવી દીધો. પોતાની ગન માઉન્ટેડ જીપ સાથે અબ્દુલ હમીદે પાકિસ્તાની લશ્કરના ઘુસણખોરીના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો.**

પાકિસ્તાની ટેન્ક રેજીમેન્ટે અમૃતસર પર કબ્જો કરવાના ઇરાદાથી કરવા 8 સપ્ટેમ્બર, 1965નાં રોજ પંજાબના તરણ તારણ જિલ્લામાં ઓપરેશન જીબ્રાલ્ટર શરૂ કર્યું હતું. પાકિસ્તાનની આ નાપાક હરકત એપ્રિલ 1965માં જ શરૂ થઈ ગઈ હતી, જ્યારે તેણે ઓપરેશન 'ડેઝર્ટ હોક' હેઠળ પશ્ચિમી સરહદે કચ્છના રણનો કેટલોક ભાગ પચાવી પાડવાનો પ્રયાસ કર્યો હતો. જો કે તેનો આ બદઇરાદો નિષ્ફળ ગયા પછી કાશ્મીર અને પંજાબમાં અશાંતિ સર્જવાનો પ્રયાસ કર્યો. ભારતીય લશ્કરે તમામ મોરચે પાકિસ્તાનને જડબાંતોડ જવાબ આપ્યો. અમૃતસર પર કબ્જો કરવાના ઇરાદાથી પાકિસ્તાની દળોએ તેમની પેટોન ટેન્કો સાથે આગેકૂચ કરી. 8 સપ્ટેમ્બરનાં રોજ પાકિસ્તાન તેની સંપૂર્ણ રેજીમેન્ટ સાથે આંતરરાષ્ટ્રીય સરહદની અંદર પાંચ કિલોમીટર સુધી ઘુસી આવ્યું. અસાલ ઉત્તાડ ગામ જાણે યુધ્ધનું મેદાન બની ગયું. 4 ગ્રેનેડિયર્સના સૈનિકોએ કપાસ અને શેરડીના ખેતરોમાં તેમની પોઝિશન લીધી હતી. તેઓ પાકિસ્તાની ટેન્કો આગળ વધી રહી હોવાના અવાજો સ્પષ્ટ રીતે સાંભળી શકતા હતા. ક્વાર્ટરમાસ્ટર અબ્દુલ હમીદ રોડથી માત્ર 30 મીટર દૂર ખેતરની વચ્ચે જીપ પર લગાવેલી રિકોઇલલસ ગન સાથે છૂપાયેલા હતા. જેવી પ્રથમ પાકિસ્તાની પેટોન ટેન્ક તેમની શૂટિંગ રેન્જમાં આવી કે તરત જ તેમણે પોતાની આરસીએલ ગનમાંથી ફાયરિંગ કર્યું અને ટેન્કમાં આગ લાગી ગઈ.

106 એમએમની આરસીએલ ગનની રેન્જ 500-600 વાર હોય છે, જે ટેન્કો સામે અત્યંત અસરકારક છે. આરસીએલ ગનની એક ખામી એ છે કે ફાયર થવાની સાથે જ તે ઓળખાઇ જાય છે કારણ કે તેમાં પાછળથી આગ નીકળે છે એટલે ક્યાંથી ફાયરિંગ થયું છે તે દુશ્મનને ખબર પડી જાય છે. આ ગનમાંથી એક કે બે અથવા તો વધુમાં વધુ ત્રણ ફાયરિંગ થઈ શકે છે. તેમ છતાં એ દિવસે હમીદે પાકિસ્તાનની બીજી પેટોન ટેન્ક પણ તોડી નાખી. પાકિસ્તાની સૈનિકો ટેન્ક છોડીને ભાગી ગયા. પણ થોડી વારમાં ફરી હૂમલો કર્યો. અબ્દુલ હમીદે વધુ બે પેટોન ટેન્કનો નાશ કર્યો. ગન-માઉન્ટેડ જીપ દ્વારા ચાર પેટોન ટેન્કો ઉડાવી દેવાનાં સમાચારથી બધાંને આશ્ચર્ય થયું. 10 સપ્ટેમ્બરનાં રોજ પાકિસ્તાને ફરીથી હૂમલો કર્યો. આ વખતે અબ્દુલ હમીદે બે વધુ પાકિસ્તાની ટેન્કોનો ખાત્મો બોલાવ્યો. તેઓ ત્રીજી ટેન્કનું નિશાન લઈ રહ્યા હતા તેવામાં તેમની જીપ દેખાઇ ગઈ. દુશ્મનોએ તેમનાં પર શેલ છોડ્યો, તો હમીદે પણ પેટોન ટેન્ક પર વળતો પ્રહાર કર્યો. આ અથડામણમાં હામીદ શહીદ થયા. પણ તે પહેલાં પાકિસ્તાનની સાતમી ટેન્કને તોડી નાખી. ભારતીય લશ્કરે કુલ 100 પાકિસ્તાની ટેન્કનો નાશ કર્યો. આ નાલેશીભરી હારને પગલે પાકિસ્તાનને 23 સપ્ટેમ્બરનાં રોજ યુધ્ધ વિરામની જાહેરાત કરવાની ફરજ પડી. અબ્દુલ હમીદને ભારતનું સર્વોચ્ચ લશ્કરી સન્માન પરમવીર ચક્ર (મરણોપરાંત) આપવામાં આવ્યું.

હમીદનો જન્મ 1 જુલાઇ, 1933નાં રોજ ઉત્તરપ્રદેશમાં ગાઝીપુરના ધામપુર ગામમાં થયો હતો. તેમના પિતા દરજી હતા અને ઘરની આર્થિક સ્થિતિ સારી નહોતી. હમીદને અભ્યાસ કરતાં વધુ મજા કુશ્તી અને સ્વિમિંગમાં આવતી હતી. 20 વર્ષ પૂરાં થતાં તેઓ ભારતીય લશ્કરમાં જોડાયા. ભારત-ચીન યુધ્ધ દરમિયાન તેમની પોસ્ટિંગ NEFAમાં થઈ. 1965નું યુધ્ધ શરૂ થયું ત્યારે તેઓ રજા પર હતા. તાત્કાલિક ફરજ પર આવવાનો સંદેશો મળતા તેઓ સામાન બાંધવા લાગ્યા. એ વખતે બિસ્તરાની દોરી તૂટી ગઈ. પત્ની રસૂલન બીબીએ તેને અપશુકન માનીને એકાદ દિવસ પછી જવાની વિનંતી કરી. હમીદે કહ્યું, દેશ માટે તો જવું જ પડશે. તેઓ પોતાના ભાઇને કહેતા હતા, પલટનમાં એવા લોકોને બહુ માન મળે છે જેમની પાસે કોઈ ચક્ર (મેડલ) હોય છે. તુ જોજે, હું યુધ્ધમાં એકાદ મેડલ લઈને તો આવીશ જ. 1965ના યુધ્ધમાં તેમને સર્વોચ્ચ વીરતા પુરસ્કાર પરમવીર ચક્રથી નવાજવામાં આવ્યા. તેમની જીપ હજુ પણ યાદગીરી તરીકે સાચવી રાખવામાં આવી છે. વર્ષ 2000માં તેમનાં માનમાં જીપ સાથેની ટપાલટિકિટ જારી કરવામાં આવી હતી. ■






# ઉમદા પહેલ કરનારી ઉદ્યોગ સાહસિક મહિલાઓ

**કોરોનાથી ગંભીર રીતે ચેપગ્રસ્ત દર્દીઓનું જીવન સરળ બનાવવા નવા ઈનોવેશન્સ કરવું અથવા તો અંતરિયાળ વિસ્તારોમાં રહેતા લોકોના ઘરઆંગણે દવાઓ પહોંચાડવી અઘરું કામ છે. પણ અનેક પડકારો છતાં પ્રત્યક્ષા માઝે અને પ્રવાસિની બાટકરે તે શક્ય બનાવ્યું અને અન્ય લોકો માટે ઉદાહરણ પ્રસ્થાપિત કર્યું.**

## પ્રત્યક્ષાએ ઓક્સિજન સપોર્ટવાળા ગંભીર દર્દીઓ માટે અનોખું શૌચાલય બનાવ્યું



મધ્યપ્રદેશના ભોપાલમાં NIFTના વિદ્યાર્થી પ્રત્યક્ષા માઝેએ ઓક્સિજનના સપોર્ટથી જીવતા કોવિડના ગંભીર દર્દીઓ માટે મોબાઇલ ટોઇલેટ બનાવ્યું છે. આનાથી, ઘર કે હોસ્પિટલમાં પથારીગ્રસ્ત દર્દીઓને લાભ થશે. પ્રત્યાક્ષાને આવું ટોઇલેટ બનાવવાનો વિચાર તેના કોરોનાગ્રસ્ત પિતાને જોઇને આવ્યો. પ્રત્યક્ષા આગામી દિવસોમાં મોબાઇલ ટોઇલેટ બનાવવાની ટેક્નોલોજીની જાણકારી હોસ્પિટલો અને જરૂરિયાતમંદ લોકોને આપવા માગે છે.

આ ટોઇલેટ તમામ બાજુથી ઢંકાયેલું હોય છે અને તેને બનાવવાનો ખર્ચ રૂ. 25,000 થાય છે. પ્રત્યક્ષા કહે છે, "મેં આ ટોઇલેટ ઓક્સિજન સપોર્ટ પર રહેલા દર્દીઓ માટે બનાવ્યું છે, જેને વોર્ડમાં પણ રાખી શકાય. આ મોબાઇલ ટોઇલેટ વ્હિલચેરના આકારનું છે અને વાપરવામાં ખૂબ સરળ છે."

## ઓડિશાની મહિલા રાજ્યના આદિવાસી પટ્ટામાં ઘેર ઘેર દવાઓ પહોંચાડે છે



ઓડિશાના કંધમાલ જિલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં આદિવાસી સમુદાય સુધી દવાઓ પહોંચાડવી ખૂબ પડકારજનક કામ છે. પણ પોતાની પ્રતિબધ્ધતાને કારણે પ્રવાસિની બાટકરે આ કામ શક્ય બનાવ્યું છે. વિવિધ પડકારો અને અવરોધોને પાર કરીને તે આદિવાસી લોકોને તેમના ઘર આંગણે દવાઓ પહોંચાડે છે. કુપોષણમુક્ત ગામ પ્રોજેક્ટમાં પણ તેણે મહત્વની ભૂમિકા ભજવી છે, જેનાથી 21,000 ગામડાંને ફાયદો થયો છે. તેનાં આ કામને કારણે સ્થાનિક લોકો તેની પ્રશંસા કરતા થાકતા નથી. જીબિકા સુરક્ષા મંચના હેલ્થ-કિટ ઇન્ટરવેન્શન પ્રોગ્રામ હેઠળ કામ કરતી પ્રવાસિનીનો હેતુ લોકોને ઘેરબેઠાં દવાઓ પૂરી પાડીને તેમના જીવનધોરણમાં સુધારો કરવાનો છે. તેણે લોકોને આરોગ્ય અંગે શિક્ષીત કરવાનું ઉમદા કામ હાથ ધર્યું છે. તે મહિલાઓને ગર્ભપાતની આડઅસર અંગે પણ જાગૃત કરે છે. ■

# ક્વિઝ કોર્નર

## સાચા જવાબ ન્યૂ ઇન્ડિયા સમાચારના આ અંકમાં જ છુપાયેલા છે

1)કોની સ્મૃતિમાં રાષ્ટ્રીય ડોક્ટર દિવસ મનાવવામાં આવે છે?

- ☐ a) ડો. સી વી રામન
- ☐ b) ડો. હોમી જહાંગીર ભાભા
- ☐ c) ડો. બિધાનચંદ્ર રોય
- ☐ d) ડો. એપીજે અબ્દુલ કલામ

2) ભારતમાં હાલમાં કેટલાં માન્યતાપ્રાપ્ત સ્ટાર્ટઅપ્સ છે?

- ☐ a) 20,000
- ☐ b) 30,000
- ☐ c) 40,000
- ☐ d) 50,000

3. કોવિડ સામેની લડાઈમાં વ્યસ્ત ફ્રન્ટલાઇન વર્કર્સને સરકાર કેટલું વીમા કવચ આપી રહી છે

- ☐ a) રૂ. 15 લાખ
- ☐ b) રૂ. 25 લાખ
- ☐ c) રૂ. 40 લાખ
- ☐ d) રૂ. 50 લાખ

4. ભારતમાં 2019ની સરખામણીમાં ઓક્સિજન ઉત્પાદનમાં કેટલો ગણો વધારો થયો છે?

- ☐ a) 2 ગણો
- ☐ b) 5 ગણો
- ☐ c) 10 ગણો
- ☐ d) 20 ગણો

5) દેશના કેટલાં ગામડાંને ડિજિટલ બનાવવામાં આવી રહ્યા છે?

- ☐ a) એક લાખ
- ☐ b) 50,000
- ☐ c) બે લાખ
- ☐ d) 75,000

6. 1000 દિવસોમાં ઓપ્ટિકલ ફાઇબરથી કેટલાં ગામડાંને જોડવાનું આયોજન છે?

- ☐ a) 6 લાખથી વધુ
- ☐ b) 3 લાખ
- ☐ c) 2 લાખ
- ☐ d) 5 લાખ

7. UMANG એપ પર કેટલી સેવાઓ અને પેમેન્ટ સુવિધાઓ ઉપલબ્ધ છે?

- ☐ a) 1980
- ☐ b) 1751
- ☐ c) 1458
- ☐ d) 2039

8. 1 જુલાઇએ જીએસટીને કેટલાં વર્ષ પૂરા થયાં ?

- ☐ a) 2
- ☐ b) 3
- ☐ c) 4
- ☐ d) 6

9. પેટ્રોલમાં ઇથેનોલના 20 ટકા મિશ્રણનો લક્ષ્ય 2030માંથી કયું વર્ષ કરવામાં આવ્યું છે?

- ☐ a) 2022
- ☐ b) 2028
- ☐ c) 2025
- ☐ d) 2027

10. ટોકિયો ઓલિમ્પિક્સ ક્યારે શરૂ થાય છે?

- ☐ a) 23 જુલાઇ
- ☐ b) 30 જુલાઇ
- ☐ c) 8 ઓગસ્ટ
- ☐ d) 15 ઓગસ્ટ

**તમારા જવાબ response-nis@pib.gov.in પર મોકલી શકો છો. સાચા જવાબ આપનારા પ્રથમ પાંચ વાચકોના નામ મેગેઝીનના આગામી અંકમાં પ્રસિધ્ધ કરવામાં આવશે.**



**Narendra Modi** @nare...
प्रधानमंत्री गरीब कल्याण अन्न योजना को अब दीपावली तक आगे बढ़ाया जाएगा। महामारी के इस समय में सरकार गरीब की हर जरूरत के साथ उसका साथी बनकर खड़ी है।

यानि नवंबर तक 80 करोड़ से अधिक देशवासियों को हर महीने तय मात्रा में मुफ्त अनाज उपलब्ध होगा।



**Rajnath Singh** @rajnathsingh ·
पिछले पांच-सात सालों में, BRO ने उल्लेखनीय उपलब्धियाँ हासिल की हैं। वह चाहे नए-नए विश्वस्तरीय निर्माण कार्यों जैसे 'अटल टनल, रोहतांग' का लोकार्पण हो, कैलाश मानसरोवर यात्रा के लिए नए मार्ग का निर्माण हो, BRO ने लगातार नए रिकॉर्ड कायम किए हैं।



**Amit Shah** @AmitShah ·
Important decisions taken by Modi govt to further enhance the safety and security of train operations in India.

• Indigenously developed 'Train Collision Avoidance System'.

• Allotment of 5 MHz spectrum in 700 MHz frequency band for public safety.
pib.gov.in/PressReleasePa...



**Nitin Gadkari** @nitin_...
Six laning of road to Kottukulangara from Kollam Bypass on New NH 66 (old NH 47) has been approved with a budget of 2835.24 Cr in the state of Kerala under Bharatmala Pariyojana.
#PragatiKaHighway



**Nirmala Sitharaman**
The much awaited e-filing portal 2.0 was launched last night 20:45hrs.

I see in my TL grievances and glitches.

Hope @Infosys & @NandanNilekani will not let down our taxpayers in the quality of service being provided.

Ease in compliance for the taxpayer should be our priority.



**Ravi Shankar Prasad**
Social media platforms have a social,moral responsibility towards their users especially on sensitive issues.Double standards of these companies are unacceptable as they abide similar rules in other countries. My interview with @EconomicTimes @SurabhiA_ET
bit.ly/3g6pEjD

# India natural ally of G7 in taking on global challenges: PM Modi

TRIBUNE NEWS SERVICE



NEW DELHI, JUNE 13
Prime Minister Narendra Modi said India was a natural ally of G7 as it sought to build quality and sustainable infrastructure to rival China's "one belt, one road" initiative and maintain a free and rule-based Indo-Pacific.

fil its promise of setting aside $100 billion annually to fund fight against climate change.

Senior MEA official Dammu Ravi at a special media briefing said: "The UK's choice of inviting us as a guest country is well-calibrated. Our shared values make us natural partners with the G7 to better respond to global challenges. Our par-

# Modi: India fast emerging as leader of climate justice

Launches E-100 pilot project in Pune for production of ethanol



VIBHA SHARMA

NEW DELHI, JUNE 5
India will achieve the target of 20 per cent ethanol blending in petrol by 2025, Prime Minister Narendra Modi today said, adding that the government has advanced the target date by five years. The earlier target was 2030.

The PM said 11 sectors had been identified to make good use of resources by recycling them through modern technology.

"The action plan for 'Kachra to kanchan campaign', which will have all regulatory and development related aspects, will ... mented in coming ... he said, addressing ... to mark World Env... Day organised by ... of Petroleum and Gas and Environme... and Climate Chang...

"India is setting a... to the world that it is ... sary to stop develo... protect the environ... PM said. Till 2014, ... age only 1.5 per cent was being blended



Boatmen take part in 'Clean River Narmada' campaign on World Environment Day in Jabalpur. PTI

**COUNTRY'S GREEN FOOTPRINT**

- India advances 20% ethanol blending in petrol to 2025
- Kachra to Kanchan ...
- Capacity of solar energy up by 15 times in past 6 yrs
- Ujjwala scheme reduced ...

**'ECONOMY AND ECOLOGY CAN GO TOGETHER'**

India is setting an example to the world that it is

{ ON WORLD ENVIRONMENT DAY }

# Ethanol blend deadline advanced to 2025: Modi

HT Correspondent
letters@hindustantimes.com



**NEW DELHI:** India will advance by five years to 2025, its deadline for blending 20% ethanol in petrol (E20). Prime Minister Narendra Modi reiterated on Saturday on the occasion of World Environment Day, even as he listed other

in 2018-19 and 2019-20. The import bill, however, fell to $62.7 billion in 2020-21, because the first wave of Covid-19 pandemic and consequent 68-day lockdown (since March 25, 2020) that devastated its economy, leading to a contraction in consumption of

# Ecology & economy can go together: PM

TIMES NEWS NETWORK



**New Delhi:** PM Modi on Saturday said both economy and ecology can go together and this is the path India has chosen to set an example to the world through its multiple actions. Speaking on the occasion of World Environment Day, the PM said it is not necessary to stop development for protecting the envi-

# Modi may travel to US for Quad summit

TIMES NEWS NETWORK



**New Delhi:** Prime Minister Narendra Modi could travel to the US in the fall of 2021, Covid-19 permitting, for the first in-person Quad summit to be

ber. The Quad summit was actually announced by Biden's Indo-Pacific czar Kurt Campbell to a US think-tank, Centre for New American Security (CNAS), a few days ago.

The goal, Campbell said, was "for an in-person Quad

has been selected for the job. Campbell indicated the project was "on track" despite the huge Covid-19 surge in India.

Sources said the effort currently was on two fronts — first, to increase Biological E's capacities with funding from Japan

RNI No. :
DELGUJ/2020/78810
July 1-15, 2021


NEW INDIA
SAMACHAR
FORTNIGHTLY

RNI Registered No DELGUJ/2020/78810, Delhi Postal License No DL(S)-1/3554/2020-22, WPP NO U (S)-102/2020-22, posting at BPC, Meghdoot Bhawan, New Delhi - 110 001 on 26-30 advance Fortnightly (Publishing Date June 17, 2021, Pages - 44)

# ભગવાન જગન્નાથજીની રથયાત્રા

## 12-20 જુલાઇ, 2021

नीलाचलनिवासाय नित्याय परमात्मने ।
बलभद्रसुभद्राभ्यां जगन्नाथाय ते नमः ॥
जगदानन्दकन्दाय प्रणतार्तहराय च ।
नीलाचलनिवासाय जगन्नाथाय ते नमः ॥



Gujarati

"ભગવાન જગન્નાથજીની રથયાત્રાના પાવન અને પુનિત અવસર પર આપ તમામને મારી શુભકામના. શ્રધ્ધા અને ભક્તિસભર આ રથયાત્રા દેશવાસીઓના જીવનમાં સુખ, સમૃધ્ધિ, સૌભાગ્ય અને આરોગ્ય લઈને આવે એવી મારી અભ્યર્થના. જય જગન્નાથ."

-નરેન્દ્ર મોદી, વડાપ્રધાન

**Editor**
**Jaideep Bhatnagar**,
Principal Director General,
Press Information Bureau, New Delhi

**Published & Printed by:**
**Satyendra Prakash**, Principal Director General, BOC on behalf of Bureau of Outreach and Communication

**Published from Bureau of**
**Room No–278, Bureau of Outreach and Communication, 2nd Floor, Soochna Bhawan, New Delhi -110003**

**Printed at** Viba Press Pvt Ltd. C66/3, Okhla , Ind Area Phase-II, New Delhi 20